BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

દ્વિતીય વર્ષ BA અર્થશાસ્ત્ર

પેપર ૪ (મુખ્ય તથા ગૌણ)

ECOM 204/ ECOS 204

## ગુજરાતનું અર્થતંત્ર



# ગુજરાત પ્રદેશનો પરિચય

1

# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ.બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં ગુજરાત સરકાર શ્રી એ ઇ.સ. 1994 માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વ વિદ્યાલય ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ર્ડા. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારીત્ર્ય ઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે.બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્ર નિર્માણમાં પોતાનું પ્રદાન આપેએ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટી એ કેન્દ્રમાં રાખીને અહી પ્રવેશ કરતા છાત્રોને સ્વ અધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવો પાઠ્યપુસ્તકો નિષ્ણાંત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈપણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસ સામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામા આવે છે. એ પછી જ માળખુ રચી, અભ્યાસ સામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાંત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણપહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

અસ્તુ !


પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય

કુલપતિ

ડૉ.બાબાસાહેબઆંબેડકરઓપનયુનિવર્સિટી,

જ્યોતિર્મયપરિસર સરખેજ-ગાંધીનગર હાઈવે

છારોડી, અમદાવાદ.

સંપાદકઃ

પ્રો. ડો. અમી ઉપાધ્યાય, નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોસિયલ સાયન્સીસ, કુલપતિ, ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

ડૉ. કૃતિ છાયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ

જીવરાજ ઝાંપડિયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

---

વિષય સમિતિઃ

ડૉ. કૃતિ છાયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

ડૉ. ગીતા પંડ્યા, પ્રિન્સિપાલ (નિવૃત્ત), સરકારી વિનયન કોલેજ, કે. કે. શાસ્ત્રી શૈક્ષણિક સંકુલ, મણિનગર, અમદાવાદ.

ડૉ. ગૌરાંગ રામી, પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ, સાઉથ ગુજરાત યુનિવર્સિટી, સુરત

---

વિષય પરામર્શનઃ

ડો.રોહિત દેસાઇ ડી.ડી.ઠાકર આર્ટસ એન્ડ કે.જે.પટેલ કોમર્સ કોલેજ,ખેડબ્રહ્મા

ડૉ. ગીતા પંડયા પ્રિન્સિપાલ (નિવૃત્ત), સરકારી વિનયન કોલેજ, કે. કે. શાસ્ત્રી શૈક્ષણિક સંકુલ, મણિનગર, અમદાવાદ

---

લેખનઃ

ડૉ. સુરેશ પરડવા આસિસ્ટન્ટ પ્રોફેસરઅર્થશાસ્ત્ર વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

જીવરાજ ઝાંપડીયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

ડો. કલ્પેશ કણઝારીયા, આસિસ્ટન્ટ પ્રોફેસર,એસ.એસ પી જૈન આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ,ધાંગધ્રા

ડૉ. કૃતિ છાયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

---

ભાષા પરામર્શનઃ

ડો.ધ્વનિલ પારેખ,મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, ગુજરાત વિદ્યાપીઠ, સાદરા

પ્રો. ડો. યોગેન્દ્ર પારેખ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

---

પ્રકાશકઃ ડૉ. ભાવિન ત્રિવેદી, કુલસચિવ (કાર્યકારી), ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

---

**ISBN: 978-93-91468-08-8**

**: સર્વાધિકાર સુરક્ષિત :**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વ-અધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસક્રમ-સામગ્રીનો કોઇ પણ સ્વરૂપમાં ધંધાદારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

This publication is made available under a Creative Commons Attribution-NonCommercial-ShareAlike 4.0 International (CC BY-NC-SA 4.0)
https://creativecommons.org/licenses/by-nc-sa/4.0/

All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means without permission in writing from Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad. While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this learning material. Readers are requested to kindly notify missing attribution, if any.

# વિભાગ

# 1

## ગુજરાત પ્રદેશનો પરિચય

| | |
|---|---|
| એકમ-1 પ્રાદેશિક અર્થશાસ્ત્રનો અર્થ, અભ્યાસનું મહત્વ | 7 |
| એકમ-2 પ્રાદેશિક અર્થશાસ્ત્ર - II | 17 |
| એકમ-3 ગુજરાત પ્રદેશનો પરિચય - I | 31 |
| એકમ-4 ગુજરાત- રાજકીય અને વહીવટી | 39 |

## દ્વિતીય વર્ષ બીએ(મુખ્ય અને ગૌણ)

## પેપર 4 - ગુજરાતનું અર્થતંત્ર

| એકમ સંખ્યા | એકમનું નામ | સમાવિષ્ટ મુદ્દાઓ |
|---|---|---|
| 1 | પ્રાદેશિક અર્થશાસ્ત્ર-I | પ્રદેશ એટલે શું?, પ્રાદેશિક અર્થતંત્રના અભ્યાસનું મહત્વ |
| 2 | પ્રાદેશિક અર્થશાસ્ત્ર-II | પ્રદેશોના જુદાજુદા પ્રકારો, પ્રાદેશિક આવક, પ્રાદેશિક વિકાસના નિર્દેશકો,રાજ્યનું ઘરગથ્થુ ઉત્પાદન |
| 3 | ગુજરાત પ્રદેશનો પરિચય- I | ગુજરાતનું ભૌગોલિક સ્થાન, ગુજરાતનાં કુદરતી પર્યાવરણીય પાસાંઓ, પ્રદૂષણની સ્થિતિ |
| 4 | ગુજરાત પ્રદેશનો પરિચય-II | ગુજરાત રાજકીય અને વહીવટી (રાજકીય ઈતિહાસ, જીલ્લાઓ, વહીવટી વિભાગોનો પરિચય ટૂંકમાં, સમવાયતંત્ર – પરિચય) |
| 5 | ગુજરાતનું કૃષિ ક્ષેત્ર – જમીન | ગુજરાતની જમીનના પ્રકાર, ખેડવાલાયક જમીનનું પ્રમાણ, લેવાતા પાકો, કૃષિ પદ્ધતિ, |
| 6 | પાક | ગુજરાતના મુખ્ય પાક, ઉત્પાદનનું પ્રમાણ અને તેમાં ફેરફારો (વલણ/trend), |
| 7 | ખેતી વિકાસ અને યોજનાઓ | ગુજરાતની ખેતીની સમસ્યાઓ, વિકાસ અને સહાય યોજનાઓ ( રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર) |
| 8 | ગુજરાતનું ઉદ્યોગ ક્ષેત્ર | ગુજરાતના ઉદ્યોગો, સ્થાનીયકરણ, ઔદ્યોગિક ઉત્પાદન, |
| 9 | ઔદ્યોગિક વિકાસ અને યોજનાઓ | ઔદ્યોગિક વિકાસની તકો, ઔદ્યોગિક વિકાસના અવરોધો, વિકાસ અને સહાય નીતિ |
| 10 | ગુજરાતમાં શિક્ષણ | સ્થિતિ, સમસ્યાઓ, ખાનગીકરણ, જાહેર નીતિ |
| 11 | ગુજરાતમાં સ્વાસ્થ્ય સુવિધાઓ | સ્થિતિ, સમસ્યાઓ, ખાનગીકરણ, જાહેર નીતિ |
| 12 | પરિવહન સુવિધાઓ | રેલમાર્ગ, રસ્તા, હવાઈ ઉડ્ડયન, જળમાર્ગ- વગેરેની સ્થિતિ, સમસ્યાઓ, ભાવિ વિકાસની તકો |
| 13 | સંદેશા વ્યવહાર અને બેકિંગ | સંદેશાવ્યવહાર, બેકિંગ વગેરેની સ્થિતિ, સમસ્યાઓ, ભાવિ વિકાસની તકો |
| 14 | ગુજરાતનો વેપાર | અન્ય રાજ્યો સાથે (આંતરરાજ્ય) અને અન્ય દેશો સાથેના (આંતરરાષ્ટ્રીય) વેપારમાં ગુજરાતનો ફાળો |
| 15 | ગુજરાતની વસ્તી વિષયક રૂપરેખા | ગુજરાતની વસ્તી, વસ્તીનાં લક્ષણો, જન્મદર, મૃત્યુદર, વસ્તીવૃદ્ધિ દર |
| 16 | શહેરીકરણ અને ગુજરાતનાં શહેરો | શહેરની વ્યાખ્યા, શહેરીકરણની વ્યાખ્યા, શહેરીકરણના કારણો, અસરો, ગુજરાતનાં શહેરો |
| 17 | ગુજરાતનાં મહત્વનાં શહેરો | ગુજરાતનાં મહત્વનાં શહેરો, શહેરીકરણની તરાહ અને તેની આર્થિક વિશેષતાઓ |

## Second Year BA (Main and Subsidiary)

## Paper 4- Economy of Gujarat

| Srl No. | Title of Unit | Included Points |
|---|---|---|
| 1 | Regional Economy - I | What is Region? Importance of Study of Regional Economy |
| 2 | Regional Economy - II | Types of Region, Regional Income, Indicators of Regional Development, State Domestic Production |
| 3 | Introduction of Gujarat State as Region- I | Geographical Position of Gujarat, Natural Environmental Aspects of Gujarat, Status of Pollution |
| 4 | Introduction of Gujarat State as Region- II | Gujarat – Political and Administrative (Political History, Districts, Introduction to Administrative departments, federal System) |
| 5 | Agriculture Sector of Gujarat- Land | Types of Land, Arable Land, Agriculture crops and cropping pattern |
| 6 | Agriculture Crops | Main Crops, Production, trends in Production |
| 7 | Agriculture development and Schemes | Problems in agriculture development, Government schemes and planning (State and Central) |
| 8 | Industry sector of Gujarat | Industries in Gujart, Location, Industrial Production |
| 9 | Industrial Development and Schemes | Scope for Industrial development, Problems in industrial development, Government aid and policies. |
| 10 | Education in Gujarat | Status, Problems, Privatisation and Public Sector policy |
| 11 | Health facilities in Gujarat | Status, Problems, Privatisation and Public Sector policy |
| 12 | Transportation Facilities | Railway, Roads, Aviation and Waterways-Status, Problems, Scope for Future Development, Public Sector policy |
| 13 | Communication and Banking | Communication and Banking – (Status, Problems, Scope for Future Development) |
| 14 | Trade of Gujarat | Trade with Other States of India and International Trade. Contribution of the State. |
| 15 | Demographic Profile of Gujarat | Population of Gujarat, Characteristics of Population, Birt rate, Death rate, Population growth rate. |
| 16 | Urbanisation and Cities of Gujarat | Definition of an Urban area, Definition of Urbanisation, Causes and effects of Urbanisation, Cities of Gujarat |
| 17 | Important Cities of Gujarat | Important Cities of Gujarat, Pattern of Urbanisation and their Economic Characterisitcs |

એકમ 1

# પ્રાદેશિક અર્થશાસ્ત્રનો અર્થ, અભ્યાસનું મહત્વ

## રૂપરેખા

1.1 અભ્યાસના ઉદેશો

1.2 પ્રસ્તાવના

1.3 પ્રાદેશિક અર્થશાસ્ત્રની પરિભાષા

1.4 પ્રાદેશિક અર્થશાસ્ત્રનું કાર્યક્ષેત્ર

1.5 પ્રાદેશિક અર્થશાસ્ત્રનું મહત્વ

1.6 ઉપસંહાર/ સારાંશ

1.7 ચાવીરૂપ શબ્દો

1.8 તમારી પ્રગતિ ચકાસો

1.9 ઉપયોગી પુસ્તકોની યાદી

1.10 બહુવિકલ્પીય પ્રશ્નો

## 1.1 અભ્યાસના ઉદેશો

I. આ એકમનો અભ્યાસ કર્યા બાદ વિદ્યાર્થી મિત્રો તથા સંશોધકો અર્થશાસ્ત્રને સરળતાથી સમજી શકશો.

II. પ્રાદેશિક અર્થશાસ્ત્રનો અર્થ, વિવિધ વ્યાખ્યાઓ અભ્યાસનું વર્તમાન મહત્વ, અભ્યાસના વિવિધ સિદ્ધાંતો વગેરે સરળતાથી સમજી શકાશે.

III. પ્રદેશના અર્થતંત્રનો દેશના અર્થતંત્રમાં શું ફાળો છે ? તેનું મહત્વ સમજી શકાશે.

IV. દેશના સંદર્ભમાં પ્રાદેશિક અસમાનતાઓ જાણી શકાશે તેમજ કેન્દ્ર સરકાર તથા રાજય સરકારની ભૂમિકા સમજી શકાશે.

V. પ્રાદેશિક અર્થશાસ્ત્રના વિવિધ સિદ્ધાંતો તથા તેના અમલીકરણનું મહત્વ સમજી શકાશે.

## 1.2 પ્રસ્તાવના

સામાજિક વિજ્ઞાનોમાં અર્થશાસ્ત્રએ જીવંત સામાજિક વિજ્ઞાન છે. કારણકે વર્તમાન અર્થતંત્રમાં સાથે રહીને તે માનવીના વર્તનનો અભ્યાસ કરે છે. મુખ્ય અર્થશાસ્ત્રમાં માનવીના વર્તનનો અભ્યાસ નિર્ણયીકરણની પ્રક્રિયા, આર્થિક અને બિન-આર્થિક ઘટનાઓ વગેરે વૈજ્ઞાનિક ધોરણે અભ્યાસ કરવામાં આવે છે. મુખ્ય અર્થશાસ્ત્રની એક શાખારૂપે હવે પ્રાદેશિક અર્થશાસ્ત્ર વધુ પ્રચલિત બનતો જાય છે. કારણકે મુખ્ય અર્થશાસ્ત્રની જેમ પ્રાદેશિક અર્થશાસ્ત્ર પણ વાસ્તવલક્ષી વિજ્ઞાન તથા આદર્શલક્ષી વિજ્ઞાન તરીકેની મહત્વની ભૂમિકા ભજવે છે. મિત્રો, આપણે સૌ જાણીએ છીએ કે ભારત એ પ્રદેશો અને ગામડાઓનો બનેલો દેશ છે. આપણા દેશમાં પ્રદેશો

પ્રમાણેની ભાષા, રીતરિવાજો, રહેણીકરણી, ધર્મ, પહેરવેશ, વ્યવસાય વગેરેમાં ભિન્નતા હોવા છતા દેશના દરેક રાજયો પોતાનું આર્થિક પ્રદાન દેશના વિકાસને અર્પિત કરે છે. ટૂંકમાં કહી શકાય કે દેશનો આર્થિક વિકાસ એ પ્રદેશોના આર્થિક વિકાસ પર આધારીત છે.

પ્રશિષ્ટ વિચારધારા ધરાવતા અર્થશાસ્ત્રીઓ આર્થિક પરિસ્થિતિનો અભ્યાસ સમગ્રલક્ષી દ્રષ્ટીકોણથી કરતા હતા તેથી તેને ભારત જેવા વિકાસમાન દેશોમાં પ્રદેશોના વિશિષ્ટ લક્ષણો તથા સ્થાનિક આર્થિક પરિસ્થિતિઓને તથા તેના અભ્યાસને કોઇ જ મહત્વ આપ્યું ન હતું. પ્રાદેશિક અર્થશાસ્ત્રમાં પ્રાદેશિક તથા ગ્રામ્ય વિસ્તારોની આર્થિક બાબતોનો અભ્યાસ કરવા માટે કેટલીક પધ્ધતિઓ પ્રચલિત હતી. સાથે સાથે ગ્રામ્ય ઉદ્યોગોનું વિશલેષણ તેનું આયોજન તેના આયોજનની વિવિધ પધ્ધતિઓ વગેરેનાં પ્રાદેશિક અર્થશાસ્ત્રીઓના ખ્યાલોનું ઘણુ જ મહત્વ રહેલું છે. આ ઉપરાંત પ્રવર્તમાન પ્રાદેશિક અર્થશાસ્ત્રની ઉપયોગિતાને નીતિવિષયક બાબતોના સંદર્ભમાં રજૂ કરવી ખુબજ મહત્વની છે. પ્રવર્તમાન સમયમાં પ્રાદેશિક અર્થશાસ્ત્રને મુખ્ય અર્થશાસ્ત્રની એક વિદ્યાશાખા તરીકે મહત્વનો વિકાસ થયો છે. વર્તમાન સમયમાં પ્રાદેશિક અર્થશાસ્ત્રની વ્યવહારિક ઉપયોગિતા તથા તેના વાસ્તવિક અમલીકરણ અંગેની નીતિનો પણ વૈજ્ઞાનિક વિકાસ થયો છે. તેથી દેશના પછાત પ્રદેશોને મુખ્ય ધારામાં લાવી શકાશે.

એક વિકાસમાન અર્થતંત્ર તરીકે જયારે ભારતના ભૌગોલિક નકશાનો અભ્યાસ કરીએ ત્યારે એવુ જણાય કે ભારતના નકશાને પેરાલિસિસનો એટેક આવ્યો છે. જેમાં નકશારૂપી શરીરનો કોઇ એક ઊભો ભાગ સાથ આપતો નથી. વિકાસમાન અર્થતંત્ર તરીકે વિકસી રહેલા દેશમાં મોટાભાગના પશ્ચિમી રાજયો વધુ વિકસીત છે, જેમે દિલ્હી, પંજાબ, હરિયાણા, ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક, કેરાલા વગેરે રાજયો પ્રમાણમાં વિકસીત છે. જયારે પૂર્વદિશાના રાજયોમાં માત્ર પશ્ચીમ બંગાળ અને તમીલનાડુ જેવા રાજયોનો ફાળો મહતવનો ગણી શકાય જયારે અન્ય રાજયો જેવા કે આસામ, બિહાર, ઓરિસ્સા, મેઘાલય, સિક્કિમ, મણીપુર વગેરે નાના રાજયો આર્થિક તથા સામાજિક પરિસ્થિતિની તુલનાએ ઘણા જ પછાત છે. કેન્દ્ર સરકારની ભૂમિકા આદર્શ રીતે હંમેશા પ્રાદેશિક અને રાષ્ટ્રીય સમતુલા મેળવવાની રહી છે જો કે તેમાં પણ કેટલીક રાજકીય બાબતો અડચણો પેદા કરે છે. કેન્દ્ર અને રાજયોમાં આવેલી જુદી-જુદી રાજકીય પાર્ટીઓની સત્તા પ્રાદેશિક અસમાનતાને વધુ વેગવાન બનાવે છે. તેમજ કેન્દ્ર અને રાજયો વચ્ચેનો આર્થિક સંબંધો વધુ બગાડે છે.

પ્રાદેશિક અર્થશાસ્ત્રમાં દેશના કોઇ એક પ્રદેશની આર્થિક પરિસ્થિતિ બાબતો, ઘટનાઓ, વિશ્લેષણો તથા આર્થિક સિદ્ધાંતોનો અભ્યાસ કરવામાં આવે છે. ગુજરાત પણ વિકાસમાન ભારતનું વિકસીત રાજય છે.

વિદ્યાર્થી મિત્રો, આપણે સૌ જાણીએ છીએ કે ૧ લી મે ૧૯૬૦ ના રોજ ગુજરાતની સ્થાપના થઇ છે. સ્થાપનાકાળથસ શરૂ કરીને આજદિન સુધી ગુજરાતનું અર્થતંત્ર વિકાસકૂચ કરી રહ્યું છે. જેનો લાભ સરવાળે દેશના અર્થતંત્રને વિકાસના સ્વરૂપમાં મળે છે.

## 1.3 પ્રાદેશિક અર્થશાસ્ત્રની પરિભાષા

"જયારે આર્થિક દ્રષ્ટિકોણ અપનાવીને જેને પ્રદેશનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરવામાં આવે ત્યારે પ્રાદેશિક વિજ્ઞાનમાંથી પ્રાદેશિક અર્થશાસ્ત્ર છૂટું પડે છે. "

પ્રો. હાર્વે પરલોક

" સાધનોની અગતિશીલતા કે આંશિક ગતિશીલતા પ્રાદેશિક ભેદભાવની રચના કરે છે તેમજ પ્રાદેશિક આર્થિક સમસ્યાઓ સર્જે છે. જે છેવટે પ્રાદેશિક અર્થશાસ્ત્રને જન્મ આપે છે. "

પ્રો . જયોર્જ બોમ્સ અને સ્ટાર્ઘન

" સ્થળવિષયક સામાન્ય સમતુલાનો સિધ્ધાંત એ સ્થળ પસંદગી, સ્થળ કેન્દ્રીકરણ, શ્રમનું સ્થળાંતર અને માનવવસવાટની તરાહ આર્થિક બાબતોના સંદર્ભમાં પ્રાદેશિક અર્થશાસ્ત્રને જન્મ આપે છે. "

પ્રો લોઇસ લેહેબર

પ્રો. વાલ્ટર ઇશોર્ડ વર્ષ 1960માં "Method of Regional analysis" માં પ્રાદેશિક આર્થિક સમસ્યાઓ જેવી કે માથાદીઠ આવક, આવકની અસમાનતા, આવકની ગણતરીની સમસ્યા, પ્રાદેશિક ઔદ્યોગીક વિકાસની સમસ્યા તથા કુદરતી સાધનોના મહત્તમ ઉપયોગની સમસ્યાને ધ્યાનમાં રાખીને પ્રાદેશિક અર્થશાસ્ત્રની વ્યાખ્યા આપતા જણાવે છે કે "જયારે એક સંશોધક એક પ્રદેશ સામે દ્રષ્ટિપાત કરે છે ત્યારે તે ઘણી આર્થિક સમસ્યાને જુએ છે તેમની એક સમસ્યા કોઇ વિશિષ્ટ ઉદ્યોગોને શોધીને વ્યકિતગત રીતે કે સમુહમાં કાર્યક્ષમ આર્થિક નફા સાથે કામ આપે છે."

" પ્રાદેશિક અર્થશાસ્ત્રએ સ્થળલક્ષી ભિન્નતા, ભૌગોલિક સાધનોનું મહત્વ અને અમર્યાદીત જરૂરીયાતો સંતોષવા માટેના વૈકલ્પિક સાધનો પસંદગીની આર્થિક સમસ્યા સર્જે છે. તેને અભ્યાસ કરે છે."

વિનોદ દુબે

ઉપરોકત વ્યાખ્યા પરથી જાણી શકાય છે કે આ વ્યાખ્યા મુખ્ય અર્થશાસ્ત્રની પ્રો. લાયોનલ રોબિન્સની વ્યાખ્યાને મળતી આવે છે તેની આ વ્યાખ્યામાંથી પણ ચાર મુખ્ય બાબતો તારવી શકાય જેમ કે, પ્રાદેશિક ભિન્નતા કે સ્થળલક્ષી ભિન્નતા, સાધનોની ભૌગોલિક અસમાનતા, સાધનોની ગતિશીલતાનો અભાવ, અને સાધનોનો કરકસરપૂર્વક ઉપયોગ એ પ્રાદેશિક અર્થશાસ્ત્રને જન્મ આપે છે. કુદરતે દરેક પ્રદેશોને કુદરતી સંપત્તિના સંદર્ભમાં દરેક પ્રદેશને જુદા જુદા સાધનોની ભેટ આપી છે. તેથી દરેક પ્રદેશોમાં સાધનો ભૌગોલિક રીતે અસમાન છે. આ ભૌગોલિક અસમાનતા સાધનોની ગતિશીલતાને અટકાવે કે અવરોધ ઊભો કરે ત્યારે ઓછી સંપત્તિ ધરાવતા પ્રદેશો સાધનોનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા પ્રેરાય છે ત્યારે પ્રાદેશિક અર્થશાસ્ત્ર જન્મે છે. ટૂંકમાં એમ કહી શકાય કે દરેક પ્રદેશ કે રાજયમાં રહેતા માનવીની અમર્યાદીત સંપત્તિની જરૂરીયાત અને મર્યાદીત પ્રાકૃતિક સંસાધનોનો કઇ રીતે વૈકલ્પિક ઉપયોગ કરવો તે પરિસ્થિતિમાં માનવ વર્તનના અભ્યાસ કરવાનું કાર્ય પ્રાદેશિક અર્થશાસ્ત્ર કરે છે. કારણકે કેટલાક સાધનો ભૌગોલિક રીતે સ્થળાંતર કરી શકાતા નથી. તેની પ્રાપ્ત સાધનો કે ઉપલબ્ધ સાધનોનો કરકસરપૂર્વક ઉપયોગ કરવો તે માનવવર્તનનો અભિન્ન ભાગ બની જાય છે. તેનિ પ્રાદેશિક અર્થશાસ્ત્ર તેઓ વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરે છે.

## 1.4 પ્રાદેશિક અર્થશાસ્ત્રનું કાર્યક્ષેત્ર

પ્રાદેશિક અર્થશાસ્ત્રનો અભ્યાસ વિસ્તાર કે વિશ્વવ્યાપ જે તે પ્રદેશ પૂરતો જ મર્યાદિત હોવાથી તેનું કાર્યક્ષેત્ર પણ મર્યાદિત જણાય છે તેથી નીચેની બાબતોના સંદર્ભમાં વહેંચી શકાય.

### 1.4.1 પ્રદેશનો અર્થ કે ખ્યાલ

કુદરતના નિયમો કે પર્યાવરણીયનીતિઓના સંદર્ભમાં પ્રદેશની સીમાઓ અંકિત કરવી ખુબજ મુશ્કેલ છે. તેમ છતાં પ્રાદેશિક અર્થશાસ્ત્રના સંદર્ભમાં કોઇ ચોકકસ પ્રાદેશિક વિસ્તાર નકકી કરવામાં આવે છે. અથવા તો તેના ખ્યાલનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરવામાં આવે છે. તદઉપરાંત તેના વિવિધ માપદંડો તૈયાર કરવામાં આવે છે તેનો હેતુપૂર્વકની આંતરરાજય હક અથવા તો પ્રાદેશિક વર્ગીકરણ એ આંતરિક કે આંતરરાષ્ટ્રીય વેપારને જન્મ આપે છે. રાજયો-રાજયો વચ્ચેનો વ્યાપાર, પ્રદેશ-પ્રદેશ વચ્ચેનો વ્યાપાર કે પ્રદેશ-રાષ્ટ્ર વચ્ચેનો વ્યાપાર આર્થિક લેવડ-દેવડ કે વિનિમય કરાવે છે. તેમજ જે તે પ્રદેશની આર્થિક સમૃધ્ધ વધારે છે, શ્રમિકોના આવામનને વેગ આપે છે. તેમજ રાજયની કાચી ગુહપેદાશને વધારે છે. વર્તમાન સમયમાં જોઇએ તો ભારતમાં પશ્ચિમી રાજયોનો આર્થિક ફાળો પૂર્વનાં રાજયો કરતા આંતરરાષ્ટ્રીય વેપારમાં વધારે રહયો છે. જે પ્રાદેશિક આર્થિક બાબતોને વેગવંતી બનાવે છે.

### 1.4.2 પ્રાદેશિક નીતિ

ઉત્પાદનના સાધનોની ઉપલબ્ધિ એ પ્રાદેશિક વિકાસની કુદરતી લાક્ષણિકતા છે. તેથી જ આંતરરાજય આર્થિક વ્યવહારોને ઉત્તેજન મળે છે. પરંતુ, બીજી બાજુ પ્રદેશમાં સાધનોનું શું ઉત્પાદન થશે. ? સાધનોનું ઉત્પાદન કોણ કરશે તે અંગેનો વિચાર પ્રાદેશિક આર્થિકનીતિ અંતર્ગત કરવામાં આવે છે. પ્રાદેશિક નીતિની વિચારણા અંતર્ગત વિવિધ સાધનોની અસરોનો અભ્યાસ કરવામાં આવે છે. તે માટેના ગાણીતિક ખ્યાલો જેવા કે ગુણકનો ખ્યાલ, સાધન ઉત્પાદન વિધેય, સાધન ઉત્પાદન વિશ્લેષણ, સાધન સુરેખ આયોજન વગેરે ખ્યાલો પ્રાદેશિક વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવે છે.

### 1.4.3 પ્રાદેશિક સ્થળ પસંદગી

સામાન્ય રીતે કુદરતી પ્રાદેશિક સ્થળ ની પસંદગી કુદરતી સંસાધનોની પ્રાપ્યતા કે ઉપલબ્ધતાના આધારે નકકી થતી હોય છે. પરંતુ માનવસર્જીત પ્રાદેશિક સ્થળ પસંદગીઓ કેટલાક પાયાના પ્રશ્નો ઉભા કરે છે જેમ કે કયા કારણોસર ચોકકસ સ્થળ ચોકકસ આર્થિક પ્રવૃતિ સાથે સંબંધ ધરાવે છે. કોઇ એક પ્રકારની આર્થિક પ્રવૃતિ અન્ય આર્થિક પ્રવૃતિને પોતાના તરફ લાવવા કે ખેંચાણ સર્જવામાં ભાગ ભજવે છે ? શા માટે રાષ્ટ્રના અમુક પ્રદેશો બીજા પ્રદેશો કરતા કૃષિક્ષેત્રે, ઔદ્યોગિકક્ષેત્રે તથા સેવાકિયક્ષેત્રે જુદા પડે છે? પ્રો આલ્ફ્રેડ વેબર અને પ્રો. સાર્જનટ ફલોરેન્સનો સિધ્ધાંત સ્થળ પસંદગીની બાબતો કે નિયમોને દર્શાવે છે કે કુદરતી સંસાધનોની ઉપલબ્ધતા ઔદ્યોગિકરણની પ્રવૃતિને વેગવાન બનાવે છે તેમજ આર્થિક વિશિષ્ટીકરણને ઉત્તેજન આપે છે. જેનો અભ્યાસ પ્રાદેશિક અર્થશાસ્ત્રમાં કરવામાં આવે છે.

### 1.4.4 પ્રાદેશિક આર્થિક આંતરસંબધો

પ્રાદેશિક અર્થશાસ્ત્રમાં પ્રાદેશિક આંતરસંબંધો મહતવનો ભાગ છે. કારણકે પ્રાદેશિક આંતરસંબધો પ્રાદેશિક વિકાસને વેગ આપે છે. દરેક પ્રદેશો કુદરતી રીતે ભિન્નતા ધરાવતા હોવાથી ચિજવસ્તુઓ કે સેવાઓના ઉત્પાદનમાં પણ ભિન્નતા જોવા મળે છે. તેથી પ્રદેશ-પ્રદેશ વચ્ચેના આંતરરાજય વ્યાપારને વેગ મળે છે. જેનાથી પ્રાદેશિક નિકાસો, પ્રાદેશિક આયાતો, પ્રાદેશિક વસ્તીનુ સ્થળાંતર, પ્રાદેશિક મુડીનું સ્થળાંતર તેની અસરો, ખાસ આર્થિક વિસ્તારને વેગ ( SEZ) વગેરેનો અભ્યાસ કરવામાં આવે

છે. આ ઉપરાંત ભારત વિવિધતાસભર દેશમાં સંસ્કૃતિ, પહેરવેશ, અન્નઉપભોગ, રિવાજો વગેરેનું પણ આદાનપ્રદાન થાય છે.

1.4.5 પ્રાદેશિક સમતુલા વિશ્લેષણ

આપણે અગાઉ કરી તે પ્રમાણે કુદરતી રીતે સર્જાયેલી પ્રાદેશિક સમતુલા સંસાધનોને કારણે સર્જાય છે. તેથી જ તેને કુદરતી પ્રાદેશિક સમતુલા કહેવાય છે. પરંતુ અસમતુલાને દૂર કરવા સાધનોની ઈષ્ટતમ વહેંચણી, વહેંચણીની સમાનતા વગેરે બાબતો પ્રાદેશિક સમતુલાને સમજાવે છે. જેમ કે વિવિધ આર્થિક પ્રવૃતિની મહત્તમ કક્ષા શું હોય છે ? કઇ પ્રવૃતિઓનું શ્રમવિભાજન અને વિશિષ્ટીકરણ કરવું જોઇએ ? કયા પ્રદેશમાંથી વસ્તુની આયાતો કે નિકાસો કરવી ? વગેરે બાબતોનો પ્રાદેશિક અર્થશાસ્ત્રમાં અભ્યાસ કરવામાં આવે છે.

જોયું ને મિત્રો, મુખ્ય અર્થશાસ્ત્રનો નાનો ભાગ હોવા છતા પ્રાદેશિક અર્થશાસ્ત્રનો વ્યાપ કેટલો વિશાળ લાગે છે હવે આપણે પ્રાદેશિક અર્થશાસ્ત્રના મહત્વ વિશે વિગતવાર સમજૂતી મેળવશુ.

## 1.5 પ્રાદેશિક અર્થશાસ્ત્રનું મહત્વ

લગભગ ૨૦મી સદીના મધ્યાંતરે પ્રાદેશિક અર્થશાસ્ત્રનો જન્મ થયો અને ત્યારબાદ તેમનુ મહત્વ ધીમેધીમે વધતુ ગયુ. આપણા દેશમાં આયોજનકાળ દરમિયાન પ્રદેશોના આર્થિક વિકાસ માટે હંમેશા સમગ્રલક્ષી અભિગમ અપનાવવામાં આવ્યો છે તેથી દરેક પ્રાદેશિક બાબતોને, ઘટનાઓને કે આર્થિકસ્થિતિને આર્થિક સમસ્યાઓમાં સમાવવામાં આવે છે. પરિણામે દરેક આર્થિક સ્થિતિ અને સમસ્યાઓ વિભિન્ન સ્વરૂપ ધરાવે છે. જેના કેટલાક વ્યાજબી કારણો છે. જે આ પ્રમાણે જણાવી શકાય.

1.5.1 વિકાસમાન રાષ્ટ્રોમાં તથા વિકસીત રાષ્ટ્રોમાં આર્થિક સ્થિતિ અને સમસ્યાઓનું સ્વરૂપ આગવુ મહત્વ અને લાક્ષણિકતા ધરાવે છે. આ સમયે આયોજનકાળમાં વિભિન્ન પ્રદેશોની સ્થાનીક લાક્ષણિકતાને ધ્યાનમાં લેવામાં આવતી નથી. સામાન્ય રીતે સમગ્રલક્ષી આયોજન દેશના આર્થિક વિકાસનો કાર્યક્રમ હોવાથી તેનું આયોજન પ્રાદેશિક કક્ષાએ કરાતુ નથી. કારણકે પ્રાદેશિક કક્ષાને એકમલક્ષી અર્થશાસ્ત્રના દ્રષ્ટિકોણથી જોવામાં આવે તો જ તેમની સ્થાનિક સમસ્યાઓ સમજી શકાય, સમસ્યાના સમાધાનને શોધી શકાય. તેથી પ્રાદેશિક અર્થશાસ્ત્રનું મહતવ ખુબ જ વધવા પામ્યુ છે. આપણે આગળ ચર્ચા કરીને મુજબ ભારત વિવિધ સંસ્કૃતિ, ખાન-પાન પહેરવેશ, રીતિરિવાજો વગેરે લાક્ષણિકતાને લઇને વિવિધતા ધરાવે છે. તેથી જ દરેક રાજયો કે પ્રદેશો એકબીજાથી જુદા પડે છે. તેમજ આ રાજયોની સમસ્યાઓ પણ એકબીજાથી જુદી પડે છે. પરિણામે, પ્રાદેશિક અર્થશાસ્ત્રનું મહત્વ વધી જાય છે.

1.5.2 ભારતમાં આયોજનકાળ દરમિયાન તથા આયોજનકાળ પૂર્ણ થયો એટલે કે વર્ષ 2014 પછીથી આજદદિન સુધી દેશના જુદા જુદા પ્રદેશોની વિશિષ્ટ લાક્ષણિકતાઓ અને સમસ્યાઓ માટે યોજનાના ઘડતરનું કાર્ય અશકય તો નથી પણ વિભિન્ન પ્રાદેશિકતાને લીધે મુશ્કેલરૂપ બની ગયું છે. પરિણામે ઘણીવાર પ્રત્યક્ષરૂપે કે પરોક્ષરૂપે પ્રાદેશિક સમસ્યાઓની અવગણના થાય છે. આ અવગણનાને દૂર કરવા માટે, પ્રાદેશિક અર્થશાસ્ત્રને મહત્વ આપવું પડે. મિત્રો, વધુ સમજુતી મેળવવા એમ કહી શકાય કે કેન્દ્ર

સરકારની ભૂમિકા દરેક રાજયો પ્રત્યે મલાય જેવી હોય છે. એટલે કે તેમના માટે દરેક રાજયો સરખા હોય છે. પરંતુ વર્તમાન સમયમાં બદલાતા રાજકીય પ્રવાહો, રાજકીય દુશ્મનાવટો તથા અન્ય બાબતોને લીધે પ્રદેશોને સરખુ મહત્વ મળે તેવુ જણાયુ નથી. ઉલ્ટાનું પ્રાદેશિક અર્થશાસ્ત્રનો અભ્યાસ એવું સુચવે છે કે જે રાજયો આર્થિક દ્રષ્ટિકોણથી પછાત છે. તેવા રાજયોને વધુ આર્થિક મદદ કરીને વિકસીત રાજયોની હરોળમાં મુકી દેવા. પરંતુ વાસ્તવિકતામાં રાજકીય વિરોધાભાસ હોવાથી જે તે રાજયમાં અન્ય રાજકીય પાર્ટીની સરકારો હોય તો તેવા રાજયોને અન્યાય થયાના ઉદાહરણો જોવા મળે છે. તેથી જે તે રાજયની આર્થિક સમસ્યા ઘટવાને બદલે વધવા માંડે છે. તેથી અહીં પ્રાદેશિક અર્થશાસ્ત્રનું મહત્વ વધી જાય છે.

1.5.3 પ્રાદેશિક અર્થશાસ્ત્રના અભ્યાસથી જે તે પ્રદેશોના ખનીજો, ખાણ તત્ત્વો, જંગલોની સંપતિ, જમીનની લાક્ષણિકતાઓ કે ઉત્પાદકતા માનવીય સંસાધનો વગેરેની પરિસ્થિતિ જાણી શકાય છે. તેથી આવા રાજયોમાં કુદરતી સંસાધનો અને માનવીય સંસાધનોને જોડીને તેનો મહત્તમ ઉપયોગ કરી શકાય છે. જેમકે ભારતના આસામ, બિહાર, ઓરિસ્સા વગેરેમાં કોલસાની ખાણો આવેલી છે તથા લોખંડ-પોલાદ પ્રાપ્ય બને છે. તેથી આ ખનીજસંપતિના ઉપયોગને ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, વગેરે પૂર્વ રાજયો સાથે સંકલન કરીને લોખંડ-પોલાદ આધારીત ઉદ્યોગોનો વિકાસ કરી શકાય છે. અથવા તો કોલસા આધારીત વિજમથકોની સ્થાપના કરીને વીજળીનું ઉત્પાદન કરી શકાય છે. આવી જ રીતે જંગલોની સંપત્તિની હેરફેર કરીને પ્રાદેશિક વેપાર કે આંતરરાષ્ટ્રીય વેપારને વધુ વેગવાન બનાવી શકાય છે. પરિણામે પ્રાદેશિક અર્થશાસ્ત્રનું મહત્વ વધી જાય છે.

1.5.4 ભારત જેવા વિકાસમાન રાષ્ટ્ર માટે પ્રત્યેક પ્રદેશની પોતાની વિશિષ્ટ પરિસ્થિતિ અન્ય પ્રદેશોથી પોતાને જુદી પાડે છે. તેમજ તેમાં વિવિધતા સર્જાય છે. આ ઉપરાંત દરેક રાજય કે પ્રદેશ આર્થિક રીતે, સામાજિક દ્રષ્ટિકોણથી, સાંસ્કૃતિક ધરોહર તુલનાએ, રાજકીય ઘટનાઓના આધારે તથા ઐતિહાસીક પ્રણાલિકાઓના આધારે તફાવત સર્જે છે. તેથી આ તફાવતને સમજવા માટે તથા આર્થિક વિકાસના સંદર્ભમાં તેનો ઉપયોગ કરવા માટે વિવધ પ્રકારની પ્રાદેશિક આર્થિક નીતિઓ ઘડવાની, ઘડેલી નીતિઓમાં સુધારા કરવાની, બિનઅસરકારક નીતિઓને નાબુદ કરવાની તથા તેની તુલના કરવાની વગેરે બાબતોનું આર્થિક મહત્વ વધી જાય છે. ભારત જેવા વિકાસમાન દેશમાં એવુ બને કે જે નીતિ એક રાજય માટે અનુકૂળ હોય તે નીતિ અન્ય રાજયો માટે પ્રતિકુળ હોઇ શકે. એટલે કે વિભિન્ન રાજયો માટે વિભિન્નનીતિવાળુ ઘડતર કરવુ પડે. તેથી આ ઘડતરની પ્રક્રિયામાં પ્રાદેશિક અર્થશાસ્ત્ર મહત્વની ભૂમિકા ભજવે છે તેથી તેનુ ઘણુ જ મહત્ત્વ રહેલું છે.

1.5.5 દેશના પ્રત્યેક રાજયની આર્થિક સ્થિતિ, આર્થિક સમસ્યાઓ વગેરે અનેકવિધ પરિબળોથી પ્રભાવિત હોય છે. જેનો અભ્યાસ કેનદ્રીય આયોજનના ઘડતરમાં કરવામાં આવતો નથી. પરંતુ, પ્રાદેશિક રાજયના વિકાસ માટે તેનું ઘડતર કરવું અત્યંત જરૂરી છે. પ્રાદેશિક આયોજનના ઘડતરમાં પ્રદેશની આર્થિક સ્થિરતા અને સમસ્યાઓ જે પરિબળોથી પ્રભાવિત થતા હોય છે. તેનો ઉકેલ લાવવો જરૂરી હોય છે. જેમ કે ગુજરાતના કૃષિક્ષેત્રની સ્થિતિ અન્ય રાજયો કરતા જુદી હોય છે, તેના ઉકેલો જુદા હોય છે. તેથી પ્રાદેશિક અર્થશાસ્ત્રનું મહત્વ વધી જાય છે.

1.5.6 પ્રાદેશિક અર્થશાસ્ત્ર દરેક પ્રદેશના વિશિષ્ટ પ્રશ્નો અને પરિસ્થિતિનો એકમલક્ષી અભ્યાસ કરીને વિવિધ સમસ્યાઓનું નીરાકરણ સરળતાથી લાવે છે. તેથી પ્રાદેશિક અર્થશાસ્ત્રનું મહતવ વધી જાય છે.

1.5.7 પ્રાદેશિક અર્થશાસ્ત્રમાં કુદરતી સંપત્તિની પ્રાપ્યતા, ઉપયોગિતા, કાર્યદક્ષતા કે કાર્યક્ષમતાને આધારે તેનો ભાવી વિકાસ તથા તેના ઉપાયોનો અભ્યાસ કરીને નષ્ટ થતા સંસાધનોનો કરકસરપૂર્વક ઉપયોગ કરવાનું સમજાવે છે. જેથી પ્રત્યેક પ્રદેશ અને તેના જુદા જુદા વિભાગોનો વિકાસ સ્થાનિક પરિસ્થિતિને અનુલક્ષીને કરી શકાય છે. નીતિઓમાં ફેરફાર હોય તો તેમાં બદલાવ લાવી શકાય છે. સુધારાઓ કરી શકાય છે.તેથી પ્રાદશીક અર્થશાસ્ત્રનું મહતવ ઘણું વધવા પામ્યુ છે.

1.5.8 પ્રાદેશિક અર્થશાસ્ત્ર જે તે પ્રદેશના લોકોના જીવનને સ્પર્શતા પ્રશ્નો સરળતાથી ઉકેલી શકતા હોવાથી આમજનતાના માનસ પર પ્રાદેશિક આયોજનની સારી અસર ઉપજે છે. આમ જનતા વિકાસની વિવિધ પ્રક્રિયાથી અવગત હોય છે. તેમજ રાજય કે પ્રદેશના આયોજનમાં પૂર્ણ વિશ્વાસ હોય છે. ઘણા કિસ્સામાં સરકાર કરતા પણ વધુ સારુ ચિત્ર લોકસમુહો કે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ કે બિનસરકારી સ્વૈચ્છિક સંસ્થાઓએ કરેલુ જોવા મળે છે. ઘણા કિસ્સાઓમાં સરકાર તથા આમજનતા ભાગીદારીરૂપે આર્થિક વિકાસના લક્ષ્યાંકને પૂર્ણ કરે છે. વર્તમાન સમયમાં લોકભાગીદારી દ્વારા થતા આર્થિક-સામાજિક કાર્યો વધવા પામ્યા છે. ખાસ કરીને ગુજરાતમાં લોકભાગીદારી ( PPP) દ્વારા થયેલા અનેક ઉદાહરણો જોવા મળે છે જે પ્રાદેશિક અર્થશાસ્ત્રને નવી ઉંચાઇએ લઇ જાય છે. તેથી તેનું ઘણું જ મહત્વ છે.

1.5.9 પ્રાદેશિક અર્થશાસ્ત્રનો અભ્યાસ જે તે પ્રદેશના વિકાસ માટે જરૂરી અને મહત્વનો છે. બીજીબાજુ અલ્પવિકસીત રાજય કે પ્રદેશ તથા તેના પછાતપણાને ભાવી વિકાસ માટે માર્ગદર્શન પુરૂ પાડે છે. ભુતકાળની આર્થિક નીતિ વિષયક ખામીઓ તથા મર્યાદાઓને સુધારવામાં ઘણી જ મદદરૂપ થાય છે.

## 1.6 ઉપસંહાર/સારાંશ

સામાન્ય રીતે વર્ષ 1930 પછીના સમયથી પ્રાદેશિક અર્થશાસ્ત્રના અભ્યાસનું મહત્વ વધવા પામ્યુ છે. જેનાથી દેશના જુદા જુદા રાજયો, પ્રદેશો, કસબાઓ, વિભાગો, જુદી જુદી સામાજિક જ્ઞાતિનો વગેરેનો આર્થિક-સામાજિક વિકાસ શકય બન્યો છે. વિવિધ રાજયોમાં કુદરતી સંસાધનો તથા માનવીય સંસાધનોનો ઈષ્ટતમ ઉપયોગ કરીને કરીને આર્થિક વિકાસ શકય બનતા રોજગારીની તકો તથા ઉત્પાદનમાં વધારો કરી શકાય છે. આ ઉપરાંત વિવિધ પ્રદેશોનો પ્રાદેશિક વિકાસ થતા પ્રાદેશિક આર્થિક સમતુલા જાળવી શકાય છે. જે આયોજનકાળ દરમિયાનનો એક મહત્વનો હેતુ રહેલો છે. જેને પૂર્ણ સ્વરૂપ આપવામાં પ્રાદેશિક અર્થશાસ્ત્ર મહત્વ ભાગ ભજવે છે.

## 1.7 ચાવીરૂપ શબદો ( Key Words)

1. પ્રાદેશિક અર્થશાસ્ત્ર જેમા જે તે પ્રદેશનો આર્થિક દ્રષ્ટિકોણથી અભ્યાસ કરવામાં આવે છે. તેમજ સાધનોની ગતિશીલતા-અગતિશીલતાને કારણે સર્જાતી સમસ્યાને સમજવામાં આવે છે.

2. પ્રદેશનો ખ્યાલ જેમાં, કુદરતના નિયમો તથા પર્યાવરણને અવગણીને માનવનિર્મિત ભૌગલીક પરિસ્થિતિનો ભાગ એટલે પ્રદેશ અથવા વિસ્તાર
3. પ્રાદેશિકનીતિનો ખ્યાલ જેમાં, ઉત્પાદનના સાધનોની ઉપલબ્ધતા અને પ્રાદેશિક વિકાસની લાક્ષણિકતાનો સમન્વય કરીને સરકાર દ્વારા ઘડાતી નિયમાવલી એટલે પ્રાદેશિકનીતિ.
4. પ્રાદેશિક સ્થળ પસંદગીનો ખ્યાલ જેમાં કુદરતી સંસાધનોની પ્રાપ્યતાને આધારે ચોકકસ સ્થળ આધારીત ઉદ્યોગોનો વિકાસ થવો એટલે પ્રાદેશિક સ્થળ પસંદગી.
5. પ્રાદેશિક આંતરસંબંધોનો ખ્યાલ જેમાં, કુદરતી રીતે ભિન્નતા ધરાવતા પ્રદેશો વચ્ચે સંસાધનોને લક્ષ્યમાં રાખીને વ્યાપોરિક પ્રવૃતિને વેગ મળે છે. તેને કુદરતી આંતરસંબંધો કહી શકાય.
6. પ્રાદેશિક સમતુલાનો ખ્યાલ જેમાં, દેશમાં દરેક રાજયોમાં વિભિન્ન આર્થિક અસમતુલાને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા કરવામાં આવતા પ્રાદેશિક સમતુલાના પ્રયાસો એટલે પ્રાદેશિક સમતુલા
7. આયોજનકાળ જેમાં, વર્ષ 1950-51 થી વર્ષ 2017 સુધીની પંચવર્ષીય યોજનાઓનો સમુહ તથા વર્ષ 2017 થી આજ દિન સુધી નીતિ આયોગ દ્વારા ઘડાતી નીતિઓનો સમૂહ એટલે આયોજન કાળ.

## 1.8 તમારી પ્રગતિ ચકાસો

★ વિભાગ 1.1 ઉદેશોનો અભ્યાસ કરો.

★ વિભાગ 1.3 પ્રાદેશિક અર્થશાસ્ત્રની પરિભાષા તપાસો

★ વિભાગ 1.4 પ્રાદેશિક અર્થશાસ્ત્રનું કાર્યક્ષેત્ર તપાસો

★ વિભાગ 1.4.1 પ્રદેશનો અર્થ તપાસો

★ વિભાગ 1.4.3 પ્રાદેશિક સ્થળ પસંદગી તપાસો

★ વિભાગ 1.4.4 પ્રાદેશિક આંતરસંબંધો તપાસો

★ વિભાગ 1.4.5 પ્રાદેશિક સમતુલા તપાસો

## 1.9 ઉપયોગી પુસ્તકોની યાદી


1. જોષી એમ.વી ( 1996 ) એકમલક્ષી અર્થશાસ્ત્ર દર્પણ પ્રકાશન, રાજકોટ
2. Ahuja H.Z (2017) "An Advanced Economic theory" S. Chand Publication India.
3. Ram N. (1975) "An Introduction of Micro Economics " McMillian publishing House, New Delhi.
4. પરડવા એસ.જી. (2012) ‘’પર્યાવરણનું અર્થશાસ્ત્ર


## 1.10 બહુવૈકલ્પીય પ્રશ્નો

1. પ્રાદેશિક અર્થશાસ્ત્ર એ કયા અર્થશાસ્ત્રનો ભાગ છે.

    ( અ) એકમલક્ષી અર્થશાસ્ત્ર (બી) સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર

    (સી ) મુખ્ય અર્થશાસ્ત્ર (ડી) ઉપરોકત તમામ

2. ભારતમાં કયા રાજયો પ્રાદેશિક અસમાનતા ધરાવે છે.

    (અ) ઉત્તરભારતના રાજયો (બ) ઉત્તર-પૂર્વ ભારતના રાજયો

    (સી) દક્ષિણ-પૂર્વ ભારતના રાજયો (ડી) દક્ષિણ-પશ્ચિમ ભારતના રાજયો

3. અર્થશાસ્ત્ર કઇ કઇ બાબતનો અભ્યાસ કરે છે.

    (અ) માનવીના સાાજિક જ્ઞાનનો (બ) માનવીના આર્થિક જ્ઞાનનો

    (સી) માનવીની આર્થિક વર્તણૂકનો (ડી) માનવીની જીવનશૈલીનો

4. પ્રાદેશિક સમાનતા લાવવા કોની ભૂમિકા મહત્વની છે.

    (અ) રાજય સરકાર (બ) આયોજન પંચ કે નીતિ આયોગ

    (સી) કેન્દ્ર સરકાર (ડી) ભારતનું નાણાપંચ

5. ગુજરાત રાજયની સ્થાપના કયારે થઇ ?

    (અ) 1 લી એપ્રિલ -1960 (બ) 1 લી જુન-1960

    (સી) 1 લી મે-1960 (ડી) 1 લી મે 1961

6. ''અર્થશાસ્ત્રએ પ્રદેશનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરે છે. ? એ વાકય કયા અર્થશાસ્ત્રીએ કહયું છે. ?

    (અ) પ્રો. એડમ સ્મિથ (બી) પ્રો. હાર્વે પરલોક

    (સી) પ્રો. જયોર્જ બોટસ (ડી) પ્રો સ્ટાઇન

7. પ્રો. વોલ્ટર ઇશાર્ડએ વર્ષ 1960 માં કયુ પુસ્તક લખ્યુ હતુ ?

    (A) Methods of Religion Economics

    (B) Methods of Recreation Analysis

    (C) Methods of Regional Analysis

    (D) Regional Econometrics

8. પ્રાદેશિક અર્થશાસ્ત્ર વૈકલ્પિક સાધનોની પંસદગીની આર્થિક સમસ્યા સર્જે છે એવુ કોણે કહયું છે. ?

    (અ) પ્રો. જયોર્જ બોર્ટસ (બ) પ્રો. હાર્વે પરલોક

    (સી) પ્રો. લોઇલ લેફેલર (ડી) પ્રો. વિનોદ દુબે

9. મુખ્ય અર્થશાસ્ત્રની મુખ્ય વ્યાખ્યા કોણે આપી છે.

    (અ) પ્રો. એડમ સ્મિથ (બ) પ્રો. ઓલ્ફ્રેડ માર્શલ

    (સી) પ્રો. જોન રોબિન્સન (ડી) પ્રો. લાયોનલ રોબિન્સ

10. સ્થળ પસંદગીનો સિદ્ધાંત સૌ પ્રથમ કોણે આપ્યો

    (અ) પ્રો. આલ્ફ્રેડ વેબર (બી) પ્રો. આલ્ફ્રેડ માર્શલ

    (સી) પ્રો. સાર્જન્ટ કલોરેન્સ (ડી) પ્રો. એકડમ સ્મિથ

11. ખાસ આર્થિક વિસ્તારને શું કહેવાય છે.

    (A) Special Economics Area

    (B) Special Economic Zone

    (C) Separate Economic Zone

    (D) એકેય નહી.

12. રાષ્ટ્રની પ્રાદેશિક અસમતુલાને દૂર કરવા માટે.....
    (અ) સાધનોની ઈષ્ટતમ વહેંચણી (બ) વહેંચણીની સમાનતા
    (સી) શ્રમવિભાજન અને વિશિષ્ટિકરણ (ડી) ઉપરોકત તમામ
13. નીચેનામાંથી કઇ બાબત પ્રાદેશિક વિકાસને વેગ આપે છે.
    (અ) પ્રાદેશિક ભિન્નતા (બી) પ્રાદેશિક સમતુલા
    (સી) પ્રાદેશિક અસમતુલા (ડી) પ્રાદેશિક આંરતસંબંધો
14. ભારતમાં નીતિઆયોગની શરૂઆત કયારે થઇ ?
    (અ) વર્ષ 2014 (બ) વર્ષ 2016
    (સી) વર્ષ 2015 (ડી) વર્ષ 2017

★ તમારી પ્રગતિ ચકાસો ના જવાબઃ

"પ્રાદેશિક અર્થશાસ્ત્રનો અર્થ, અભ્યાસનું મહત્વ"

પ્રશ્ન નંબર :

1 નો જવાબ (ડી) ઉપરોકત તમામ

2 નો જવાબ (બ) ઉત્તર-પૂર્વ ભારતના રાજયો

3 નો જવાબ (સી) માનવીની આર્થિક વર્તણૂકનો

4 નો જવાબ (બ) આયોજન પંચ કે નીતિ આયોગ

5 નો જવાબ (સી) 1 લી મે-1960

6 નો જવાબ (બી) પ્રો. હાર્વે પરલોક

7 નો જવાબ (C) Methods of Regional Analysis

8 નો જવાબ (ડી) પ્રો. વિનોદ ડુબે

9 નો જવાબ (સી) પ્રો. જોન રોબિન્સન

10 નો જવાબ (અ) પ્રો. આલ્ફ્રેડ વેબર

11 નો જવાબ (B) Special Economic Zone

12 નો જવાબ (ડી) ઉપરોકત તમામ

13 નો જવાબ (બી) પ્રાદેશિક સમતુલા

14 નો જવાબ (સી) વર્ષ 2015

★★★

એકમ 2

# પ્રાદેશિક અર્થશાસ્ત્ર – II

## રૂપરેખા

2.0 ઉદ્દેશો

2.1 પ્રસ્તાવના

2.2 રાજ્યનું ઘરગથ્થું ઉત્પાદન

2.3 રાજ્યની ચોખ્ખી ઘરગથ્થું પેદાશ

2.4 રાજ્યની માથાદીઠ આવક

2.5 રાજ્યનો ચોખ્ખા ઘરગથ્થું પેદાશમાં ક્ષેત્રવાર ફાળો

2.6 આર્થિક વિકાસના માપદંડો

2.6.1 જીવનનીભૌતિક ગુણવત્તાનો આંક

2.6.2 સ્ત્રી-પુરુષ અસમતા આંક

2.6.3 માનવ-વિકાસ આંક

2.6.4 ટકાઉ-વિકાસ

2.7 સારાંશ

2.8 ચાવીરૂપશબ્દો

2.9 સ્વાધ્યાય

- ઉપયોગી પુસ્તકોની યાદી

## 2.0 ઉદ્દેશો

(1) પ્રાદેશિક આવકનો ખ્યાલ સમજવો

(2) કુલ પેદાશ અને માથાદીઠ આવકના ખ્યાલો સમજવા

(3) આર્થિક વિકાસના વિવિધ માપદંડોનો અભ્યાસ

## 2.1 પ્રસ્તાવના

પ્રદેશનો ખ્યાલ પ્રત્યક્ષ રીતે જ સ્થળ સાથે સંકળાયેલો છે. પરંતુ પૃથ્વીની સપાટી પરના ચોક્કસ ભાગને પ્રદેશ તરીકે ઓળખતી વખતે કોઈ ચોક્કસ ઉદ્દેશ કે આર્થિક માપદંડનો આધાર લેવો પડે છે. જેમ ભૌગોલિક દૃષ્ટિ, રાજકીય દૃષ્ટિએ કે આર્થિક દૃષ્ટિએ પ્રદેશ નક્કી કરવામાં આવે છે. પરંતુ પ્રાદેશિક અર્થશાસ્ત્રામાં પ્રદેશનો અર્થ જાણવા કે કદ અથવા સીમા નક્કી કરવા માત્ર આર્થિક બાબતોનો જ અભ્યાસ કરવામાં આવે છે. જેમ જમીનની ફળદ્રુપતા ને આધારે, ખનિજસંપત્તિને આધારે, ઉદ્યોગોના વિકાસને આધારે પ્રદેશનું વિવિધ વિભાગોમાં વિભાજન કરવામાં આવે છે. પ્રસ્તુત એકમમાં આપણે ગુજરાતની આવક અને વિકાસના વિવિધ માપદંડોનો અભ્યાસ કરવાનો છે.

પ્રાદેશિક આવક એટલે કોઈ એક વર્ષમાં વસ્તુઓ અને સેવાઓના પ્રવાહ અને તેનું નાણાકીય મૂલ્ય. આમ, પ્રાદેશિક આવક કોઈએક સમયગાળા દરમિયાન તે પ્રદેશની ઉત્પાદન તાકાત કેટલી છે તે માપે છે. તે પ્રદેશના લોકોની જરૂરિયાતોને સંતોષવાની તાકાત કેટલી છે તે માપે છે. તે પ્રદેશના લોકોની જરૂરિયાતોને સંતોષવાની તાકાત કેટલી છે તે એ માટે છે.

ગુજરાત રાજ્યની અલગ રાજ્ય તરીકે 1લી મે 1960ના રોજ સ્થાપના થઇ હતી. આ પહેલા ગુજરાત રાજ્ય દ્વિભાષી મુંબઈ રાજ્યનો એક ભાગ હતું. ગુજરાત રાજ્યની સ્થાપના થઇ ત્યારથી રાજ્યના અર્થતંત્રના માળખામાં નોંધ પાત્ર ફેરફારો થયેલા છે. રાજ્યની ઘરગથ્થું પેદાશમાં તથા માથાદીઠ આવકમાં થયેલા ફેરફારોનો પ્રસ્તુત એકમમાં અભ્યાસ કરવાનો છે.

## 2.2 રાજ્યનું ઘરગથ્થુ ઉત્પાદન (State Domestic Product)

રાજ્યના ઘરગથ્થુ ઉત્પાદનને સામાન્ય રીતે રાજ્યની આવક તરીકે ઓળખવામાં આવે છે. તે રાજ્યની ભૌગોલિક હદમાં ચોક્કસ સમયગાળા માટે ઉત્પાદિત ચીજવસ્તુઓના અને સેવાઓના નાણાકીય સ્વરૂપે માપ દર્શાવે છે. તેનો સમયગાળો એક વર્ષનો હોય છે. રાજ્ય કે અર્થતંત્રની વૃદ્ધિ માપવા માટે તેમાં થતાં માળખાકીય પરિવર્તનનો અભ્યાસ કરવા વપરાતો આ મહત્ત્વનો નિર્દેશક છે.

ટેબલ નં. 1

રાજ્યનું ઘરગથ્થું ઉત્પાદન (રૂ. કરોડમાં)

| વર્ષ | ચાલુભાવોએ | વર્ષ 2011-12 સરખામણીએ વૃદ્ધિ દર | સ્થિર ભાવોએ (2011-12) | વર્ષ 2011-12 સરખામણીએ વૃદ્ધિ દર |
|---|---|---|---|---|
| 2011-12 | 615606 | - | 615606 | - |
| 2012-13 | 724495 | 17.7 | 682650 | 10.9 |
| 2013-14 | 807623 | 31.2 | 734284 | 19.3 |
| 2014-15 | 921773 | 49.7 | 811428 | 31.8 |
| 2015-16 | 1029010 | 67.2 | 894465 | 45.3 |
| 2016-17 | 1153327 | 87.3 | 980736 | 59.3 |
| 2017-18 | 1314680 | 113.6 | 1090260 | 77.1 |

સ્રોત :- Statistical Abstract of Gujrat-2019

$$\text{વૃદ્ધિદર} = \frac{\text{નવુંવર્ષ} - \text{જૂનુંવર્ષ}}{\text{જૂનુવર્ષ}} \times 100$$

તારણો :-

(1) ટેબલ નં 1 માં રાજ્યનું ઘરગથ્થું ઉત્પાદન વર્ષ 2011-12 વર્ષ 2017-18 સુધી ચાલુ ભાવોએ અને સ્થિર ભાવોએ દર્શાવેલ છે.

(2) વર્ષ 2011-12માં ચાલુ ભાવોએ કુલ ઉત્પાદન 615606 કરોડ હતું. તે વધીને વર્ષ 2017-18માં 1314680 કરોડ થયુ છે એટલે કે વર્ષ 2011-12 ની તુલનાએ વર્ષ 2017-18માં 113.6 ટકા ઉત્પાદનમાં વધારો થયેલો છે.

(3) વર્ષ 2011-12માં સ્થિર ભાવોએ ઉત્પાદન 615606 કરોડ હતું. તે વધીને વર્ષ 2017-18માં 1090260 કરોડ થયું છે. એટલે કે વર્ષ 2011-12ની તુલનાએ વર્ષ 2017-18માં 77.1 ટકા કુલ ઉત્પાદનમાં વધારો નોંધાયેલો છે.

(4) સ્થિર ભાવોની સરખામણીએ ચાલુ ભાવોએ ઉત્પાદન વૃદ્ધિદર 43 ટકાની આસપાસ વધારે જોવા મળે છે, જે ભાવ-વધારો દર્શાવે છે.

## 2.3 રાજ્યની ચોખ્ખી ઘરગથ્થુ પેદાશ (Net State domestic product)

રાજ્યની કુલ ઘરગથ્થું પેદાશમાંથી ઘસારા ખર્ચને બાદ કરતા રાજ્યની ચોખ્ખી ઘરગથ્થું પેદાશ પ્રાપ્ત થાય છે. દા.ત. કોઈ એક યંત્રનું ઉત્પાદન થયું અને તેની કિમત રૂ. 10 લાખ છે. આ યંત્રનું આયુષ્ય આશરે 10 વર્ષ હોય તો પ્રતિ વર્ષ યંત્રમાં 10,000 રૂ. ઈસારો થાય તેમ કહેવાય. 10 વર્ષ બાદ આ યંત્ર નકામું થઈ જાય તો 10 વર્ષના સમયગાળા દરમ્યાન તેને પહોંચેલો ઘસારો ઉત્પાદનમાંથી બાદ કરવો પડે છે, જેથી રાજ્યની ચોખ્ખી ઘરગથ્થું પેદાશ પ્રાપ્ત થાયછે. જે નીચેના ટેબલમાં દર્શાવેલ છે.

ટેબલ નં. 2

રાજ્યની ચોખ્ખી ઘરગથ્થું પેદાશ (રૂ.કરોડમાં)

| વર્ષ | ચાલુભાવોએ ચોખ્ખી ઘરગથ્થું પેદાશ | વર્ષ 2011-12 સરખામણીએ વૃદ્ધિદર | સ્થિર ભાવોએ ચોખ્ખી ઘરગથ્થું પેદાશ (2011-12) | વર્ષ 2011-12 સરખામણીએ વૃદ્ધિદર |
|---|---|---|---|---|
| 2011-12 | 532809 | - | 532809 | - |
| 2012-13 | 634572 | 19.1 | 596659 | 12.0 |
| 2013-14 | 707456 | 32.8 | 641489 | 20.4 |
| 2014-15 | 804764 | 51.0 | 705629 | 32.4 |
| 2015-16 | 893997 | 67.8 | 774775 | 45.4 |
| 2016-17 | 1009230 | 89.4 | 853973 | 60.3 |
| 2017-18 | 1151150 | 116.1 | 949715 | 78.2 |

સ્રોત :- Statistical Abstract of Gujarat-2019

તારણો :-

(1) ટેબલ નં.2 માં રાજ્યની ચોખ્ખી ઘરગથ્થું પેદાશ દર્શાવેલ છે. જે રાજ્યની કુલ પેદાશમાંથી ઘસારા ખર્ચને બાદ કરવાથી ચોખ્ખી પેદાશ પ્રાપ્ત થાય છે.

(2) વર્ષ 2011-12માં ચાલુ ભાવોએ ચોખ્ખી પેદાશ 532809 કરોડ હતી તે વધી ને વર્ષ 2017-18 માં 1151150 કરોડ થયેલી છે. એટલે કે વર્ષ 2011-12ની તુલનાએ વર્ષ 2017-18 માં કુલ ચોખ્ખી પેદાશમાં 116.1 ટકા વધારો થયેલો જોવા મળે છે.

(3) વર્ષ 2011-12 માં સ્થિર ભાવોએ ચોખ્ખી પેદાશનું મૂલ્ય રૂ.532809 કરોડ હતું તે વધીને વર્ષ 2017-18માં રૂ. 949715 છે. જેમાં વર્ષ 2017-18 માં 78.2 વધારો થયેલો જોવા મળે છે.

(4) રાજ્યની કુલ ચોખ્ખી પેદાશમાં સતત વધારો થતો હોય પરંતુ તે વસતિ વધારા કરતાં ઓછો હોય તો આર્થિક કલ્યાણમાં ઘટાડો થાય છે. તેથી ચોખ્ખી માથાદીઠ

આવક વધે તો જ કલ્યાણ વધ્યું કહેવાય.

## 2.4 માથાદીઠ ચોખ્ખી ઘરગથ્થું પેદાશ (Per Capital Net State Domestic Product)

રાજ્યમાં માથાદીઠ આવક પણ વિકાસનો એક માપદંડ છે. કોઈ એક વર્ષની કુલ આવકને એ વર્ષની વસતિ વડે ભાગતા માથાદીઠ આવક પ્રાપ્ત થાય છે. જો માથાદીઠ આવકમાં વધારો થાય તો વસ્તુ અને સેવાની વપરાશ વધે અને તે કલ્યાણ વધ્યું કહેવાય. આ દૃષ્ટિએ માથાદીઠ આવક વિકાસનો એક મહત્ત્વનોમાપદંડ ગણાય છે.

રાજ્યમાં માથાદીઠ આવકનો વૃદ્ધિદર કેટલો રહ્યો છે તે પણ ખૂબ જ મહત્ત્વનું છે. જો રાજ્યની આવક વધે પરંતુ વસતિ તેનાથી પણ વધારે વધે તો માથાદીઠ આવક ઘટે.તેથી રાજ્યની કુલ આવક વસતિવૃદ્ધિદર કરતા વધારે વધે તો જ માથાદીઠ આવક વધે એ સ્પષ્ટ છે. ગુજરાતની માથાદીઠ આવકનાં વલણો નીચે મુજબ છે.

ટેબલ નં.3

માથાદીઠ ચોખ્ખી ઘરગથ્થું પેદાશ

| વર્ષ | ચાલુભાવોએ ચોખ્ખી ઘરગથ્થું પેદાશ | વર્ષ 2011-12 સરખામણીએ વૃદ્ધિદર | સ્થિર ભાવોએ ચોખ્ખી ઘરગથ્થું પેદાશ (2011-12) | વર્ષ 2011-12 સરખામણીએ વૃદ્ધિદર |
|---|---|---|---|---|
| 2011-12 | 87481 | - | 87481 | - |
| 2012-13 | 102826 | 17.5 | 96683 | 10.5 |
| 2013-14 | 113139 | 29.3 | 102589 | 17.5 |
| 2014-15 | 127017 | 45.2 | 111370 | 27.3 |
| 2015-16 | 139254 | 59.2 | 120683 | 38.0 |
| 2016-17 | 155149 | 77.4 | 131281 | 50.1 |
| 2017-18 | 174652 | 99.6 | 144090 | 64.7 |

સ્રોત :- Statistical Abstract of Gujarat-2019

$$\text{માથાદીઠ આવક} = \frac{\text{રાજ્યની કુલ આવક}}{\text{રાજ્યની કુલ વસ્તી}}$$

તારણો :-

(1) જેટલા દરે વસતિ વધે તેના કરતા વધારે દરે રાજ્યની આવકમાં વધારો થાય તો જ માથાદીઠ આવકમાં વધારો થાય છે.

(2) ટેબલ નં.3 માં રાજ્યની માથાદીઠ આવક ચાલુ ભાવોએ અને સ્થિર ભાવોએ દર્શાવવામાં આવી છે.

(3) વર્ષ 2011-12માં ચાલુ ભાવોએ માથાદીઠ આવક 87481 તે વધીને વર્ષ 2017-18માં 1,74,652 થઇ છે. એટલે કે વર્ષ 2011-12ની સરખામણીએ વર્ષ 2017-18ની માથાદીઠ આવકમાં 99.6 ટકાનો વધારો થયેલો જોવા મળે છે.

(4) વર્ષ 2011-12 માં સ્થિર ભાવોએ માથાદીઠ આવક 87481 હતી. તે વર્ષ 2017-18 માં વધીને 1,44,090 થઇ છે. એટલે સ્થિર ભાવોએ પણ વર્ષ 2011-12 ની સરખામણીએ 2017-18 માં માથાદીઠ આવકમાં 64.7 ટકાનો વધારો થયેલો જોવા મળે છે.

(5) વર્ષ 2011-12 સરખામણીએ વર્ષ 2017-18 માં ચાલુ ભાવોની સરખામણીએ સ્થિર ભાવોએ માથાદીઠ આવકમાં થયેલો વધારો ઓછો છે. જે ભાવવૃદ્ધિ દર્શાવે છે.

(6) માથાદીઠ આવકમાં વધારો થતાં લોકોની વપરાશ વધે છેઅને કલ્યાણમાં વધારો થાય છે પરંતુ આવકની વહેંચણીમાં મોટી અસામનતા હોય તો કલ્યાણ વધવાનાં બદલે ઘટે પણ ખરું જેથી માથાદીઠ આવક લોકોના કલ્યાણનું સાચું ચિત્ર દર્શાવી શકતું નથી.

## 2.5 રાજ્યનું ચોખ્ખું ઘરગથ્થું ઉત્પાદન (ક્ષેત્રવાર ફાળો)

ગુજરાત રાજ્યના ચોખ્ખા ઘરગથ્થું પેદાશમાં વિવિધક્ષેત્રોનો કેટલો ફાળો રહ્યો છે તેની વિગતો નીચેનાં ટેબલમાં આપવામાં આવી છે. રાજ્યનો વિકાસ તેના વિવિધ ક્ષેત્રના વિકાસ પર આધાર રાખે છે. ખેતી ઉદ્યોગ અને સેવાના ક્ષેત્રે વિકાસની નીતિ કેવી રહી છે તે જોઈએ તો ખબર પડે છે કે કયું ક્ષેત્ર રાજ્યના વિકાસમાં કેટલો ફાળો આપે છે.

ટેબલ નં. 4

ક્ષેત્રદીઠ ઉત્પાદનમાં ફાળો

| વિભાગ | ચાલુ ભાવોએ | | | | સ્થિર ભાવોએ (2011-12) | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 2011-12 | | 2017-19 | | 2011-12 | | 2017-18 | |
| પ્રાથમિકક્ષેત્ર | 118950 | 25.37 | 220767 | 22.0 | 118950 | 25.37 | 170903 | 20.90 |
| દ્વિતીયક્ષેત્ર | 168931 | 36.00 | 410731 | 40.93 | 168931 | 36.00 | 341698 | 41.78 |
| તૃતીયક્ષેત્ર | 181244 | 38.63 | 372085 | 37.07 | 181244 | 38.63 | 305211 | 37.32 |
| કુલ | 469124 | 100 (ટકા) | 1003583 | 100 (ટકા) | 469124 | 100 (ટકા) | 817813 | 100 (ટકા) |

સ્રોત :- Statistical Abstract of Gujarat-2019

તારણો :-

(1) રાજ્યના પ્રાથમિકક્ષેત્રમાં ખેતી અને સંબંધિત ક્ષેત્ર વન્યપેદાશ, માછીમારી અને પશુપાલન વગેરેનો સામાવેશ થાય છે. વર્ષ 2011-12તુલનાએ વર્ષ 2017-18 માં પ્રાથમિકક્ષેત્રનીકુલ આવકમાં વધારો થયેલો જોવા મળે છે.

(2) રાજ્યના કુલ ઉત્પાદનમાં પ્રાથમિકક્ષેત્રનો ફાળો વર્ષ 2011-12માં ચાલુ ભાવોએ25.37 ટકા હતો તે ઘટીને વર્ષ 2017-18 માં 22 ટકા થયેલો જોવા મળે છે જયારે સ્થિર ભાવો તે ઘટીને 20.90 ટકા થયેલો જોવા મળે છે.

(3) રાજ્યનું પ્રાથમિકક્ષેત્ર સૌથી વધારે રોજગારી પૂરી પાડે છે. પણ આવકમાં સૌથી ઓછો હિસ્સો છે.

(4) દ્વિતિય ક્ષેત્રમાં ઉદ્યોગ, ખાણકામ અને ઉત્ખનન, ઉત્પાદન, વીજળી, ગેસને પાણી પુરવઠો અને બાંધકામ વગેરેનો સમાવેશ થાય છે.

(5) રાજ્યનાં કુલ ઉત્પાદનમાં સૌથી વધારે હિસ્સો દ્વિતિયક્ષેત્રનો છે. જે કુલ ઉત્પાદનમાં 40 ટકા જેટલો હિસ્સો છે.

(6) તૃતીયક્ષેત્રમાં વિવિધ સેવાઓ જેવી કે વ્યાપાર પરિવહન અને સંચાર, નાણાં, વીમો, સ્થાવર મિલકત, સામુદાયિક, સામાજિક અને વ્યક્તિગત સેવાનો સમાવેશ થાય છે.

(7) રાજ્યના કુલ ઉત્પાદનમાં તૃતીયક્ષેત્રને ફાળો ૩૮ ટકાની આસપાસ જોવા મળે છે.

## 2.6 આર્થિક વિકાસના માપદંડોઃ-

વિકાસને આર્થિક વૃદ્ધિ અથવા આર્થિક પ્રગતિ કરતાં જુદી રીતે વિચારવામાં આવે છે. વિકાસમાં આર્થિક વૃદ્ધિ અથવા આર્થિક પ્રગતિનો સમાવેશ થઇ જાય છે. પરંતુ આર્થિક વિકાસ એ એના કરતાં પણ કંઈ વિશેષ છે. એટલે માત્ર ઉત્પાદનનો વધારોકે આવકનો વધારોએ વિકાસ નથી. દા.ત. કોઈ એક વ્યક્તિ પાસે રૂ. 200 કરોડ હોય અને તેની પાસે રૂ.20 કરોડ આવક વધે તો એ વિકાસ છે એવું કોઈ ભાગ્ય જ કહેશે. સાચો અર્થ એ છે કે વિકાસને માત્ર આવક ઉત્પાદન, વપરાશ, જીવનધોરણ વગેરે સાથે સંબંધ નથી. કોઈ એક પ્રદેશનું અર્થતંત્ર વિસ્તરે તો તેને વૃદ્ધિ કહેવાય છે. કારણ કે વિસ્તરણ એટલે ઉત્પાદનમાં વધારો પણ તેથી કઈ અર્થતંત્રનું માળખું બદલાતું નથી. વિકાસનો અર્થ અર્થતંત્રનું માળખાગત પરિવર્તન છે. અને તેમાં સામાજિક વ્યવસ્થાઓ અને રાજકીય વ્યવસ્થાઓ પણ બદલાય છે. એટલે કે વિકાસને સમગ્ર સામાજિક જીવનની ગુણવત્તા સાથે સાંકળવામાં આવે છે. એટલે કે-આર્થિક વૃદ્ધિ પરિવર્તન = વિકાસ એમ પણ કહેવાય.

આ મુજબ આર્થિક વિકાસ એટલે જરૂરિયાતો, વસ્તુઓ, ઉત્પાદન, જ્ઞાન, સંસ્થાઓ, ઉત્પાદકતા વગેરેમાં ગુણાત્મક ફેરફારો વિકાસમાં માત્ર આવકના જથ્થાને ધ્યાનમાં લેવાતી નથી. પરંતુ વ્યક્તિ કે સમાજનો જીવનની ગુણવત્તામાં કેવા ફેરફાર થાય તે મહત્ત્વનું બને છે. આ દષ્ટિએ વૃદ્ધિ કેટલી થઇ તેની સાથે સાથે વૃદ્ધિ કેવી રીતે થઇ, કોણે કરી, કોને તેનો લાભ થયો વગેરે બાબતોને વિકાસમાં તપાસવામાં આવે છે.

### 2.6.1 જીવનની ભૌતિક ગુણવત્તાનો આંક (Physical Quality of Life Index):-

અમેરિકાના પ્રાધ્યાપક મોરિસ ડેવિસ દ્વારા આ ખ્યાલ વિકસાવવામાં આવ્યો. આર્થિક વિકાસમાં મુખ્યત્વે આર્થિક વૃદ્ધિએટલે કે ઉત્પાદન અને આવકનો વધારો ધ્યાનમાં લેવામાં આવે છે. તેમ કોઈ પણ એક દેશના અર્થતંત્રમાં કોઈ એક વર્ષના ગાળા દરમ્યાન કુલ ઘરેલું ઉત્પાદન એટલે GDP માં કેટલો વધારો થયો. તેને ધ્યાનમાં લેવામાં આવે છે. પરંતુ મનુષ્ય જીવનની ગુણવત્તાને તેમાં ધ્યાનમાં લેવામાં આવતી નથી. મોરિસે1979માં મનુષ્યની અથવા કોઇપણ એક દેશની સુખાકારી અથવા જીવનની ગુણવત્તાને માપવાનો પ્રયત્ન કર્યો અને તેમાં ત્રણ બાબતોને ધ્યાનમાં લેવામાં આવી. (1)સાક્ષરતાનો દર (2)બાળ મૃત્યુદર (3)આયુષ્ય જીવનની ભૌતિક ગુણવત્તાનો આંક એ આ રીતે માનવવિકાસ આંકનાં જેપાયામાં રહેલો ખ્યાલ ઊભો થયો તેના પાયામાં રહેલો ખ્યાલ છે. આ ત્રણ બાબતોને આધારે કોઈપણ દેશનો આંક 0 થી 100ના માપમાં માપવામાં આવે છે. આ આંક કોઈ એક દેશમાં આવક કેટલી વધી તેને બદલે તે દેશમાં લોકોના જીવનની ગુણવત્તા કેટલી સુધરી તે દર્શાવે છે. જો આંક વધારે તો જીવનની ગુણવત્તા સારી તેમ કહેવાય

PQLIમાં થતો સુધારો એમ દર્શાવે છે કે ઉત્પાદન અને આવકમાં થતા વધારા

કરતા જીવનની ગુણવત્તામાં થતા સુધારા વધારે ઝડપી છે. ગરીબ દેશોમાં વૃદ્ધિ દર બહુ ઊંચો ન રહ્યો હોત તો પણ PQLIમાં સુધારો થતોજોવા મળે છે. તેનો અર્થ એવો છે કે ગરીબ દેશોએ વિકાસને વહેચવા ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રીત કર્યું છે તેથી એમ કહેવામાં આવે છે કે, વિશ્વ બેંક અથવા IMF અથવા Asian Development Bank જેવી સંસ્થાઓના ધિરાણથી કે ટેકાથી પરિસ્થિતિ સુધરી નથી પણ ગરીબ દેશોએ પોતે પોતાની રાજકીય વ્યવસ્થા સુધારીને તથા સરેરાશ આયુષ્ય વધ્યું, સાક્ષરતાનો દર વધ્યો અને બાળ મૃત્યુદર ઘટ્યો છે. દુનિયાના ગરીબો તેમના જીવન દરમિયાન તેમના જીવનની ગુણવત્તા સુધારવા માટે પ્રયત્ન કરે તેવી તક તેમને આપવામાં ગરીબ દેશો સફળ થાય છે. તેમ કહેવાય આ દૃષ્ટિએ PQLI એક એવું માપ રજૂ કરે છે કે જે જીવનની ગુણવત્તા કેટલી સુધરી તે દર્શાવે છે.

### 2.6.2 સ્ત્રી – પુરુષ અસમાનતા આંક :-

સ્ત્રીઓ અને પુરુષો વચ્ચે અસમાનતા માનવ વિકાસ આડેનો એક મહત્ત્વનો અવરોધ બની રહ્યો છે. 1990 પછી છોકરીઓ અને મહિલાઓએ ખાસ્સી પ્રગતિ કરી છે. પરંતું હજુ પણ તેઓ વિકાસની બાબતમાં પુરુષોની સમાન થઇ નથી. 1995થી માનવ વિકાસ અહેવાલોએ મહિલાઓની સ્થિતિનું માપ કાઢવા માટે મહિલા વિકાસ આંક અને મહિલા સશક્તિકરણ માપ એમ બે આંક વિકસાવ્યા હતા. 2010ના માનવ વિકાસ અહેવાલથી સ્ત્રી-પુરુષ અસમાનતા આંક ગણવાની શરૂઆત થઇ છે. આ ત્રણેયમાં જે આઠ નિર્દેશકો ધ્યાનમાં લેવાયા છે,તેમાં મુખ્યત્વે નીચેના પાસાંનો સમાવેશ થાય છે.

(1) પ્રજનનલક્ષી આરોગ્ય

(2) સશક્તિકરણ

(3) શ્રમ બજાર

અહિ રાજકીય અને આર્થિક બને બાબતોમાં મહિલાઓનું સશક્તિકરણ કેટલું થયું છે તે ધ્યાનમાં લેવામાં આવે છે.આ આંક એકંદરે એમ દર્શાવે છેકે સમાજમાં મહિલાઓની સ્થિતિ કેવી છે. આર્થિક વિકાસ જો થાય તો તમને તેનો લાભ મળે છે કે નહિ. જો કે 2010ના માનવ વિકાસના અહેવાલોમાં નોંધવામાં આવ્યું છે કે, આ ઉપ રાંત પણ નીચેના પાસાં મહિલાઓની સુખાકારી માટે પ્રસ્તુત છે પણ વિશ્વસનીય માહિતી સમયસર નહી મળવાથી એ પાસાંનો સમાવેશ G I I (Gender Inequality Index) ગણતરીમાં કરવામાં આવ્યો નથી.

(1) મહિલાઓ સમયનો ઉપયોગ કેવી રીતે કરે છે.

(2) ઘરેલુ હિંસા

(3) સ્થાનિક સ્તરે સશક્તિકરણ

### 2.6.3 માનવ-વિકાસ આંક (Human Development Index):-

1990થી માનવ વિકાસઆંકની ગણતરી સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા કરવામાં આવે છે. સંયુક્ત રાષ્ટ્રસંઘ દર વર્ષે માનવ વિકાસ અહેવાલ બહાર પડે છે. સૌ પ્રથમ 1991માં માનવ વિકાસ અહેવાલમાં વિકાસને ધ્યાનમાં લેવામાં આવ્યો હતો.

(1) જન્મ સમયે અપેક્ષિત આયુષ્ય

(2) શિક્ષણ

(3) જીવન ધોરણ-માપદીઠ આવક :

2010 પહેલા માનવ વિકાસ આંકની ગણતરી માટે અલગ પદ્ધતિઓ ઉપયોગ કરવામાં આવ્યો હતી. 2010 પછી અલગ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. માનવ વિકાસ સૂચકઆંકની ગણતરી.

$$\text{સૂત્ર :- માનવ વિકાસ સૂચકઆંક} = \frac{\text{ખરેખરનું મૂલ્ય } (\times) - \text{ લઘુતમ મૂલ્ય } (L)}{\text{ગુરુત્તમ મૂલ્ય } (M) - \text{ લઘુતમ મૂલ્ય } (L)}$$

સૌથી પહેલું પગથિયું પ્રત્યેક માપદંડ માટે સૂચકઆંક નક્કી કરવાનું છે. નિર્દેશકોનો 'શૂન્ય' થી 'એક' ની વચ્ચે સૂચક – આંકના રૂપમાં વ્યક્ત કરવા માટે સૌ પ્રથમ ન્યૂનતમ તથા મહત્તમ મૂલ્ય નક્કી કરવામાં આવે છે. માનવ વિકાસ અહેવાલ 2013 માં 1980 થી 2012ની સમય શ્રેણીમાં ઉચ્ચ મેળવેલ સ્તરને મહત્તમ મૂલ્ય નક્કી કરવામાં આવ્યું છે. ન્યૂનતમ મૂલ્યને ઉપરના ન્યૂનતમ સ્તર દ્વારા નક્કી કરવામાં આવ્યાં છે. ન્યૂનતમ અપેક્ષિત આયુષ્ય 20 વર્ષ લેવામાં આવ્યું છે. શિક્ષણ સાથે સાથે સંબધિત બંને માપદંડ માટે ન્યૂનતમ મૂલ્ય શૂન્ય લેવામાં આવ્યું છે. કેમ કે સમાજમાં કોઈ પણ વ્યક્તિ શિક્ષણ વિના જીવન ગુજારી શકે છે. ન્યૂનતમ પ્રતિ વ્યક્તિદીઠ આવક 100 ડોલરમાં લેવામાં આવી છે. આ રીતે માનવ વિકાસ અંકનું 2013માં જુદા જુદા નિર્દેશકો માટે ન્યૂનતમ અને મહત્તમ મૂલ્ય 40,000 ડોલર લેવામાં આવ્યું છે.

માનવ વિકાસ આંકની ગણતરી કરવાની જૂની પદ્ધતિ

| ક્રમ | પરિમાણ | | ન્યૂનતમ | મહત્તમ મૂલ્ય |
|---|---|---|---|---|
| 1 | જન્મ સમયે અપેક્ષિત આયુષ્ય સૂચકઆંક | = | 25 | 85 |
| 2 | પ્રૌઢ સાક્ષરતા સૂચકઆંક | = | 00 | 100 |
| 3 | જીવન-ધોરણ-માથાદીઠ સૂચકઆંક | = | 100 ડોલર | 40,000 ડોલર |
| | માનવ વિકાસ આંકની ગણતરી કરવાની નવી પદ્ધતિ– 2010 | | | |
| 1 | જન્મ સમયે અપેક્ષિત આયુષ્ય સૂચકઆંક | = | 20 | 85 |
| 2 | સરેરાશ શાળાવર્ષો સૂચકઆંક | = | 00 | 100 |
| 3 | અપેક્ષિત શાળાવર્ષો સૂચકઆંક | = | 00 | 100 |
| 4 | સંયુક્ત શૈક્ષણિક સૂચક આંક | = | 00 | 100 |
| 5 | આવક સૂચકઆંક | = | 100 ડોલર | 40,000 ડોલર |

સ્રોત :- માનવ – વિકાસ અહેવાલ -2013

માનવ વિકાસ આંકનું મૂલ્ય શૂન્ય (0) અને 'એક' (1)તેના આધારે વિશ્વના રાષ્ટ્રોના માનવ વિકાસ કેટલો થાય છે. તે જાણી શક્ય છે. જેમ કે..

* અતિ ઊંચો માનવ વિકાસ (માનવ વિકાસ આંક મૂલ્ય 0.900 કે તેથી વધુ)
* ઊંચો માનવ વિકાસ (માનવ વિકાસ આંક મૂલ્ય 0.800-0.899)
* મધ્યમ માનવ વિકાસ (માનવ વિકાસ આંક મૂલ્ય 0.500-0.799)
* નીચો માનવ વિકાસ (માનવ વિકાસ આંક મૂલ્ય 0.500 થી નીચો)

સંયુક્ત રાષ્ટ્રસંઘે નવી 2010ની પદ્ધતિમાં જન્મ સમયે અપેક્ષિત આયુષ્યને પહેલ માનવ વિકાસ અહેવાલની જેમ જ પરિભાષિત કરવામાં આવ્યો છે. જયારે જ્ઞાન સંબંધી તથા સારા જીવન સ્તર સંબધી માપદંડોમાં પરિવર્તન કરવામાં આવ્યું છે.

આગળના અહેવાલમાં સારા જીવનધોરણના માપદંડોના માપન માટે પ્રતિ કુલ ઘરેલું ઉત્પાદનને લેવામાં આવતું હતું જયારે માનવવિકાસ અહેવાલ 2010માં રાષ્ટ્રીય ઉત્પાદનને લેવામાં આવ્યું છે. કુલ ઘરેલું ઉત્પાદનના સ્થાને રાષ્ટ્રીય ઉત્પાદનને એ માટે જરૂરી સમજવામાં આવ્યું છે કે વૈશ્વિકીકરણનાં જમાનામાં દેશના નાગરિકોની આવક તથા ઘરેલું ઉત્પાદન વચ્ચે મહત્ત્વ પૂર્ણ અંતર હોઈ શકે છે. જ્યાં સુધી જ્ઞાન સંબંધી માપદંડની વાત છે ત્યારે તેમાં સાક્ષરતાની જગ્યાએ હવે શાળાનાં વર્ષો તથા કુલ નોંધણી દરના સ્થાને અપેક્ષિત શાળાનાં વર્ષોને ધ્યાનમાં લેવામાં આવે છે.

- ગુજરાત શિક્ષણ અને માનવ શિક્ષણ

ગુજરાત રાજ્યની ગણના દેશના એક અગ્રણી આર્થિક રીતે વિકસિત રાજ્ય તરીકે થાય છે. જેમ જેમ આર્થિક વિકાસ થવા પામ્યો તેની સાથે શિક્ષણનું પ્રમાણ પણ ઉત્તરોત્તર વધતું જોવા મળે છે. શિક્ષણ એ માનવીની પાયાની જરૂરિયાત છે. શિક્ષણ વિનો કોઈ પોતાનો વિકાસ કરી શકે નહિ અને તેની પોતાની તાકાત અને કૌશલ્યનો મુક્ત અને યોગ્ય ઉપયોગ કરી શકે નહિ. સામાન્ય રીતે શિક્ષણનું વિસ્તરણ થતા તેની ગુણવત્તાને ઘણાં બધાં માપદંડો દ્વારા માપી શકાય તેમ છતાં સાક્ષરતા અંગેના આંકડા શૈક્ષણિક સ્તરને માપવા માટેનું એક ખૂબ જરૂરી માપદંડ છે. શિક્ષણથી સમાજના અન્ય ક્ષેત્રો જેવાં કે આરોગ્ય, મહિલા વિકાસ, રોજગાર, બાળ વિકાસ શ્રમ વિગેરે પર ગુણાત્મ અસર થાય છે. શિક્ષણ ફક્ત લોકના જીવનની ગુણવત્તા જ સુધરતું નથી તે પ્રગતિની તકો પણ પૂરી પડે છે. દેશમાં સાક્ષરતા દરનું પ્રમાણ શિક્ષણની પરિસ્થિતિ સૂચવે છે. દેશની કુલ વસ્તીમાંથી શિક્ષણ મેળવેલી વસ્તીની ટકાવારી વધે, દેશમાં શિક્ષણનું પ્રમાણ જાણી શકાય છે. ગુજરાતમાં સાક્ષરતાનો દર પુરુષોમાં 85.8 ટકા અને સ્ત્રી સાક્ષરતા દર 69.7 ટકા છે. જયારે કુલ સાક્ષરતા દર 78.0 ટકા છે. ગુજરાતમાં પ્રાથમિક શાળામાં શાળા છોડી જવાનો દર વર્ષ 1990-00 માં 22.30 ટકાથી ઘટીને વર્ષ 2013-14માં 2.0 ટકા થવા પામેલ છે. એજ રીતે ધોરણ 1 થી 7 માં શાળા છોડી જવાનો દર વર્ષ 1999 માં 41.48 ટકા થી ઘટીને વર્ષ 2013-14માં 6.91 ટકા થવા પામેલ છે.

- સ્વાસ્થ્ય અને શિક્ષણ :

ગુજરાત રાજયના અગત્યના આરોગ્યના નિર્દેશકોનો અભ્યાસ કરીએ તો ગુજરાતમાં જન્મ સમયે આયુષ્યની ધારણા 1951-60માં પુરુષમાં 60.8 વર્ષ હતી જયારે સ્ત્રીઓની 39.2 વર્ષ જેટલી હતી. જે 1991-95માં વધીને પુરુષોમાં 60.9 વર્ષ અને સ્ત્રીઓમાં 62.9 વર્ષ જેટલી થઇ. આમ, ત્યારબાદ જન્મ સમયનાઆયુષ્યમાં વધારો થતો ગયો છે. તેમાંય ખાસ ઠરીને સ્ત્રીઓની આયુષ્યની ધારણામાં વધારો થતો ગયો છે. 2006-10માં સ્ત્રીઓમાં 69.0 વર્ષ અને પુરુષોમાં 64.9 વર્ષ જેટલું પ્રમાણ હતું. ઉપરના આંકડાઓ એ સ્પષ્ટ કરે છે કે જન્મ સમયની આયુષ્યની ધારણા વધી છે. પ્રતિ હજાર જીવન જન્મદીઠ એક વર્ષની વય સુધી પહોંચતા પૂર્વે થતાં બાળકોનાં મૃત્યુને બાળ મૃત્યુદર તરીકે ઓળખવામાં આવે છે.ગુજરાતમાં બાળમૃત્યુનું પ્રમાણ 2009માં કુલ 48 હતું જેમાં પુરુષોમાં 47 અને સ્ત્રીઓમાં આ પ્રમાણ 48 જેટલું હતું. જયારે ગ્રામીણ વિસ્તારમાં આ પ્રમાણ 55 અને શહેરમાં 33 હતું. 2013માં આ પ્રમાણ ઘટીને કુલ 36 જેમાં પુરુષમાં 43 અને સ્ત્રીઓમાં 22 જોવા મળે છે.

### 2.6.4 ટકાઉ- વિકાસનો ખ્યાલ

નિરંતર વિકાસ શબ્દ પ્રયોગ 1987માં વિશ્વ પર્યાવરણ અને વિકાસ પંચે સુપરત કરાયેલા અહેવાલથી પ્રચલિત થયો. આ પંચની સ્થાપના 1983માં સંયુક્ત રાષ્ટ્રો (યુનાઈટેડ નેશન્સ – યુએન)ની સામાન્ય સભા દ્વારા કરવામાં આવી હતી. આ પંચના

વડા યુરોપના એક દેશ નોર્વેના વડાપ્રધાન પદે રહી ચૂકેલા શ્રીમતી ગ્રો ફાલેંસ બ્રુન્ટલેન્ડ હતાં. તેથી આ અહેવાલને બ્રુન્ટલેન્ડ પંચના અહેવાલ તરીકે પણ ઓળખવામાં આવે છે.

જો કે, 'નિરંતર ચિકાસ'શબ્દપ્રયોગ સૌ પ્રથમ 'ઇન્ટરનેશનલ' ઇન્સ્ટીટ્યુટ ફોર 'એન્વાયરમેન્ટ એન્ડ ડેવલોપમેન્ટ'ના અર્થશાસ્ત્રી સુશ્રી બાર્બરા વોર્ડ દ્વારા 1970ના દાયકાના પૂર્વાર્ધમાં કરાયો હતો. ચિરંતન વિકાસને ગુજરાતીમાં ટકાઉ વિકાસ કે સંપોષક વિકાસ તરીકે પણ ઓળખવામાં આવે છે. ટકાઉ વિકાસ કે ચિરંતન વિકાસમાં પૃથ્વીને ટકાવવાનો, પર્યાવરણને બચાવવાનો અને એ રીતે સમગ્ર સજીવસૃષ્ટિને ટકાવવાનો વિચાર સમાયેલો છે. જો વસ્તુઓ અને સેવાઓની અને એ રીતે પર્યાવરણીય સંસાધનોનો બેફામ વપરાશ થાય અને હવા, પાણી અને જમીનમાં પ્રદૂષણ થાય તો ખુદ પૃથ્વીના જ અસ્તિત્વ સામે ખતરોઊભો થાય છે, આમ એમાંસમજાવવામાં આવ્યું છે. જો પૃથ્વી જ ન ટકે તો માણસજાત કેવી રીતે ટકે ? આ રીતે પૃથ્વીને ટકાવવાનો વિચાર પર્યાવરણના વધુ સારા જતન માટેની જરૂરિયાત વિશે લોકોની સભાનતા વધારવામાં અને તેના ઉપર ધ્યાન કેન્દ્રીત કરવામાં ખૂબ જ મજબૂત વિચાર સાબિત થયો છે.

બ્રન્ટલેન્ડ પંચે ચિરંતન વિકાસની વ્યાખ્યા આ મુજબ આપી, ''ભવિષ્યની પેઢીઓની તેમની જરૂરિયાતોને પહોચી વાળવાની ક્ષમતા સાથે બાંધછોડ કર્યા વિના વર્તમાન પેઢીની જરૂરિયાતોને પહોંચી વળે તેવી પ્રગતિ.'' આ વ્યાખ્યાને સ્વીકારતા વિશ્વબેંકે ૧૯૯૨માં તેના શીર્ષક હેઠળના વિશ્વ વિકાસ અહેવાલમાં એમ કહ્યું હતું કે ''આ પેઢીમાં ગરીબોની જરૂરિયાતોને પહોંચી વળવું એ ભાવિ પેઢીઓની જરૂરિયાતોને ચિરંતન રીતે પહોંચી વળવાનું અનિવાર્ય છે.'' એટલે કે વિકાસની નીતિનાં લક્ષ્યાંકો અને પર્યાવરણનાં યોગ્ય રક્ષણ વચ્ચે કોઈ ભેદ નથી એમ આ અહેવાલ કહે છે. એકંદરે કલ્યાણ વધારવા માટે બંને થવા જોઈએ એમ પણ વિશ્વબેંકના અહેવાલમાં કહેવામાં આવ્યું હતું. આમ, ચિરંતન વિકાસને ગરીબોની જરૂરિયાતો પરિપૂર્ણ કરવા સાથે વિશ્વ બેંકે સાંકળ્યો હતો.

આર્થિક વિકાસ જેમ જેમ થતો ગયો તેમ તેમ પર્યાવરણને વધુને વધુ હાનિ પહોચી. તેથી ઘણીવાર એમ મનાયું કે જો વિકાસ કરવો હશે તો પર્યાવરણને હાનિ પહોચશે એટલે કે આર્થિક વિકાસ અને પર્યાવરણનું જતન બંને સાથે ના થઇ શકે. એમ સમજવામાં આવ્યું. આથી જ ચિરંતન વિકાસનો ખ્યાલ ઉદ્દભવ્યો. આર્થિક વિકાસ એવો હોય કે જેમાં પર્યાવરણને હાનિ ના પહોંચે એ ખ્યાલ ચિરંતન વિકાસની વિભાવનામાં મૂળભૂત બાબત છે.

વિકાસ માટે અપનાવવામાં આવતી કોઈ પણ ટેકનોલોજી પ્રાથમિકતાનું માળખું અને સંસાધનના ઉપયોગનો એવો કોઈક દર ધરાવે છે,કે જે લાંબા સમય માટે ટકી શકતો નથી. ચિરંતન વિકાસ સિદ્ધ કરવા માટે ઉપયોગના આવા બિન-ટકાઉ દર ઉપર ધ્યાન કેન્દ્રીત કરવાનું અગત્યનું છે. ખાસ કરીને નીતિ નિર્ધારકો માટે તે અગત્યનું છે કે જેથી તેઓ ચિરંતનતા તરીકે આગળ વધે. ઘણી વાર તેને માટે પ્રાથમિકતાઓ બદલવી પડે અને ટેકનોલોજી દ્વારા થતાં સંસાધનોનો વપરાશ પણ બદલવો પડે. આ માટે સરકારે સમજીને અને પરિવારો તથા વ્યક્તિઓએ યોગ્ય નિર્ણયો લેવા પડે અને નિશ્ચિત સમયગાળામાં કરે છે. તેથી ચિરંતનતા કોને કહેવાય એ મુશ્કેલ બને છે. આમ આ વ્યાખ્યામાં બે બાબતોનો સમાવેશ થાય છે.

(1) જરૂરિયાતનો ખ્યાલ :- ખાસ દુનિયાના ગરીબ લોકોની આવશ્યક જરૂરિયાતો કે જેને સૌ પ્રથમ પ્રાથમિકતા આપવી જોઈએ.

(2) વર્તમાન જરૂરિયાતો અને ભવિષ્યની જરૂરિયાતોને પહોંચી વળવાની પર્યાવરણની ક્ષમતા ઉપર ટેકનોલોજી અને સામાજિક સંગઠન જે મર્યાદાઓ લાદે છે તે.

આ રીતે જોતા તેમાંથી નીચેની બાબતો ફલિત થાય છે

(1) આર્થિક અને સામાજિક વિકાસ ચિરંતનતાના સંદર્ભમાં થવો જોઈએ.

(2) એ લક્ષ્યાંકો તમામ વિકસિત અને વિકસતા દેશો માટે નક્કી થવા જોઈએ. એમના અર્થતંત્રોનું સ્વરૂપ પછી ભલેને ગમે તે હોય.

(3) વિકાસમાં અર્થતંત્ર અને સમાજનું ઉત્તરોત્તર રૂપાંતરણ થવું જોઈએ.

(4) વિકાસ માટેની નીતિઓ હોવી જોઈએ કે જેમાં વિવિધ સંસાધનોની પ્રાપ્તિમાં અને ખર્ચ તથા લાભની વહેંચણીમાં પરિવર્તન આવે.

## 2.9 સારાંશ

પ્રસ્તુત એકમના અભ્યાસ બાદ અવશ્ય એવું તારણ કાઢી શકાય કે ગુજરાતની કુલ ઘરગથ્થું પેદાશ ચોખ્ખી ઘરગથ્થું પેદાશ અને માથાદીઠ આવકમાં વધારો થયેલો જોવા મળે છે. એટલે ગુજરાતને વૃદ્ધિના સંદર્ભમાં અવશ્ય વિકસિત રાજ્ય તરીકે ઓળખાવી શકાય. પરંતુ જયારે વિકાસના સંદર્ભમાં વિવિધ માપદંડો જેવાં કે માનવવિકાસ આંક, જીવન ભૌતિક ગુણવત્તા આંક, જાતિ અસમાનતા આંક, અને ટકાઉ વિકાસના સંદર્ભમાં જયારે વિચાર કરવામાં આવે તો ગુજરાતમાં મધ્યમ વિકાસ થાય છે, તેમ કહી શકાય. માનવ વિકાસ આંકમાં પણ તે 11મુસ્થાન ધરાવે છે. તેથી વૃદ્ધિ કરતાં વિકાસ ઝડપી બનાવી શકાય તેવા આયોજનની જરૂરિયાતો જણાય છે.

## 2.10 ચાવીરૂપ શબ્દો

(1) વૃદ્ધિદર :- જૂનાવર્ષ સરખામણીએ નવાવર્ષનો થયેલો ટકાવારી ફેરફાર

$$\text{વૃદ્ધિદર} = \frac{\text{નવુંવર્ષ} - \text{જૂનુંવર્ષ}}{\text{જૂનુવર્ષ}}$$

(2) કુલ ઘરગથ્થું પેદાશ :-રાજ્યની ભૌગોલિક હદમાં એક વર્ષના સમયગાળા દરમ્યાન ઉત્પાદિતચીજવસ્તુઓ અને સેવાનું નાણાકીય મૂલ્ય.

(3) ચોખ્ખી ઘરગથ્થું પેદાશ :- કુલ ઘરગથ્થું પેદાશમાંથી ઘસારા ખર્ચ બાદ કરતાં કુલ ચીજવસ્તુ અને સેવાનું નાણાકીય મૂલ્ય

(4) માથાદીઠ ઉત્પાદન (આવક) :- રાજ્યની કુલ આવકને રાજ્યની વસ્તી વડે ભાગવાથી મળતી આવક.

## 2.11 તમારી પ્રગતિ ચકાસો.

(અ) નીચેના પ્રશ્નોના વિગતે જવાબ આપો.

(1) ગુજરાત રાજ્યની કુલ ઘરગથ્થું આવકનાં વલણો જણાવો.

(2) ગુજરાત રાજ્યની માથાદીઠ આવકનાં વલણો જણાવો.

(3) ગુજરાત રાજ્યનાં વિવિધ ક્ષેત્રવાર આવકનાં વલણો જણાવો.

(4) ગુજરાતના સંદર્ભમાં માનવ-વિકાસ આંકની વિગત જણાવો.

(બ) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(1) ગુજરાત રાજ્યની ચોખ્ખી ઘરગથ્થું પેદાશ જણાવો.

(2) માનવવિકાસ આંકના માપદંડો જણાવો.

(3) ટકાઉ વિકાસ એટલે શું સમજાવો.

(4) આર્થિક વિકાસ એટલે શું ? સમજાવો.

(5) જીવન – ભૌગોલિક ગુણવત્તા આંક સમજાવો.

(6) ગુજરાતની કુલ ઘરગથ્થું પેદાશમાં કૃષિક્ષેત્રે ફાળો જણાવો.

(ક) નીચેની ખાલી જગ્યામાં યોગ્ય વિકલ્પ પસંદ કરી પૂરો.

(1) આર્થિક વિકાસ એટલે શું.________________

(A) પરિણાત્મક માપ (B) ગુણાત્મક માપ

(C) રાષ્ટ્રીય આવકમાં વધારો (D) માથાદીઠ આવકમાં વધારો

(2) ગુજરાતની કુલ ચોખ્ખી પેદાશમાં કૃષિક્ષેત્રે ફાળામાં ___________ વલણો જોવા મળે છે.

(A) સતત ઘટાડો (B) સતત વધારો

(C) સ્થિર (D) અસ્થિર

(3) કુલ ઘરગથ્થું પેદાશમાંથી ____________ બાદ કરતા ચોખ્ખી ઘરગથ્થું પેદાશ પ્રાપ્ત થાય છે.

(A) ઘસારા ખર્ચ (B) સબસીડી

(C) કરવેરા (D) આર્થિક દેવું

(4) _____________ કારણોસર સ્થિરભાવ કરતાં ચાલુ ભાવો પેદાશનું મૂલ્ય વધુ જોવા મળે છે.

(A) ભાવ વધારો (B) ભાવ ઘટાડો

(C) ભાવ સ્થિર (D) કિમત ઘટાડો

(5) વૃદ્ધિદર શોધવા માટે સૂત્ર ___________ છે.

(A) જૂનુંવર્ષ – નવુંવર્ષ
----------------- × 100
જૂનુવર્ષ

(B) નવુંવર્ષ –જૂનુંવર્ષ
---------------- × 100
જૂનુવર્ષ

(C) નવુંવર્ષ –જૂનુંવર્ષ
---------------- × 100
નવુંવર્ષ

(D) નવુંવર્ષ – જૂનુંવર્ષ
---------------- × 100
જુનુવર્ષ

(6) સ્ત્રી – પુરૂષ અસમનતા આંકમાં --------- માપદંડોનો સમાવેશ થતો નથી.

(A) માથાદીઠ આવક (B) પ્રજનનલક્ષી આરોગ્ય

(C) અશક્તિકરણ (D) શ્રમ બજાર

(7) જીવન ભૌતિક ગુણવત્તા આંકમાં --------- માપદંડોનો સમાવેશ થાય છે.

(A) સાક્ષરતાનો દર (B) બાળ મૃત્યુ દર

(C) આયુષ્ય (D) ઉપરોક્ત બધાં જ

(8) માથાદીઠ આવકમાં સ્થિર કિંમતોની સરખામણીએ માત્ર ચાલુ કિંમતે થતો વધારો ------દર્શાવે છે.

(A) બેરોજગારી (B) ભાવ વધારો

(C) ભાવ સંકુચન (D) અતિ રોજગારો

(9) ગુજરાત રાજયમાં 2011 અનુસાર --------- ક્ષેત્ર સૌથી વધારે રોજગારી પૂરી પાડે છે.

(A) પ્રાથમિક ક્ષેત્ર (B) દ્વિતિય ક્ષેત્ર

(C) તૃતિય ક્ષેત્ર (D) ઉદ્યોગ ક્ષેત્ર

(10) ભવિષ્યની પેઢીની જરૂરિયાતને પહોંચી વળવાની ક્ષમતા સાથે બાંધ છોડ કર્યા વિના વર્તમાન પેઢીની જરૂરિયાતોને પહોંચી વળે તેવી પ્રગતિ --------- કહે છે.

(A) આર્થિક વિકાસ (B) ભૌતિક વિકાસ

(C) ટકાઉ વિકાસ (D) માનવ વિકાસ

જવાબો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| (1) | B | (2) | A | (3) | A | (4) | A | (5) | B |
| (6) | A | (7) | D | (8) | B | (9) | D | (10) | C |

(ડ) નીચેના વિધાનો ખરા છે કે ખોટા જણાવો.

(1) માનવ વિકાસ આંકનું મૂલ્ય એકથી વધારે હોય છે.

(2) PQLI આંકમાં થતો વધારો એ જીવન ધોરણની સારી ગુણવત્તા દર્શાવે છે.

(3) માનવ વિકાસ આંક નવી પદ્ધતિમાં અપેક્ષિત આયુષ્ય માપદંડમાં ન્યૂનત્તમ મૂલ્ય 25 વર્ષ ગણવામાં આવે છે.

(4) ગુજરાતમાં વર્તમાન સમયમાં પુરોષોની સરખામણીએ સ્ત્રીઓમાં અપેક્ષિત આયુષ્ય વધારે જોવા મળે છે.

(5) ગુજરાતમાં 2011ની વસ્તી ગણતરી મુજબ શહેરી વિસ્તારની સાપેક્ષમાં ગ્રામીણ વિસ્તારમાં બાળ મૃત્યુ દર વધારે જોવા મળે છે.

જવાબો.

(1) ખોટું (2) ખરું (3) ખોટું (4) ખરું (5) ખરું

★ ઉપયોગી પુસ્તકોની યાદી

(1) ભારતીય અર્થતંત્ર, હેમંતકુમાર શાહ આત્યમ શાહ વેદ- વ્યાસ વિદ્યાપીઠ, ગાંધીનગર

(2) Statistical Abstract of Gujarat -2019, Gandhinagar.

એકમ 3

# ગુજરાત પ્રદેશનો પરિચય-I

## રૂપરેખા


3.0 ઉદ્દેશો

3.1 પ્રસ્તાવના

3.2 ગુજરાતનો ભૌગોલિક પ્રદેશ

3.3 ગુજરાતના પર્યાવરણીય પાસાંઓ

3.4 ગુજરાતમાં પ્રદૂષણની સ્થિતિ

3.5 સારાંશ

3.6 ચાવીરૂપ શબ્દો

3.7 તમારી પ્રગતિ ચકાસો

3.8 કેટલાંક ઉપયોગી પુસ્તકો / વેબસાઈટ


## 3.0 ઉદ્દેશો

- વિદ્યાર્થી ગુજરાતની ભૂગોળથી પરિચિત થાય
- વિદ્યાર્થી કુદરતી પર્યાવરણીય પાસાંઓથી પરિચિત થાય.
- વિદ્યાર્થી ગુજરાતમાં પ્રદૂષણ માટે ક્યાં ક્યાં માધ્યમો છે, તેનાથી પરિચિત થાય.

## 3.1 પ્રસ્તાવના

વિશ્વમાં ભારત મહત્ત્વનું સ્થાન ધરાવે છે. અરબ મહાસાગર, હિન્દ મહાસાગર, બંગાળની ખાડી તથા ઉત્તરે હિમાલયની પર્વતમાળાથી સુરક્ષિત આ દેશનું કુલ ક્ષેત્રફળ 32,87,780, ચો.કી.મી. છે. જે પોતાની આગવી વિશિષ્ટતા ધરાવતા 28 રાજયોઓમાં વહેચાયેલો છે. જેમની સંસ્કૃતિ વિશ્વમાં જાણીતી છે. આવા ભારતના પશ્ચિમ કાંઠે 1,96,000 ચોક્કસ કિલોમીટર ક્ષેત્રફળ ધરાવતું ગુજરાત રાજ્ય આવેલું છે. “ગરવી ગુજરાત” નામ સાંભળતાં જ ગુજરાતી ભાષા, ગુજરાતી પ્રજા અને તેની સંસ્કૃતિની ઉજ્જવલ પરંપરાનું ભાન થાય છે. ગુજરાતનાં મૂળ અને કુળની પરંપરા ઘણી સમુદ્ર છે. આમ ગુજરાત નામ “ગુર્જર રાષ્ટ્ર” પરથી પડયું હોઈ શકે. તેનો અર્થ ગૂર્જર લોકોનો દેશએમ થાય. ભૌગોલિક પરિપ્રેક્ષ્યમાં ગુજરાત ભારતના નકશામાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. ભારતનાં સાગર કિનારાનો ત્રીજો ભાગ ગુજરાત ધરાવે છે. ગુજરાતનો 1600 કી.મી. લાંબો દરિયાકિનારો તેની સમુદ્ધિ તેમજ સાહસનું ઉદગામ સ્થાન બન્યો જ તે સાથે વિદેશી પ્રજાને આકર્ષવાનું નિમિત પણ બની રહ્યો છે. ગુજરાત 20-1 અને 24-7 ઉત્તર અક્ષાંશ અને 68-4 અને 740-4 પૂર્વ રેખાંશ વચ્ચે આવેલ છે. 196 હાજર ચોરસ કિલોમીટર ધરાવતું. આ રાજ્ય વિસ્તારની દૃષ્ટિએભારતમાં

10માં ક્રમે આવે છે. ભારતના કુલ વિસ્તાર પૈકી ગુજરાત 5.98% વિસ્તાર ધરાવે છે. ગુજરાતની વસ્તી ઉત્તરોત્તર વધતી જોવા મળે છે. "1901 માં ગુજરાતની વસ્તી માત્ર 91 લાખની હતી. તે ઉત્તરોત્તર વધતાં 2011 નાં વસ્તી ગણતરીના આંકડા મુજબ 6,03,83,628 લાખની થવા જાય છે."

## 3.2 ગુજરાતનો ભૌગોલિક પ્રદેશ

### 3.2.1 ગુજરાતની ભૂ-રચના

ગુજરાતની ભૂ-રચનાના ત્રણ કુદરતી વિભાગો છે. તળ ગુજરાતનું મેદાન, સૌરાષ્ટ્ર અને કચ્છનો દ્વિપકલ્પ અને ઈશાનનો પહાડી પ્રદેશ. તળગુજરાત ભૂસ્ખલનથી નીચે બેસી જતાં અને કાંપ પુરાંતથી હશે એમ મનાય છે. ગુજરાતનો 50%થી વધુ વિસ્તાર આવાં મેદાનોનો બનેલો છે. સૌરાષ્ટ્ર અને કચ્છનાં વિકલ્પમાં ડુંગરોની હારમાળા આવેલી છે. કચ્છનો પશ્ચિમ અને ઉત્તરભાગ દક્ષિણ અને પૂર્વ ભાગ કરતાં વધારે સૂકો છે. ગુજરાતમાં ઈશાન ખૂણાથી અગ્નિખૂણા સુધીનો ઈશાનનો પહાડી પ્રદેશ ભારતની પ્રાચીન ગિરિમાળા અરવલ્લી તથા વિંધ્ય સાતપુડાની ગિરિમાળા અને પશ્ચિમ ઘાટની શાખારૂપ ડુંગરમાળાનો બનેલો ૧છે.

### 3.2.2 આબોહવા

ગુજરાતની મધ્યમાંથી કર્કવૃત્ત પસાર થતું હોવાથી મોટાભાગનો વિસ્તાર ઉષ્ણકટિબંધમાં આવેલો છે. તેથી ગુજરાતમાં દરિયાકિનારે આવેલાં સ્થળોને બાદ કરતાં મોટાભાગનાં પ્રદેશની આબોહવા ગરમ છે. ગુજરાતમાં જૂનનાં બીજા અઠવાડિયાથી સપ્ટેમ્બરનાં બીજા અઠવાડીયા દરમિયાન 59% વરસાદ થાય છે. ગુજરાતમાં કુલ 63% વિસ્તાર વરસાદની તંગીનો તથા એકાદ વખતે દુષ્કાળનો સામનો કરે છે. ગુજરાતમાં વરસાદી દિવસોની સરેરાશ સંખ્યા 42 અને સૌરાષ્ટ્ર – કચ્છમાં 23 દિવસ છે.

### 3.2.3 જંગલ

ભૌગોલિકસ્થાનને ધ્યાનમાં લેતા ગુજરાતમાં જંગલો વૈવિધ્યવાળાં છે. ભારતમાં કુલ જમીનમાં આશરે 22% વિસ્તાર જંગલો છે. ગુજરાતમાં આ પ્રમાણ 10% જ છે. રાજયનો કુલ વનવિસ્તાર 18,839 હેકટરમાં છે. ગુજરાતમાં વનસપત્તિની દષ્ટિએ એક ઉત્તર સૌરાષ્ટ્ર અને કચ્છની સિંધુખીણમાં આવેલો કાંટાળા વૃક્ષોવાળો વિસ્તાર, બીજો દક્ષિણ ગુજરાત અને દક્ષિણ સૌરાષ્ટ્રનો માલબારને મળતો આવતો વિભાગ છે. ગુજરાતમાં 80% જંગલો, સુરત, વલસાડ, ડાંગ, ભરૂચ, નર્મદા, પંચમહાલ, દાહોદ અને વડોદરા જિલ્લામાં આવેલાં છે. બાકીનો વિસ્તાર ઉત્તર ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રમાં આવેલો છે.

### 3.2.4 નદી

ગુજરાતની નદીઓ વિશેષ પાણીના ભંડાર વાળી નથી અને અમુક નદીઓને બાદ કરતાં બારેમાસ વહેતી પણ નથી. મોટી નદીઓ ગુજરાત બહારનાં રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાંથી નીકળી ગુજરાતમાં પશ્ચિમ કે દક્ષિણ બાજુએ વહી અને સમુદ્રને મળે છે. મહત્ત્વની તથા મોટી નદીઓમાં નર્મદા, તાપી, મહી, સાબરમતી, સરસ્વતી,

બનાસ, ભાદર, અને શેત્રુંજીનો સમાવેશ થાય છે. ગુજરાતની નાની-મોટી કેટલીક નદીઓ કચ્છના રણમાં સમાઈ જાય છે.

### 3.2.5 ડુંગર

ગુજરાતની ઉત્તર અને પૂર્વ સરહદે ડુંગરોની હારમાળા આવેલી છે. અરવલ્લી, વિંધ્ય, સાતપુડા અને પશ્ચિમઘાટ જેવી ગુજરાત બહારની ગિરિમાળાનાં છેડારૂપ આ પર્વતો છે. ગુજરાતનો સૌથી ઊંચો પર્વત ગિરનાર અને બરડાની ગિરિમાળ સૌરાષ્ટ્રમાં આવેલ છે. આ ઉપરાંત અન્ય નાના મોટા ડુંગરો પણ આવેલ છે. કચ્છમાં ઉત્તર, મધ્ય અને દક્ષિણધાર એમ ત્રણ હારમાળાઓ છે. ઉત્તર ધારનો કાળો ડુંગર સૌથી ઊંચો છે. તેમજ ઉમિયા, જુરા, વરાર વૃક્ષો વગરનાં ડુંગરો આવેલાં છે.

### 3.2.6 ખનિજ

ભૂ-રચનાની દૃષ્ટિએ ગુજરાતનાં મેદાનો હિમાલયની તળેટીના મેદાની પ્રદેશનાં અંગ જેવા કે તેના સમકાલીન છે. ધરતીકંપનાં લીધે ગુજરાતની ભૂમિ સપાટી ખૂબ ધીમી પ્રક્રિયાથી ઊંચીનીચી થતી રહે છે. આ રાજ્યમાં ભૂમિ પેટાળમાં અકીક, ભૂતડો, બેન્ટોસાઈટ, કેલસાઈટ, ચીનાઈમાટી, વાય, લિલિકા, સ્ટીરાઈટ, ચોક, રેતી લિગ્નાઈટ, મોલ્ડિંગ, બોલકલ, સેન્ડ અને રેતીયા પથ્થરો ખનિજરૂપે મળે છે. તેમજ તાંબુ, જસત અને સીસું ધરાવતી મિશ્રધાતુ મળી આવે છે. તેમજ રાજ્યમાં ગરમ પાણીનાં ઝરા આવેલાં છે.

### 3.2.7 ખેતી

રાજ્યની લગભગ 48% વસ્તીનું ગુજરાન ખેતી પર આધારિત છે. દક્ષિણ ગુજરાતનાં વિસ્તારને બાદ કરતાં બાકીનાં સમગ્ર વિસ્તારની જમીન ફળદ્રુપ ગણી શકાય નહીં. ખેતી હેઠળની લગભગ 30% જમીનને સિંચાઈની સગવડ મળે છે. એટલે મોટાભાગની વિસ્તારની ખેતી વરસાદ પર આધારિત છે. ગુજરાતની લગભગ 12 લાખ હેક્ટર જમીન ક્ષારયુક્ત છે. આવી જમીનમાં ખેતીનો પ્રશ્ન ઘણો વિકટ છે. ગુજરાતનાં પશ્ચિમ કિનારાની જમીન દરિયાના પાણીનાં ઘસારાથી ખારી થઈ છે. ઉત્તર ગુજરાતની રણપ્રદેશ નજીકની તથા કચ્છની જમીન ઓછા વરસાદને કારણે ક્ષારયુક્ત થઈ છે. ખેડા અને અમદાવાદ જિલ્લાની કેટલીક જમીન ભૂતળના પાણીની સપાટી ઊંચી આવવાથી ક્ષારવાળી બની છે. ઘેડની જમીન નીચાણવાળી હોવાથી પાણીનાં જમાવને કારણે ખારી થઈ છે. આવી વિકટ પરિસ્થિતિ હોવા છતાં પણ ગુજરાતનાં સારાં ઉત્પાદન આપતા પાકોમાં બાજરી, જુવાર, ઘઉં, મકાઈ, ડાંગર અને કઠોળનાં ધાન્ય પાકો તથા મગફળી, અને કપાસનાં ઉત્પાદનમાં ગુજરાત દેશભરમાં મોખરે છે. (આ ઉપરાંત અન્ય થાય છે. જેમાં કુવા, પાતાળકુવા, તળાવ, બંધ અને નહેરો જોવા મળે છે.) આ રાજ્યમાં નાની સિંચાઈ દ્વારા વધુ પ્રમાણમાં સિંચાઈ થાય છે. નહેરો દ્વારા સિંચાઈનો બહુ વિકાસ થતો નથી. નર્મદા યોજનાથી ગુજરાતનો બહુ મોટો વિસ્તાર સિંચાઈનો લાભ મેળવે છે.

### 3.2.8 બંદરો

ગુજરાતનાં 1600 કિ.મી. લાંબા દરિયાકિનારા ઉપર નાનાં મોટાં બંદરો આવેલાં છે. જેમાં સુરત, ભૃગુકચ્છ, પ્રાચીન સમયના શ્રેષ્ઠ બંદરો હતાં. અંગ્રેજોએ આ બંદરે

જ સૌ પ્રથમ આગમન કર્યું હતું અને પારસીઓ પણ અહી આવી ગુજરાતી પ્રજામાં ભળી ગયા હતા. અરબી સમુદ્ર ઉપર આજે કંડલાનું મોટું કુદરતી બંદર તથા માંડવી, નવલખી, બેડી, સિક્કા, ચોખા, પોરબંદર, જાફરાબાદ, ભરુચ, સુરત, વેરાવળ અને ભાવનગર એ 11 મધ્યમકક્ષાનાં બંદરો 28 લઘુ બંદરો છે. જે ગુજરાતનાં આર્થિક વિકાસમાં પ્રદાન કરી રહ્યાં છે. તેમજ વહાણ ભાંગવાનો ઉદ્યોગ અલંગ અને સંજાણ ખાતે વિકસ્યો છે. આ માર્ગે ગુજરાતનાં સાહસિક ખેડુએ સૌ પ્રથમ આફ્રિકા જઈ વ્યાપાર અને આજ સુધી વિશ્વમાં ગુજરાતનું વ્યાપાર અર્થે નામ ઊજળું કર્યું છે.

### 3.2.9 ઉદ્યોગ

ગુજરાત પ્રાચીન સમયમાં ભવ્ય હતું અને આજે પણ ભવ્યતા જાળવી રાખી છે. બ્રિટીશરો વખતે અમદાવાદ કાપડ ઉદ્યોગ વિકસાવી અને ભારતમાં માંચેસ્ટર તરીકે ઓળખાણ મેળવી છે. જોકે આજે તેમાં પરિવર્તન આવેલું જોવા મળે છે. તો સુરતનો હીરા ઉદ્યોગ, જરી ઉદ્યોગ, રાજકોટનો ડિઝલ એન્જિન ઉદ્યોગ તેમજ વાપી-અંકલેશ્વર ભરુચની રાષ્ટ્રની મોટી ઔદ્યોગિક વસાહતો તેમજ જામનગર તથા સૌરાષ્ટ્રમાં અનુક્રમે પ્રથમ- દ્વિતીય સ્થાન ઉપર મૂકે છે. આમ, ઔદ્યોગિક વિકાસમાં પણ ગુજરાત મોખરાના સ્થાને છે.

### 3.2.10 સાંસ્કૃતિક વારસો

ગુજરાતનો સાંસ્કૃતિક વારસો પણ ભવ્ય છે. ગુજરાત માત્ર ભૌતિક કે ભૌગોલિક રીતે જ નહી પણ સાંસ્કૃતિક રીતે પણ વિશિષ્ટતા ધરાવે છે. ગુજરાત ઉપર ઈસ્લામ, પોર્ટુગીઝો અને અંગ્રેજોની અસર જોવા મળે છે. પ્રાચીન કાળથી સ્થાપત્ય ધરાવતાં મોઢેરાનું સૂર્યમંદિર, સોમનાથ દ્વારકા તથા રાજાઓનાં મહેલો તેમજ મકબરાઓ તથા અન્ય ધાર્મિક તેમજ ઐતિહાસિક સ્થળ એ ગુજરાતની સમુદ્ર સંસ્કૃતિની સાબિતી પુરવાર કરે છે. અહી પ્રાચીન કાળથી માનવ સંસ્કૃતિ અસ્તિત્વ ધરાવતી હતી. શ્રી કૃષ્ણની દ્વારિકા નગરી અને અશોકનો શિલાલેખ, મૌર્ય સામ્રાજ્ય સાથે ગુજરાતનાં સંબંધોની કડી જોડતો પુરાવો છે. લોથલે ગુજરાતને સિંધુ ખીણની મોહેન્જોદરોની સાંસ્કૃતિક અને સભ્યતા સંતો અને સમ્રાટો, ત્યાગ અને અહિંસા, વિરતા અને ક્ષમા આવાં અનેક ફળો આપી શક્યું છે. વૈજ્ઞાનિક ક્ષેત્રે ગુજરાતને ડો. હોમીભાભા, વિક્રમ સારાભાઈ વગેરે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા મહાનુભાવો આપ્યા છે.

## 3.3 ગુજરાતના પર્યાવરણીય પાસાંઓ

પર્યાવરણ એટલે કે જૈવિક આવરણમાંથી સજીવસૃષ્ટિના સમુદાયો ફરતે આવેલ અને તેની અસર કરતી પરિસ્થિતિ અને પરિબળોનો સમુદાય. પર્યાવરણ તમામ સજીવોની આસપાસ ફેલાયેલું વિશાળ આવરણ છે. પર્યાવરણમાં ચાર પાસાંઓ રહેલાં છે. જેવા કે વાતાવરણ, જલાવરણ, મુદાવરણ, જૈવ આવરણ. આ બધાં જ એકબીજાં સાથે અભિન્નપણે પરસ્પર ગાઢ સંબંધથી જોડાયેલાં છે. કોઈ એક ઘટનાની પ્રક્રિયામાં થતો ફેરફાર બીજા ઘટકની પ્રક્રિયાને  અસર કરે છે અને તેની સમગ્ર જીવસૃષ્ટિ પર અસર થાય છે.પર્યાવરણનાં પાસાંઓને નિમ્નલિખિત ચાર ભાગમાં વિભાજન કરવામાં આવે છે.

### 3.3.1 વાતાવરણ(Atmosphere)

વાતાવરણમાં પૃથ્વીની સપાટીથી ઉપરના ભાગમાં આવેલી હવા અને તેનાં પાસાંઓ. સૂર્યપ્રકાશ, તાપમાન અને ભેજનો સમાવેશ થાય છે. પૃથ્વી પરની જીવનસૃષ્ટિને જીવંત રાખવાનું વાતાવરણથી જ શક્ય બને છે. વાતાવણમાં મુખ્યત્વે નાઈટ્રોજન (લગભગ 78%) અને પ્રાણવાયુ (લગભગ 21%) રહેલા છે. ઓર્ગન, કાર્બનડાયોકસાઈડ અને બીજા વાયુ અલ્પ પ્રમાણમાં છે. કોસ્મિક કિરણો તથા સૂર્યમંડળમાંથી આવતા વિદ્યુત ચુંબકીય તરંગો (electromagnetic waves) વાતાવરણમાં શોષાય જાય છે.

### 3.3.2 જલાવરણ(Hydrosphere)

જલાવરણ એટલે મહાસાગરો, ઉપસાગરો, નદી, તળાવ, ઝરણાં અને ભૂગર્ભમાં રહેલો જળસમૂહ ઈતિહાસ સાક્ષી છે કે જગતની મુખ્ય સંસ્કૃતિ નદી કાંઠે જ વિકાસ પામી છે. આ હકીકતથી સમજી શકાય છે કે માનવ જાત અને તેની સંસ્કૃતિના વિકાસ માટે જળ અગત્યનું પરિબળ છે. જલાવરણનો લગભગ 97% જળ સમૂહ સાગરમાં છે, જે માનવના ઉપયોગ માટે લગભગ નિરર્થક છે. બાકીનો 2% ભાગ બરફ સ્વરૂપે અને માત્ર 1% જેટલો જ ભાગ નદી, સરોવર, ભૂગર્ભમાં રહેલો છે. આ 1% જેટલો જ ભાગ માનવના ઉપયોગ માટે આવે તેમ છે. વિકાસના કારણે સમુદ્રનું જળ પણ શુદ્ધ કરી માનવ માટે ઉપયોગમાં લેવાનું શક્ય છે, પરંતુ તેમ કરવામાં ખૂબ ખર્ચ આવે છે.

### 3.3.3 મુદાવરણ(Lithosphere)

મુદાવરણમાં ભૂસપાટી તથા ભૂમિના આકાર-પ્રકારનો સમાવેશ કરવામાં આવે છે. પૃથ્વી પર આવેલા ભિન્ન ભિન્ન પ્રકારનાં ખડકોનું પ્રાકૃતિક પરિબળથી સતત વિસર્જન થતું રહે છે, જેનાથી ભૂસપાટી પરની મુદાનું સર્જન થાય છે. મુદાવરણના બે મુખ્ય પાસાંઓ છે. કાર્બનિક (Organic) અને અકાર્બનિક (inroganic) અન્ન અને અન્ય વનસ્પતિ મુદાવરણમાં જ ઉપયોગ થાય છે. જેમાં માનવ અને પ્રાણીના જીવન માટે અત્યંત ઉપયોગી છે. ખેતીલાયક મુદાવરણમાં લગભગ 5% કાર્બનિક દ્રવ્ય અને 95% અકાર્બનિક દ્રવ્ય હોય છે. મુદાવરણમાં રહેલા જીવાણુ કાર્બનિક ભાગનું સતત વિસર્જન કરે છે અને પરિણામે મુદાવરણમાં ઘણાં કાર્બનિક રસાયણો હોય છે અને અકાર્બનિક ભાગમાં રાસાયણિક તત્ત્વો રહેલાં હોય છે. મુદાવરણના ઉપરના સ્તરને ધુમ્મસ (Humus) કહેવામાં આવે છે અને મુદાના કણોની ગોઠવણી અનુસાર જમીનના પ્રકાર બને છે. મુદાવરણમાં ભૌગોલિક પરિસ્થિતિ અનુસાર અમુક પ્રમાણમાં હવા અને જળ પણ રહેલાં હોય છે.

### 3.3.4 જૈવ આવરણ (Biosphere)

પૃથ્વીના છીછરા બાહ્ય આવરણ જેને સજીવસૃષ્ટિ તથા તેમાં પર્યાવરણનો સમાવેશ થાય છે, તેને જૈવઆવરણ કહેવામાં આવે છે. સમુદ્રના સૌથી નીચા તળથી વાતાવરણના સૌથી ઊંચા બિંદુ સુધી લગભગ 24 કિ.મી. નું આ આવરણ છે. જેમાં પ્રાકૃતિક રીતે જીવન શક્ય છે અને તેમાંથી જ પ્રાકૃતિક સંપત્તિ પ્રાપ્ત થાય છે. જૈવા આવરણ એક ગતિશીલ અને મોટું નિવસનતંત્ર છે. જેમાં બીજા અનેક નાનાં નિવસનતંત્રનો સમાવેશ થાય છે.

## 3.4 ગુજરાતમાં પ્રદૂષણની સ્થિતિ

વર્તમાન યુગમાં વૈશ્વિક, રાષ્ટ્રીય તથા સ્થાનિક સ્તરે પર્યાવરણના પ્રદૂષણને લગતા ઘણા પ્રશ્નો છે. સામાન્યતઃ વસ્તી વિસ્ફોટ, ઔદ્યોગિકીકરણ અને શહેરીકરણ આના માટે જવાબદાર છે. પ્રદૂષણને લીધે જંગલો નાશ થતા જાય છે અને દુર્લભ પશુ-પંખીઓ તથા વનસ્પતિની જાત નષ્ટ થતી જોવા મળે છે.

### 3.4.1 પ્રદૂષણ એટલે શું ?

"પ્રદૂષણ એટલે હાનિકારક પર્યાવરણાત્મક અશુદ્ધિઓ અથવા તેવા પદાર્થોનું બહાર પડવું."

"પ્રાકૃતિક યા માનવસર્જિત પર્યાવરણમાં અનિચ્છનીય પદાર્થોનો પ્રવેશ અથવા વિકૃતિ ઉત્પન્ન કરી શકે તેવી અસર થાય તેને પ્રદૂષણ કહેવામાં આવે છે."

### 3.4.2 પ્રદૂષણનાં સ્ત્રોતો

રાસાયણિક કારખાનાંઓ, તેલ શુદ્ધિકરણનાં કારખાનાં, અણુકેન્દ્રીય અપવ્યય નિક્ષેપો, નિયમિત થતી ગંદકીના નિક્ષેપો, બાળી નાખવાની ભઠ્ઠીઓ, પીવીસી ફેકટરીઓ, કાર ફેકટરીઓ, પ્લાસ્ટિકની ફેકટરીઓ અને મોટા પ્રમાણમાં પ્રાણીઓનો બગાડ પેદા કરતાં નિગમ,વગેર ગંભીર પ્રદૂષણ સ્ત્રોતોમાં થાય છે. તેમજ જુદાં જુદાં પ્રદૂષણનો પણ સમાવેશ થાય છે.

### 3.4.3 પ્રદૂષણના પ્રકારો

પ્રદૂષણના પરંપરાગત સ્વરૂપોમાં હવા પ્રદૂષણ, જળ પ્રદૂષણ અને કિરણોત્સર્ગી અશુદ્ધિઓનો સમાવેશ થાય છે.

### 3.4.4 અવાજ પ્રદૂષણ

ઘોંઘાટ હવા મારફતે પ્રવાસ કરે છે અને તેથી તેની પરિસરીય હવા ગુણવત્તા સ્તરમાં માપવામાં આવે છે. ઘોંઘાટને ડેસિબલ્સમાં માપવામાં આવે છે. નિષ્ણાતોના મતે10 ડેસિબલ્સથી વધારે સતત ઘોંઘાટના શ્રત્રો શ્રવણશક્તિને હાનિ અને મજ્જાતંત્રમાં અપરિવર્તનીય બદલાવે કરે છે. વિશ્વ આરોગ્ય સંગઠન (WHO) એ શહેર માટે 45 ડેસિબલ્સને સુરક્ષિત ઘોંઘાટના સ્તર તરીકે નિયત કર્યું છે. ભારતમાંના મહાનગરીય વિસ્તારોમાં સામાન્ય રીતે 90 ડેસિબલ્સ કરતાં સરેરાશ વધારે નોંધ કરે છે. મુંબઈને વિશ્વના ત્રીજા સૌથી ઘોંઘાટમય શહેર તરીકે નોંધવામાં આવ્યું છે, સાથે નવીદિલ્હી પણ તેને અનુક્રમમાં નજીક છે.

### 3.4.5 જળ પ્રદૂષણ

જયારે ઝેરી પદાર્થો પ્લાસ્ટિક અને અન્ય કચરો સરોવરો, ઝરણાઓ, નદીઓ, સમુદ્રો અને બીજા પ્રવાહી એકમોમાં દાખલ થાય છે.ત્યારે તેઓ ઓગળી જાય છે અથવા પાણીમાં તરતા રહે છે અથવા તળિયે જમા થાય છે. આના પરિણામે જળપ્રદૂષિત થાય છે.

### 3.4.6 હવા પ્રદૂષણ

ઉદ્યોગ, વાહનો, પ્રદૂષણમાં વધારો અને શહેરીકારણ એ હવા પ્રદૂષણ માટે જવાબદાર અમુક મહત્ત્વનાં પરિબળો છે. વિવિધ કારણોસર હવા પ્રદૂષણ થાય છે, તે બધા જ માનવીના નિયંત્રણમાં નથી. રણપ્રદેશોમાં રેતીના વાવાઝોડાઓ અને જંગલની આગો અને ઘાસથી થતી આગોનો ધુમાડો રસાયણો પેદા કરે છે અને હવાના પ્રદૂષણમાં ઉમેરો કરે છે. જેના કારણે હાલ હવા પ્રદૂષણ માં સતત વધારો થતો જોવા મળે છે.

3.4.7 રસાયણિક પ્રદૂષણ

રાસાયણિક પ્રદૂષણના ઘણાં ભિન્ન સ્ત્રોત છે.જેમાં ઘરગથ્થું ગટરવ્યવસ્થા ઔદ્યોગિક નિકાલ વાતાવરણીય કિરણોત્સર્ગી પદાર્થો, દરિયા પરના અકસ્માતો અને ઢોળાવો તેલના કૂવામાંથી પ્રક્રિયા કરતાં નીકળેલો નિકાલ, ખાણકામ નિકાલ અને ખેતીવિષયક પ્રવાહ વગેરેનો સમાવેશ થાય છે.

તેમજ રસાયણિક કારખાનાંઓ, તેલ શુદ્ધિકરણના કારખાનાં, અણુકેન્દ્રીય અપવ્યય નિક્ષેપો, નિયમિત થતી ગંદકીના નિક્ષેપો, બાળી નાખવાની ભઠ્ઠીઓ, પીવીસી ફેક્ટરીઓ, કાર ફેક્ટરીઓ. પ્લાસ્ટિકની ફેક્ટરીઓ અને મોટા પ્રમાણમાં પ્રાણીઓનો બગાડ પેદા કરતી નિગમ પ્રાણી વાડીઓનો સમાવેશ ગંભીર પ્રદૂષણ સ્ત્રોતોમાં થાય છે. તેમ જ જુદા જુદા પ્રદૂષણનો પણ સમાવેશ થાય છે.

જેના કારણે ઋતુ ચક્રના માળખામાં પણ અનિયમિત થતું જોવા મળ્યું છે. તેથી ગમે ત્યારે કમોસમી વરસાદ, તેમ જ ખૂબજ ગરમી,ઠંડી પડવી જેવી સ્થિતિનું સર્જન થતું જોવા મળ્યું છે.

## 3.5 સારાંશ

આ પ્રકરણમાંથી ગુજરાતની ભોગોલિક રચના જેવી કે ભૂ-રચના, ખેતી, ઉદ્યોગ, ખનીજ, બંદરો, સાંસ્કૃતિક વારસો, નદી, ડુંગરોની માહિતી તેમજ તેના કુદરતી પર્યાવરણીય પાસાંઓ જેવા કે મુદાવરણ, જલાવરણ, વાતાવરણ અને જૈવઆવરણ કેવી રીતે કાર્ય કરે છે અને પ્રદૂષણ અંગેની વિસ્તૃત માહિતી તેમજ અવાજ પ્રદૂષણ, હવા પ્રદૂષણ, જળ પ્રદુષણ, અને રાસાયણિક પ્રદૂષણ છે વિશે વિસ્તૃત અભ્યાસ આ પ્રકરણમાં થયો છે.

## 3.6 ચાવીરૂપ શબ્દો

બંદરો(Prots): એવો દરિયાઈ પ્રદેશ જયાં વસ્તુઓ અને યાત્રીઓના પરિવહન માટે વહાણો લાંગરવામાં આવતાં હોય.

ઉદ્યોગ (Industry): ઉત્પાદનનાં જુદા જુદા અને છુટા છવાયાં સાધનોનું સંકલન કરીને એકસમાન વસ્તુઓનું અને સેવાઓ તેમજ એકબીજા સાથે સંબંધિત વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરતી પેઢીઓના સમૂહને ઉદ્યોગ કહેવાય છે.

સાંસ્કૃતિક વારસો (Cultural Heritage): સાંસ્કૃતિક વારસો એ સમાજે વિકસાવેલી જીવન પદ્ધતિની અભિવ્યક્તિ છે, જે તે પછીની પેઢીને પણ મળે છે. ભૌતિક તેમજ અભૌતિક કલાકૃતિઓ, સ્થાપત્યો વગેરેને પણ સાંસ્કૃતિક વારસા તરીકે ઓળખાય છે.

## 3.7 સ્વાધ્યાય

(ક) નીચે જણાવેલ પ્રશ્નોની વિસ્તૃત રીતે માહિતી આપો.

1 ગુજરાતનાભૌગોલિક સ્થાન વિગતે સમજાવો ?

2 કુદરતીય પર્યાવરણીય પાસાંઓ / ઘટકો સમજાવો ?

3 પ્રદૂષણના પ્રકારો સમજાવો.

(ખ) નીચે જણાવેલ પ્રશ્નો ટૂંકમાં સમજાવો.

1 ગુજરાતનો સાંસ્કૃતિક વારસો સમજાવો.

2 જલાવરણ અને મુદાવરણ ર=ટૂંકમાં.

(ગ) હેતુલક્ષી પ્રશ્નો

યોગ્ય વિકલ્પ પસંદ કરીને ખાલી જગ્યા પૂરો.

(1) વાતાવરણમાં મુખ્યત્વે ------------ વાયુનું પ્રમાણ વધુ હોય છે.
(નાઈટ્રોજન, કાર્બન, ઓકિસજન)

(2) વાતાવરણમાં પ્રાણવાયુ (ઓકિસજન) -------- પ્રમાણમાં હોય છે ?
(50%, 21%, 3%)

(3) વિશ્વ આરોગ્ય સંખ્યા દ્વારા -------------ડેસિબલના અવાજને સુરક્ષિત ઘોંઘાટ તરીકે નિયત કર્યા છે.
(90, 10, 45)

(4) ગુજરાતની મધ્યમાંથી ------------ પસાર થાય છે.
(કર્કવૃત્ત, વિષુવવૃત, મકરવૃત્ત)

(5) ગુજરાતનો મોટા ભાગનો વિસ્તાર -------- માં આવેલો છે.
(શીત કટિબંધ, ઉષ્ણકટિબંધ, સમશીતોષ્ણ કટિબંધ)

(6) ગુજરાતમાં વહાણો ભાંગવાનો (શીપ બ્રેકિંગ)નો ઉદ્યોગ ------- માં વિકસ્યો છે. (કંડલા, અલંગ,અમદાવાદ)

(7) રાજકોટમાં ------- નો ઉદ્યોગ વિકાસ પામ્યો છે.
(હીરા, હસ્તકલા, ડિઝલ એન્જિન)

જવાબો :-

(1)નાઈટ્રોજન, (2)21%, (3) 45, (4) કર્કવૃત્ત, (5) ઉષ્ણ કટિબંધ, (6)અલંગ, (7) ડિઝલ એન્જિન

## 3.8 કેટલાંક ઉપયોગી પુસ્તકો / વેબસાઈટ

લેખક – મંજુલાબેન દવે ''ગુજરાતની પ્રાદેશિક આર્થિક ભૂગોળ'' ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ

★ **વેબસાઈટ**

- www.gujaratrajy.com
- www.gujaratWikipedia
- http://gujarat-education.gov.in/

એકમ 4

# ગુજરાત- રાજકીય અને વહીવટી

(ગુજરાત રાજ્યની સ્થાપના, જિલ્લાઓ, વહીવટી વ્યવસ્થા)

## રૂપરેખા


4.0 ઉદ્દેશો

4.1 પ્રસ્તાવના

4.2 ગુજરાત રાજ્યની સ્થાપના

4.3 ગુજરાતના જિલ્લાઓ

4.4 ગુજરાતમાં વહીવટી વ્યવસ્થા

4.5 સમવાયતંત્રમાં ગુજરાત રાજ્યનાં કાર્યો અને કેન્દ્ર તરફથી મળતી આર્થિક સહાય

4.6 સારાંશ

4.7 ચાવીરૂપ શબ્દો

4.8 તમારી પ્રગતિ ચકાસો

4.9 ઉપયોગી સંદર્ભ વાચન

4.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબો


## 4.0 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે,

- ગુજરાતની સ્થાપના કયા સંજોગોમાં થઈ તે જણાવી શકશો.
- ગુજરાતની વહીવટી વ્યવસ્થાના ભાગરૂપે થયેલી જિલ્લાઓની રચના અને જિલ્લાઓ વિષે માહિતી આપી શકશો.
- રાજ્યનાં વહીવટી માળખાંનો પરિચય આપી શકશો.
- સમવાયી વ્યવસ્થામાં ગુજરાત રાજ્યના ફાળે આવતી ફરજો, કરવાનાં થતાં કાર્યો અને કેન્દ્ર તરફથી મળતી આર્થિક સહાય વિષે જાણકારી મેળવી શકશો.

## 4.1 પ્રસ્તાવના :

આધુનિક સમયમાં આર્થિક વિકાસ અને અર્થતંત્ર અંગે નિર્ણયોમાં સરકારની ભૂમિકા મુખ્ય હોય છે. મુક્ત કે મૂડીવાદી અર્થતંત્રમાં પણ આર્થિક સ્વાતંત્ર્યને રક્ષણ આપવા સરકાર તેની ભૂમિકા ભજવે છે. રોજગાર સર્જન આંતરમાળખાકીય સુવિધાઓ, આંતરરાષ્ટ્રીય વ્યાપાર સંબંધો, દેશની નાણાં અને વિનિમય વ્યવસ્થા વગેરે બાબતોમાં રાજ્ય સ્વયં સક્રિય હોય છે. આ દરેક બાબતોનાં યોગ્ય સંચાલન માટે સરકાર જંગી બજેટ પણ ફાળવે છે તથા તેના માટે પ્રશાસનિક માળખું પણ ઊભું કરે છે. અર્થતંત્રનો અભ્યાસ કરતી વખતે તેનો વહીવટી માળખાં સાથેનો સંબંધ જાણવો ઉપયોગી બને છે, આ હેતુથી ગુજરાત રાજ્યનો અભ્યાસ કરતી વખતે તેનાં વહીવટી માળખાનો પરિચય

મળે તે રીતે આપણે અહી ગુજરાત રાજ્યનાં રાજકીય અને વહીવટી પાસાંઓનો સામાન્ય પરિચય મેળવીશું. વળી, ભારત સમવાયતંત્રી વ્યવસ્થા હોવાથી કેન્દ્ર અને રાજ્યની ફરજો અને કાર્યો વિભાજિત કરવામાં આવ્યાં છે. તે સંદર્ભમાં કેન્દ્ર તરફથી રાજ્યને મળતી નાણાકીય સહાયનો પણ પરિચય મેળવીશું.

## 4.2 ગુજરાત રાજ્યની સ્થાપના :

રાજ્યનો પરિચય :

દેશની સ્વતંત્રતા બાદ પ્રથમ તબક્કામાં અને 1948-49માં દેશી રાજ્યો અને થાણાઓનું જોડાણ થતાં વડોદરા, મહેસાણા, અમરેલી, સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લાઓની રચના થઈ. આ જિલ્લાઓને મુંબઈ રાજ્યમાં ભેળવવામાં આવ્યા. સૌરાષ્ટ્ર વિસ્તારના 222 દેશી રાજ્યોનું વિલીનીકરણ કરીને સૌરાષ્ટ્ર રાજ્યની સ્થાપના કરવામાં આવી. જ્યારે કચ્છ રાજ્યને કેન્દ્ર સરકાર હસ્તક મૂકવામાં આવ્યું. આમ, ગુજરાત ત્રણ વિભાગોમાં સૌરાષ્ટ્ર, કચ્છ અને અન્ય છ જિલ્લાઓ બહાર મુંબઈના ભાગમાં વિભાજિત થયું. જેથી મુંબઈ દ્વિભાષી રાજ્ય અસ્તિત્વમાં આવ્યું.

ગુજરાત રાજ્યની સ્થાપના :

બૃહદ મુંબઈમાં અલગ ગુજરાત રાજ્યની સ્થાપના માટે રાજકીય, આર્થિક, ભૌગોલિક અને ભાષાકીય કારણો છે. તેમાં મુખ્ય કારણો આ મુજબ છે.

1. 1921 માં 04 ભાષાવાર પ્રાંતનીરચનાની વાત કોંગ્રેસમાં થઇ હતી. 1928માં પ્રસિધ્ધ થયેલ નહેરુ રિપોર્ટમાં પણ ભાષાવાર પ્રાંત રચનાની ભલામણ કરવામાં આવી. 27મી નવેમ્બર 1947ના રોજ બંધારણ સભામાં ખુદ વડાપ્રધાને ભાષાવાર પ્રાંત રચવાનાં સિદ્ધાંતોનો સરકાર વતી સ્વીકાર કર્યો હતો અને તેથી જ 17મી જૂન 1948ના રોજ ''ધાર કમિશન''ની રચના કરવામાં આવી. જેમાં રિપોર્ટનાં આધારે 13 ભાષા આધારિત રાજ્યો અસ્તિત્વમાં આવ્યાં.

મુંબઈના ગુજરાત સંશોધન મંડળે પણ ન્યાયમૂર્તિ સર હરસિદ્ધભાઈ દિવેટીઆના પ્રમુખપદે 'ધાર કમિશન' એ મથાળાનું એક મેમોરેન્ડમ રજુ કર્યું હતું અને તેમાં ગુજરાતની પરિસ્થિતિનું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું.

2. મુંબઈ રાજ્યની ધારાસભામાં કુલ 315 બેઠકો હતી. તેમાંથી 141 બેઠકો મહારાષ્ટ્રની હતી, 89 બેઠકો ગુજરાતની હતી અને 46 બેઠકો કર્ણાટકની હતી. તેથી સત્તામાં મુંબઈની બહુમતી હોવાથી ગુજરાત સંયુક્ત મહારાષ્ટ્રના તાબે છે એમ કહી શકાય. મહારાષ્ટ્ર બહુમતીના જોરે તમામ આર્થિક અને રાજકીય નિર્ણયો પોતાના વિસ્તારની તરફેણમાં લેવાતા જેમ કે,

અ) દેશ આઝાદ થયો પછી મુંબઈ સરકારે મહારાષ્ટ્ર માટે જળ સિંચનની પાંચ મોટી યોજના હાથ ધરી

| | |
|---|---|
| 1. ગંગાપુરા | નાસિક જિલ્લા માટે |
| 2. વીરડેમ યોજના | પૂના જિલ્લા માટે |
| 3. રનંદ યોજના | સતારા જિલ્લા માટે |

4. બધુઆલી યોજના    ઓલાપુર જિલ્લા માટે
5.રાધાનગરી યોજના    કોલ્હાપુર જિલ્લા માટે

આ પાંચ યોજનાનો મહારાષ્ટ્રમાં અમલ થયો અને તેનું કામ પણ ઝડપથી પૂર્ણ કરવામાં આવ્યું. જ્યારે ગુજરાતના ભાગે વહેલા (કપડવંજ) મેશ્વા અને પટાડુંગરી (દાહોદ)ને સાવ નાની યોજના આપવામાં આવી અને તેની પ્રગતિ પણ ઘણી ધીમી જોવા મળતી. આ ઉપરાંત મહારાષ્ટ્રમાં કોયાના યોજના પણ ગુજરાતના ભોગે પોતાના વિસ્તારમાં મંજૂર કરાવી. ગુજરાતના લોકો આ અન્યાય સહન કરવા તૈયાર ન હતા.

3. મુંબઈ સરકારની કુલ કરપાત્ર આવકમાં પણ ગુજરાતનો ફાળો મહત્ત્વનો હતો. રાજ્યના કુલ આવક-ખર્ચમાં મહારાષ્ટ્રમાં અઢી કરોડ રૂપિયાની ખાદ્ય જોવા મળતી. જ્યારે ગુજરાત પ્રદેશમાં ત્રણ કરોડ રૂપિયાની પુરાંત હતી. એટલે ગુજરાત પ્રદેશમાં જેટલા પ્રમાણમાં ખર્ચ કરવામાં આવતો તેના કરતાં આવક કર સ્વરૂપે વધારે આપતું. ગુજરાત પ્રદેશની આવકનો મહારાષ્ટ્રમાં ખર્ચ થતો હોવાના કારણે ગુજરાત પ્રદેશનો નંદનવન ગણવામાં આવતો પ્રદેશ તે મુંબઈ પ્રાંતનો પરતંત્ર પ્રદેશ બની ગયો. તેની આવકનો બીજો ઉપયોગ થતો હોવાથી ગુજરાત પ્રદેશનો વિકાસ મંદ પડવા લાગ્યો. તેથી ગુજરાતના બુદ્ધિજીવીઓ એવું માનવા લાગ્યા કે જ્યાં સુધી મહારાષ્ટ્રથી ગુજરાત નહિ છૂટે ત્યાં સુધી ગુજરાત અને ગુજરાતી પ્રજાનો આર્થિક અને સાંસ્કૃતિક વિકાસ થવાનો નથી.

4. મહારાષ્ટ્રે પોતાની બહુમતીના જોરે ગુજરાતને ગળી જવા માટે એક ખાસ યોજના અમલમાં મૂકી. મરાઠી ભાષાનો વિસ્તાર તેને આધારે ગુજરાત પ્રદેશને એક પછી એક ઉત્તર વિભાગમાંથી ખોટા ખોટા બહાના હેઠળ છૂટા પાડી ત્યાં ગુજરાતની પ્રજાની ઈચ્છા વિરુદ્ધ રાજભાષા અને કેળવણીની ભાષા તરીકે મરાઠી દાખલ કરવામાં આવી. જેથી ભાષાને ધોરણે સંયુક્ત મહારાષ્ટ્રની રચના વખતે તેના નેતાઓ દાવો કરી શકે કે આ મરાઠી ભાષાનો વિસ્તાર છે. તેથી તેનો સમાવેશ મહારાષ્ટ્રમાં થાય. ડાંગ અને સાલ્હેર પ્રદેશો આ અન્યાયનો દાખલો છે. વળી હવે ધરમપુર, વાંસદા અને સાગબારા પ્રદેશોમાં પણ મરાઠી ભાષા દાખલ કરવાની ચર્ચાએ જોર પકડયું હતું.

5. ગુજરાતમાં જે તે ઘટનાઓ બનતી તેની પ્રત્યક્ષ કે પરોક્ષ અસર વિવિધ છાપાંઓ સામાયિકો, લેખો તથા પત્રિકાઓ મારફત ગામડાના લોકો સુધી પહોંચવા લાગી. જેના પરિણામે 1957ની ચૂંટણીમાં જનતા પરિષદ પક્ષનો ભવ્ય વિજય થયો. જેથી મોટો જનમત મહાગુજરાત આંદોલન તરફેણમાં હતો. ગુજરાત પ્રજાના આર્થિક ઉધ્ધાર અને વિકાસ માટે હવે પોતે જ પોતાના ઘરની આર્થિક વ્યવસ્થા સંભાળી લે અને સત્તાને જોરે તેનું શોષણ કરી રહેલ મહારાષ્ટ્રથી પોતાનો પીછો છોડાવે. જો તેમ થાય તો જ આપણો આર્થિક વિકાસ આપણી ઈચ્છા પ્રમાણે સાધી આપણે સમર્થ બની શકીએ. મહાગુજરાત રચના તે આજનો પ્રાણપ્રશ્ન છે, તેમ લોકો માનતા થયા.

આમ વિવિધ પરિબળો સંયુક્ત પરિણામ સ્વરૂપે 'મહાગુજરાત આંદોલન' વધારે તીવ્ર ગતિ પકડી. આખરે 19-04-1960 ના રોજ ભારતની સંસદે મુંબઈ રાજ્યનું વિભાજન કરવાનું બીલ પસાર કર્યું. 23-04-1960 ના રોજ રાજ્યસભાએ પણ વિસર્જન બિલની મંજૂરી આપી દીધી. 25-04-1960ના રોજ રાષ્ટ્રપતિએ મુંબઈના

વિભાજન ખરડા પર સહી કરી દીધી અને સરકારી ગેઝેટમાં તે જ દિવસે પ્રસિદ્ધ થઈ ગયું. 25-04-1960ના રોજ નવા પ્રધાનમંડળ અને નાયબપ્રધાન મંડળોની યાદી જાહેર કરવામાં આવી.

આમ, આખરે દરેક ગુજરાતીનું સ્વપ્ન સાકાર થયું. 01-05-1960ના રોજ મહાત્મા ગાંધીના હરિજન આશ્રમ સાબરમતીના કિનારે મુઠ્ઠી ઉંચેરા તપસ્વી રવિશંકર મહારાજના હસ્તક ગુજરાતનો સ્થાપના દિવસ ઉજવાયો અને મહાત્મા ગાંધીની મૂક સાક્ષીએ નવા પ્રધાનમંડળે પ્રતિજ્ઞા લીધી.

ગુજરાત રાજ્યનો સ્થાપના સમયથી જ આર્થિક વિકાસમાં અગ્રવિકસિત રાજ્યોમાં સમાવેશ થાય છે. તેની ઓળખ પણ ઔદ્યોગિક રાજ્યમાં થાય છે. વિદ્યાર્થી મિત્રો આપણે ગુજરાત રાજ્યની સ્થાપના બાદ આર્થિક વિકાસમાં જે હરણફાળ ભરી છે તે દરેક ક્ષેત્રે જેવાં કે ઔદ્યોગિકક્ષેત્ર, પરિવહન, આરોગ્ય, શિક્ષણ, વીજળી, બેંકિંગ વ્યવસ્થા વગેરેની ચર્ચા આપણે અલગ આગના એકમોમાં કરેલી છે. જેના અભ્યાસથી ગુજરાત રાજ્યના વિકાસને જાણી શકાય છે.

## 4.3 ગુજરાતના જિલ્લાઓ :

1 મે 1960ના રોજ બોમ્બે રાજ્યના ઉત્તર ભાગના 17 જિલ્લાઓમાંથી ગુજરાત રાજ્યની સ્થાપના કરવામાં આવી. આ જિલ્લાઓમાં અમદાવાદ, અમરેલી, બનાસકાંઠા, ભરુચ, ભાવનગર, ડાંગ, જામનગર, જૂનાગઢ, ખેડા, કચ્છ, મહેસાણા, પંચમહાલ, રાજકોટ, સાબરકાંઠા, સુરત, સુરેન્દ્રનગર અને વડોદરાનો સમાવેશ થાય છે. વળી વહીવટી અનુકૂળતા અને આર્થિક આયોજનને વધુ સાર્થક બનાવવા સમયાંતરે નવા જિલ્લાઓની રચના કરવામાં આવી છે.

1964માં ગાંધીનગર જિલ્લો અમદાવાદ અને મહેસાણાના ભાગોમાંથી રચવામાં આવ્યો. 1966 વલસાડ જિલ્લાને સુરતમાંથી વિભાજન કરીને રચના કરવામાં આવી. 1997માં નવા પાંચ જિલ્લાઓ આણંદ, દાહોદ, નર્મદા, નવસારી અને પોરબંદરની રચના કરવામાં આવી. ત્યારબાદ પાટણ જિલ્લાની બનાસકાંઠા અને મહેસાણા ના વિસ્તારમાંથી રચના કરવામાં આવી. 2007માં તાપી જિલ્લાની રચના કરવામાં આવી.

15 ઓગસ્ટ, 2013ના રોજ સાત નવા જિલ્લાઓની રચના કરવામાં આવી. જેમાં અરવલ્લી, બોટાદ, છોટા ઉદેપુર, દેવભૂમિ દ્વારકા, મહીસાગર, મોરબી, ગીર સોમનાથ વગેરેનો સમાવેશ થાય છે.

આમ વર્તમાન સમયે ગુજરાત રાજ્યમાં કુલ 33 જિલ્લાઓનો સમાવેશ થાય છે. તેમાંથી કચ્છએ વિસ્તારની દૃષ્ટિએ સૌથી મોટો અને ડાંગએ સૌથી નાનો જિલ્લો છે. જયારે વસ્તીની દૃષ્ટિએ અમદાવાદ સૌથી મોટો અને ડાંગ સૌથી નાનો જિલ્લો છે. વસ્તી ગીચતા સૌથી વધારે સુરત જિલ્લામાં છે અને સૌથી ઓછી કચ્છ જિલ્લામાં જોવા મળે છે. આમ ગુજરાતમાં 33 જિલ્લાઓ અને 250 તાલુકાનો સમાવેશ થાય છે.

## 4.4 ગુજરાતમાં વહીવટી વ્યવસ્થા :

સ્થિરતા સાથે આર્થિક વિકાસ થાય.વિકાસની પ્રક્રિયા સતત ચાલતી રહે તેમજ દરેકને વિકાસની તકો સમાન રીતે મળે તે હેતુથી આર્થિક બાબતોમાં રાજ્યનો હસ્તક્ષેપ મહત્ત્વનો છે તે આપણે જાણીએ છીએ. ભારત દેશની ભૌગોલિક તેમજ જનસંખ્યાની દૃષ્ટિએ વિશાળતા જોતાં કાર્યો અને જવાબાદારીઓનું વિભાજન હોવું પણ જરૂરી છે. આપણે આ એકમમાં અગાઉ જોયું તેમ વહીવટી સરળતાને ધ્યાનમાં રાખતા મહારાષ્ટ્ર

રાજ્યનું મહારાષ્ટ્ર અને ગુજરાત એમ બે રાજ્યોમાં 1960ના વર્ષમાં વિભાજન થયું. સમગ્ર ભારતની વાત કરીએ તો આવાં જ કારણોસર એટલે કે વહીવટી સરળતા માટે ભારતે સમવાતંત્ર તંત્રને અપનાવેલ છે. સમવાયી પ્રકારની વ્યવસ્થામાં રાજ્ય તથા કેન્દ્ર સરકારનાં કાર્યો કે ફરજો અને રાજ્યની આવકના સ્રોતોનું વિભાજન કરેલું હોય છે. આ વ્યવસ્થા અનુસાર ગુજરાત રાજ્યનાં કાર્યો અને ફરજો તથા રાજ્યને કેન્દ્ર તરફથી મળતી સહાય બાબતે આપણે હવે પછીના મુદ્દામાં અભ્યાસ કરવાનાં છીએ. અહીં આપણે રાજ્યની આર્થિક બાબતોના વ્યવસ્થાતંત્રનો પરિચય મેળવવાનાં છીએ.

સરકાર દ્વારા આર્થિક કાર્યો સફળતાપૂર્વક પાર પાડવા માટે આર્થિક આયોજન કરવામાં આવે છે. આ રીતે આયોજન માત્ર કેન્દ્ર સરકાર દ્વારા જ નહિ પરંતુ રાજ્ય સરકાર દ્વારા રાજ્ય કક્ષાએ જિલ્લા તથા તાલુકા કક્ષાએ પણ થતું હોય છે. તેને વિકેન્દ્રીત આયોજન કહે છે. આયોજન કરતી વખતે લક્ષ્યાંકોના સંદર્ભમાં ઉપલબ્ધ સાધનો અને પૂર્ણ થવાના સમયગાળાનો અંદાજ કાઢવામાં આવે છે. આમ, ત્રણ વર્ષ, સાત વર્ષ, પંદર વર્ષ કે કયારેક વાર્ષિક આયોજન પણ કરવામાં આવે છે.

1. આ પ્રકારનાં આયોજન દ્વારા રાજ્ય સરકાર તેની નીતિઓ પણ જાહેર કરતી હોય છે. જે રાજ્યના વેપાર ઉદ્યોગ, રોજગારી વગેરે જેવાં અનેક પાસાંઓથી સમગ્ર અર્થતંત્રને અસર કરે છે. આમ, સરકારની નીતિ જનસામાન્યને પણ સ્પર્શે છે. પ્રજા તેને અનુલક્ષીને પોતાના વ્યવહારમાં લગતા કે અન્ય આર્થિક નિર્ણયો લે છે. તેથી રાજ્યની વહીવટી પ્રક્રિયાઓમાં અર્થશાસ્ત્રની દષ્ટિએ આયોજન વિભાગનું સ્થાન મહત્ત્વનું બને છે. કારણ કે તેનાથી જ રાજ્યના આર્થિક લક્ષ્યાંકો માટે ઉપલબ્ધ સાધનોનું આકલન ફાળવવા અને લક્ષ્યપ્રાપ્તિની રીત નક્કી થતી હોય છે.

અહીં આપણે ગુજરાતના વહીવટી વિભાગ તરીકે આયોજન વિભાગ Planning Division નો પરિચય મેળવીશું.

- આધુનિક રાજ્યો માત્ર પોલીસ રાજ્યો (Police State) ન રહેતાં કલ્યાણ રાજ્યો (Welfare State) બન્યાં છે. જે પ્રજાની આર્થિક સુખાકારી અને આર્થિક વિકાસમાં સક્રિય રસ લેતાં હોય છે. વળી, રાજ્ય જુદાં જુદાં વહીવટ, આંતરિક કાયદો અને આર્થિક વિકાસમાં સક્રિય રસ લેતાં હોય છે. વળી, રાજ્યે જુદાંજુદાં વહીવટી આંતરિક કાયદો અને સુરક્ષાને પણ રાજ્ય સરકારુ પૂરી પાડવાની હોય છે. આમ, પ્રજાનો વિકાસ તથા રાજ્ય બાબતોમાં પરોક્ષ તેમજ પ્રત્યક્ષ રીતે પણ પ્રવેશ કરતી હોય છે.

### 4.4.1 ગુજરાતનાં વહીવટી કાર્યોનું વિભાજન :

સમગ્ર ગુજરાતનો વહીવટી જનરલ એડમિનિસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટ એટલે કે સામાન્ય વહીવટી વિભાગ (GAD) દ્વારા કરવામાં આવે છે. ય્છ્ઠ ને પાંચ પેટા વિભાગોમાં વહેંચવામાં આવ્યો છે.

૧. કર્મચારીગણ (Personnel Division)

૨. આયોજન પ્રભાગ (Planning Division)

૩. વહીવટી સુધારણા અને તાલીમ પ્રભાગ (Administrative Reforms & Training Division)

૪. બિનનિવાસી ભારતીય વિભાગ (Non Residence Indian Division)

૫. ચૂંટણી વિભાગ (Election Division)

આમ, આયોજન વિભાગ એ સામાન્ય વહીવટ વિભાગ પૈકીનો એક છે. આ વિભાગમાં રાજ્યની પ્રાથમિકતાના આધારે આર્થિક લક્ષ્યાંકનો નક્કી કરવામાં આવે છે તથા તે સંદર્ભે રાજ્ય પાસે ઉપલબ્ધ સાધનોની આકારણી અને ફાળવણી પણ કરવામાં આવે છે. આ સમયે કેન્દ્રીય આયોજન પંચ દ્વારા તૈયાર કરવામાં આવેલી વ્યૂહાત્મક નીતિ સાથે પણ સંકલન સાધવામાં આવે છે અને યોજનાઓ ઘડવામાં આવે છે.

4.4.2 અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, મૂલ્યાંકન નિયામકની કચેરી તેમ જ ગુજરાત સામાજિક આંતરમાળખાંકીય વિકાસ બોર્ડ જેવી જુદી જુદી કચેરીઓ દ્વારા કામગીરી કરવામાં આવે છે.

આયોજન વિભાગની કામગીરી મુખ્યત્વે ચાર શીર્ષકો હેઠળ સમજી શકાય.

(ક) યોજનાઓનું ઘડતર : પંચવર્ષીય યોજનાઓ અને વિકાસ યોજનાઓ.

(ખ) રાજ્યની યોજનાઓ અને ફ્લેગશીપ કાર્યક્રમોનું મોનીટરીંગ

(ગ) વિકેન્દ્રીકરણ જિલ્લા આયોજનનું ઘડતર, અમલીકરણ અને મોનીટરીંગ

(ઘ) આયોજન વિભાગ હેઠળની ખાતાંના વડાની કચેરીઓના કર્મચારીઓનું વ્યવસ્થાપન અને વહીવટ.

આ કામગીરી માટે જુદી જુદી કચેરીઓ હોય છે. જેમ કે આ કચેરીઓની કામગીરીને અહીં આપણે ટૂંકમાં જાણીએ.

અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી :

- રાજ્યની આર્થિક બાબતોને લગતી અગત્યની આંકડાકીય માહિતીનું એકત્રીકરણ, સંકલન અને પૃથક્કરણ કરવાની કામગીરી.
- રાજ્યના સામાજિક આર્થિક વિકાસ સંદર્ભની જાણકારી અર્થે સામાજિક, આર્થિક અભ્યાસો, મોજણી અને ગણતરીનું આયોજન કરવાની કામગીરી.
- રાજ્યનાં ઘરગથ્થું ઉત્પાદનના અંદાજોનું સંકલન અને તેને તૈયાર કરવાની કામગીરી.

મૂલ્યાંકન નિયામકની કચેરી :

આર્થિક યોજનાઓ પાછળ મોટા પ્રમાણમાં નાણાકીય ખર્ચ થતો હોય છે. કાર્યમાં વિલંબથી ખર્ચમાં પણ વધારો થાય છે. યોજનાની પૂર્તિ થવામાં વિલંબ, અડચણો વગેરેનું યોજનાના વિવિધ તબક્કે મૂલ્યાંકન કરવામાં આવે છે. આ કચેરી દ્વારા મૂલ્યાંકન માટેના અભ્યાસોનું આયોજન તેની કાર્યપદ્ધતિ, ક્ષેત્રીય કામગીરીમાં પત્રકો તૈયાર કરવાં ક્ષેત્રીય કાર્ય દ્વારા માહિતીનું એકત્રીકરણ, કોષ્ટકીકરણ, પૃથક્કરણ અને અહેવાલ લેખનનો સમાવેશ થાય છે. મૂલ્યાંકન અભ્યાસનો અહેવાલ પણ પ્રકાશિત કરવામાં આવે છે.

ગુજરાત સામાજિક આંતરમાળખાંકીય વિકાસ બોર્ડ :

કોઈ પણ અર્થતંત્રનો વિકાસ તેનાં સામાજિક આંતરમાળખાં ઉપર વિશેષ આધાર રાખે છે. સામાજિક આંતરમાળખામાં શિક્ષણ અને સ્વાસ્થ્ય, મહિલા અને બાળકલ્યાણ, સ્વચ્છતા પાણી પુરવઠો, કુટિર ઉદ્યોગો વગેરે જેવી બાબતોનો સમાવેશ થાય છે.

ગુજરાતની માનવ વસ્તી સંપત્તિ બને તથા છેવાડાની વ્યક્તિનો પણ વિકાસ થાય તથા તે વિકાસના મુખ્ય પ્રવાહમાં ભળીને પોતાનું યોગદાન આપી શકે તે હેતુ સામાજિક આંતરમાળખાંકીય વિકાસ બોર્ડનો છે. રાજ્યની સંશોધન સંસ્થાઓ તેમજ યુનિવર્સિટી સાથે મળીને માનવ વિકાસ સૂચક તૈયાર કરવામાં આવે છે.

રાજ્ય દ્વારા માનવ વિકાસને સ્પર્શતી સેવાઓ પૂરી પાડીને સમતોલ વિકાસ માટે પ્રયત્નશીલ રહે છે. જેમાં વિશેષ ક્ષેત્રોના વિકાસ માટે પણ યોજનાઓ હોય છે. જેમ કે સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના, વનબંધુ કલ્યાણ યોજના અને વિકાસશીલ તાલુકાઓની યોજનાઓ અને ખાસ પદ્ધતિ વિસ્તાર યોજના પર વિશેષ ધ્યાન અપાય છે.

આ સામાન્ય વહીવટ વિભાગના મુખ્ય સચિવ હોય છે, જે જુદા જુદા વિભાગોના સચિવોની સહાયથી સમગ્ર વહીવટી વિભાગનું સંચાલન કરે છે.

આમ, આપણે જોયું કે રાજ્યસ્તરની યોજનાઓનું ઘડતર, સાધન ફાળવણી ફાળવેલાં સાધનોથી થયેલાં કાર્યોનું મૂલ્યાંકન વગેરે જેવી આર્થિક બાબતો આયોજના વિભાગમાં થાય છે. આ સમગ્ર કાર્ય જિલ્લા કક્ષાએ આયોજન મંડળ હોય જેના અધ્યક્ષ પ્રભારીમાંથી જે રાજ્યના કેબિનેટ મંત્રી હોય છે અને ઉપાધ્યક્ષ કલેકટર હોય છે. જયારે આયોજન અધિકારી સભ્ય સિચવ હોય છે. આમ આયોજન પ્રક્રિયા વિકેન્દ્રિ રીતે થાય છે.

### 4.4.3 ગુજરાતની પંચવર્ષીય યોજનાઓ :

ગુજરાતની સ્થાપનાથી એટલે કે વર્ષ 1960 થી વર્ષ 2016-17 સુધી કુલ 12 પંચવર્ષીય યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. બારમી પંચવર્ષીય યોજનાનો સમયગાળો 2012-13 થી 2016-17 નો હતો. આ યોજનાનું કુલ કદ 3,46,352.89 હતું. નીચેનાં કોષ્ટકમાં બારમી યોજનાની નાણાકીય ફાળવણી દર્શાવવામાં આવી અને જેમાં તમે જોઈ શકો છો કે સૌથી વધુ એટલે કે કુલ ફાળવણીના 47.09% સામાજિક સેવાઓ માટે ફાળવવામાં આવેલ છે. જેમાં શિક્ષણ સ્વાસ્થ્ય વગેરે જેવી સુવિધાઓનો સમાવેશ કરવામાં આવે છે. જેવી સુવિધાઓનો સમાવેશ કરવામાં માટે 16.71% તથા પરિવહન માટે 9.31% ફાળવવામાં આવેલ છે. આમ, જે ક્ષેત્ર માટે વધારે સાધનોની જરૂર હોય તેને પ્રાથમિકતા આપવામાં આવે છે. જેમાં ઉર્જા પણ મુખ્ય ક્ષેત્ર છે.

### ગુજરાતમાં વાર્ષિક યોજનાઓ :

ગુજરાતમાં વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ વાર્ષિક યોજના માટે ફાળવણી કરવામાં આવે છે. જેમાં ભૌગોલિક રીતે પછાત વિસ્તાર માટેની જોગવાઈ, સ્થાનિક અગત્યતા અનુસાર ફંડની જોગવાઈ સથનિક રાષ્ટ્રીય પર્વની ઉજવણી માટેની ફાળવણી વિકાસશીલ તાલુકાઓ માટેની જોગવાઈ વગેરે જેવા મુદ્દાઓને મહત્ત્વ આપવામાં આવે છે.

આમ, વિકેન્દ્રીત આયોજન પાછળનો હેતુ ગુજરાતમાં રહેલી પ્રાદેશિક ભિન્નતા અને વિશેષતાઓને આધારે સાધન ફાળવણી કરવાનો છે. જેથી સમતોલ વિકાસનો હેતુ સિદ્ધ થઈ શકે. છેલ્લાં પાંચ વર્ષમાં આ પ્રકારે થતું યોજનાકીય ફાળવણીનું પ્રમાણ વધતું ગયું છે. જે નીચેનાં ટેબલ પરથી જાણી શકાય છે.

ટેબલ 4.1

| વર્ષ | કરોડ રૂપિયા |
|---|---|
| 2013-14 | 1029.75 |
| 2014-15 | 1054.24 |
| 2015-16 | 1168.25 |
| 2017-18 | 1211.65 |
| 2018-19 | 1217.00 |

Source :www.planing.gujarat.gov.in/five-year_plan.htm.

ગુજરાતમાં પંચવર્ષીય યોજનાઓમાં ફાળવણી

ટેબલ 4.2

| યોજના | ફાળવણી લાખ |
|---|---|
| 10 (2002-07) | 47,000 |
| 11 (2007-12) | 1,28,500 |
| 12 (2012-17) | 34,63,52.89 |

Source :www.planing.gujarat.gov.in/five-year_plan.htm.

ટેબલ 4.1 અને 4.2 જોતા આપણે જોઈ શકીએ છીએ કે યોજનાકીય ફાળવણીમાં ઉત્તરોત્તર વધારો થતો ગયો છે. આ બાબત રાજ્યની આર્થિક બાબતોમાં સક્રિયતા તથા વિકાસલક્ષી દૃષ્ટિકોણનો પરિચય આપે છે.

4.4.4 પંચવર્ષીય યોજનાઓનું મૂલ્યાંકન :

કેન્દ્રમાં કે રાજ્યસ્તરે થતી યોજનાકીય ફાળવણી અને તેનું મૂલ્યાંકન એક અલગ જ વિસ્તૃત મુદ્દો બને છે. વળી, આ એકમ ગુજરાતના આર્થિક વહીવટનો પરિચય આપવા માટેનું હોવાથી અહીં તેના અમુક મહત્ત્વના મુદ્દાઓનો અભ્યાસ કરીએ.

ગુજરાતમાં આયોજનની સિદ્ધિઓ :

1. ઉત્પાદનમાં વધારો
2. માર્ગ પરિવહન સડક, રોડ રસ્તાઓ –પાકા રસ્તાઓની લંબાઈ
3. શૈક્ષણિક સુવિધાઓમાં વધારો.

**3.1 ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો અને સાક્ષરતાદર :**

4. સિંચાઈ (નર્મદા અન્ય) પૂરનિયંત્રણ અને અન્ય કુદરતી આપત્તિઓ સમયે જાનમાલની સુરક્ષા
5. કૃષિ ઉત્પાદનમાં વધારો

1. ગુજરાતમાં વીજ ઉત્પાદન વર્ષ 2015-16 માં 103138 મિલિયન યુનિટથી વધીને વર્ષ 2018-19 માં 121939 મિલિયન યુનિટ થયેલ છે. જે વિગત ટેબલ 4.3 માંથી જોઈ શકાય છે.

ટેબલ 4.3

| વર્ષ | વીજ ઉત્પાદન (મિ.યુ) |
|---|---|
| 2015-16 | 103138 |
| 2016-17 | 104284 |
| 2017-18 | 110543 |
| 2018-19 | 121939 |

Source :સામાજિક આર્થિક સમીક્ષા 2019-2020 ગુજરાત રાજ્ય અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, ગાંધીનગર.

2. પ્રાથમિક શિક્ષણનાં પ્રમાણમાં વધારો :

પ્રાથમિક શિક્ષણ (ધોરણ –5 થી 8) માં શાળા છોડવાનો દર વર્ષ 2001-02 માં 37.22 થી ઘટીને વર્ષ 2018-19 માં 4.48 થયો છે. તથા ધોરણ (1 થી 5) માં 2001-02 માં 20.50 જેટલો હતોજે ઘટીને 2018-19માં 1.40 થયો છે. ગુજરાત સરકારના શાળા પ્રવેશોત્સવ જેવા કાર્યક્રમોની આ સફળતા ગણી શકાય.

3. સ્વાસ્થ્યસુવિધાઓ :

કોઈપણ પ્રદેશમાં બાળમૃત્યુદર એ તે પ્રદેશનાં સ્વાસ્થ્યની સુવિધાઓ જાણવાનો માપદંડ કહી શકાય. ગુજરાતમાં બાળ મૃત્યુદર વર્ષ 2002 માં 60 હતો જે ઘટીને 2017 માં 30 થયો હતો. ગુજરાત સરકારી ખાનગી ક્ષેત્ર સાથે મળીને સ્વાસ્થ્ય સુવિધાઓનો પ્રસાર કરવાની નીતિ પ્રશંસનીય કહી શકાય. આ યોજનાથી નિમ્ન આવક ધરાવતાં લોકો પણ ઉત્તમ સુવિધાઓ ધરાવતી હોસ્પિટલોમાં સારવાર લઈ શકે છે. મુખ્યમંત્રી અમૃતમ (MA) યોજના પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ (PPP) નું એક સુંદર ઉદાહરણ પૂરું પાડે છે.

4. પરિવહન :

ગુજરાતમાં રેલ્વે, રસ્તાઓ, જળમાર્ગ, હવાઈસેવા વગેરેનો સારો વિકાસ થયો છે. વર્ષ 2015-16 માં રાજ્યમાં રસ્તાઓની કુલ લંબાઈ 80,768 કિલોમીટર હતી. જે 2016-17માં વધીને 81,246 કિલોમીટર એટલે કે કુલ રસ્તાઓના 97.82% પાકા રસ્તાઓની લંબાઈ હતી.

5. આધુનિક ટેકનોલોજીની જનસામાન્યને પ્રાપ્તિ :

ગુજરાતમાં 55 શહેરોમાં વાઈ-ફાઈ દ્વારા ફ્રી ઈન્ટરનેટ સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે.

6. માથાદીઠ આવકમાં વધારો ગુજરાત રાજ્યની માથાદીઠ આવકમાં સતત વધારો થતો જોવા મળ્યો છે, જે ટેબલ નં. 4.4 પરથી જાણી શકાય છે.

ટેબલ નં. 4.4

| વર્ષ | માથાદીઠ આવક( ચાલુભાવે) રૂપિયામાં |
|---|---|
| 2013-14 | 1,13,139 |
| 2018-19 | 1,97,447 |

7. ગુજરાતમાં કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોનાં ઉત્પાદનમાં વધારો :

કૃષિક્ષેત્રને વિસ્તૃત અર્થમાં જોતાં તેમાં પશુપાલન,દૂધ ઉત્પાદન, બાગાયની પાકો વગેરેને પણ અન્ય પરંપરાગન કૃષિ ઉત્પાદનોની સાથે સમાવિષ્ટ કરવામાં આવે છે. (મત્સ્ય ઉદ્યોગ) આ વિગતો આ અભ્યાસક્રમનાં આગળ આપેલાં કૃષિક્ષેત્ર બાબતમાં એકમોમાંથી આપણે જાણી શકીએ છીએ.

આમ, આપણે જોયું કે ગુજરાત રાજ્ય તેની પંચવર્ષીય યોજનાઓમાં જુદાંજુદાં ક્ષેત્રે પ્રાથમિકતાના આધારે ફાળવણી કરે છે તથા વિકાસ સાધે છે. ભૂકંપ ચક્રવાત જેવી કુદરતી આપત્તિ અંગેની આગોતરી જાણકારી આધુનિક ટેકનોલોજીની મદદથી વિકાસલક્ષી કામો વગેરે અપનાવીને સતત આગળ વધી રહ્યું છે.

## 4.5 સમાવાયતંત્રમાં ગુજરાત રાજ્યનાં કાર્યો અને કેન્દ્ર તરફથી મળતી આર્થિક સહાય :

ભારત એક સમવાયતંત્રી દેશ છે. ભારતમાં બંધારણની કલમ-1 અનુસાર દેશ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોનો બનેલો સંઘ છે. ઉપરાંત 1992માં 73મો અને 74મો બંધારણ પાલિકાઓનો સમાવેશ પણ ત્રીજા સ્તરની સરકાર તરીકે કરવામાં આવેલ છે. આ ભારતમાં ત્રિસ્તરીય સમવાયતંત્ર છે તેમની વચ્ચે કામો અને સત્તાની વહેંચણી થયેલ છે. તેથી સમવાયંત્રનો અર્થ એ થાય કે સરકારનાં વિવિધ સ્તરો વચ્ચે કાર્યો અને સત્તાઓની યોગ્ય વહેંચણી થાય. જેથી તમામ સ્તરની સરકારો તેમનાં કાર્યો યોગ્ય રીતે કરી શકે. કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારોને અને કેન્દ્રશાસિત પ્રદેશોને ત્રણ રીતે નાણાં મળે તેની જોગવાઈ બંધારણમાં કરવામાં આવી છે.

1. નાણાં પંચની ભલામણ મુજબનુંઅનુદાન
2. સહાયક અનુદાન
3. લોન

અત્યારે રાજ્યોને કેન્દ્ર, પુરસ્કૃત યોજનાઓ માટે સહાયક અનુદાન મળે છે અને તે ઉપરાંત રાજ્યોની પોતાની યોજનાઓ સહિતની બીજી કેટલીક બાબતો માટે પણ અનુદાન સહાય મળે છે.

રાજ્યો અને કેન્દ્ર વચ્ચે સત્તાના અને કાર્યોના વિભાજન માટે બંધારણમાં ભાગ-11ના પ્રકરણ-1ની કલમ 246 અનુસાર અનુસૂચિ-7 આપવામાં આવી છે. જેમાં ત્રણ યાદીનો સમાવેશ થાય છે.

1. સંઘ યાદી : કેન્દ્ર સરકારે અથવા સંઘે કરવાનાં કામોની યાદી
2. રાજ્ય યાદી : રાજ્ય સરકારે કરવાનાં કામોની યાદી
3. સંયુક્ત યાદી : કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર બંને

જે કામો કરી શકે તેવાં કામોની યાદી ડિસેમ્બર 2015ની સ્થિતિએ સંઘ યાદીમાં 100 અને રાજ્ય યાદીમાં 61 કામોની યાદી અને સંયુક્ત યાદીમાં પર વિષયોનો સમાવેશ કરાયો હતો. 73માં બંધારણ સુધારાથી અનુસૂચિ-11 દાખલ કરવામાં આવી અને તેમાં પંચાયતો માટે 29 કામોની યાદી આપવામાં આવી તથા 74માં બંધારણ સુધારા અનુસાર અનુસૂચિ-12 ઉમેરીને પાલિકાઓને18 કામો સોંપવામાં આવ્યા છે. પરંતુ પંચાયતો કે પાલિકાઓને વેરા નાખવાની સત્તા આપવામાં આવેલ નથી. કારણ કે બંધારણ તેમને કાયદો કરવાની સત્તા સોંપતું નથી. આ સંદર્ભે રાજ્યોએ કરવાનાં કામોનો આપણે ટૂંકમાં જોઈએ.

1. બંધારણીય જોગવાઈઓ :

1. કલમ-268 : કેન્દ્ર સરકાર જકાત નાખે પણ રાજ્યો ઉઘરાવી અને વાપરે ઔષધીય અને શૌચાલય સંબંધી ચીજો પરની જકાત ભારત સરકાર નાખે એમ સંઘ ચીજો પરની જકાત ભારત સરકાર નાખે એમ સંઘ ચીજો કહેવાય, પણ રાજ્યો ઉઘરાવે અને રાજ્યો જ તે વાપરે.

2. કલમ-268(A): સેવા વેરો કેન્દ્ર સરકાર અને રાજ્યો ઉઘરાવે અને વાપરે અને તે માટેની પદ્ધતિ સંસદ કાયદો કરીને નક્કી કરે.

૩. કલમ-269: કેન્દ્ર સરકાર વસ્તુની આંતરરાજ્ય ખરીદી અને વેચાણ પર વેરા નાખે અને ઉઘરાવે અને આવક રાજ્યોને આપે.

4. કલમ-275 : સંસદ કાયદો કરીને રાજ્યોને ભારત એકત્રિત નિધિમાંથી સહાયક અનુદાન આપી શકે છે અને તે જુદાં જુદાં રાજ્યો માટે અલગ અલગ હોઈ શકે.

1. કાયદાકીય કાર્યો : રાજ્યોને કરવાનાં થતાં કાર્યોની યાદીમાં કુલ 61 બાબતોનો સમાવેશ થાય છે. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાં, પોલિસ દળ, સ્વાસ્થ્ય અને રાજ્યની પરિવહન સેવા, જમીન અંગેની નીતિઓનું ઘડતર વીજળીનું ઉત્પાદન અને વિતરણ, ગામડાંઓનો વહીવટ વગેરે જેવાં કાર્યો રાજ્યોએ કરવાનાં થાય છે. આ કાર્યો સંબંધે બધાં રાજ્યોમાં એકસૂત્રતા હોય તે ઈચ્છવાયોગ્ય છે. જો કે તેમાં સમાનતા હોવી જરૂરી નથી. ઉદાહરણ તરીકે જમીન અંગેની નીતિ તો રાજ્યમાં જમીનનું પ્રમાણ અને પ્રકાર વગેરેને આધારે બધા જ રાજ્યોની જમીન વિષયક નીતિ એકસરખી ન પણ હોય.

કેન્દ્ર સાથે મળીને સંયુક્ત રીતે કરવાનાં કાર્યો.

આ વિભાગમાં કુલ 51 કાર્યોની યાદી છે. જેમાં લગ્ન અને છૂટાછેડા, કૃષિની જમીન સિવાયનું સંપત્તિનું હસ્તાંતરણ, શિક્ષણ, કરારો, ટ્રસ્ટો, સિવિલ પ્રોસીજર, અદાલતનો અનાદર, ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ અને છેતરપિંડી, દવાઓ અને ઝેરી પદાર્થો, આર્થિક અને સામાજિક આયોજન, ટ્રેડ યુનિયન, શ્રમિક કલ્યાણ, વીજળી, સમાચારપત્રો, પુસ્તકો અને દવાખાનાં, સ્ટેમ્પ ડયૂટી વગેરે જેવી બાબતો સમાવિષ્ટ છે.

(ખ) કારોબારી કાર્યો :

કેન્દ્ર અને રાજ્યોના સ્વતંત્ર કારોબારી કર્મચારીઓ હોય છે. સામાન્ય રીતે કેન્દ્ર દ્વારા રાજ્યના કારોબારી/વહીવટી કાર્યોમાં દખલ કરવામાં આવતી નથી. જો કે વિશિષ્ટ સંજોગોમાં રાષ્ટ્રપતિશાસન સમયે કેન્દ્રને આ બાબતે સત્તા મળેલી છે. રાજ્યો તેનાં કારોબારી, વહીવટી કાર્યો કરતી વખતે કેન્દ્રના નિર્ણયો અને કાયદાઓની ઉપરવટ જઈ શકતું નથી. જો તેમ કરવામાં આવે તો તે રાજ્યમાં રાષ્ટ્રપતિશાસન લાગુ પાડવામાં આવે છે.

- નાણાકીય કાર્યો :

બંધારણની કલમ 282 રાજ્યોને પ્રજાહિતમાં નાણાકીય સાધનો ખર્ચ કરવાની સ્વતંત્રતા આપે છે. રાજ્યો કેન્દ્ર સરકારની મંજૂરીથી અમર્યાદિત રીતે નાણાં ઉછીનાં પણ લઈ શકે છે. જો કે તે માટે કેન્દ્ર સરકારનાં કેટલાંક ધારાધોરણોનું પાલન કરવું પડે છે. રાષ્ટ્રપતિ દ્વારા નાણાપંચની રચના પણ કરવામાં આવે છે. જેના વિષે આ જ એકમમાં આગળ વિસ્તારથી સમજાવવામાં આવેલું છે. જો દેશમાં કોઈપણ ભાગમાં નાણાંકીય સ્થિરતા જોખમાતી લાગે તો રાષ્ટ્રપતિ સંસદની મંજૂરીથી નાણાકીય કટોકટી જાહેર કરી

શકે.

5. કલમ-354 : જો કટોકટી લદાયેલી હોય તો આવકની વહેંચણી અંગે જો જોગવાઈ બંધારણમાં કલમ 268 થી 279 સુધીમાં કરવામાં આવી છે તે લાગુ ન પડે.

6. કલમ-356: રાજ્યોમાં રાષ્ટ્રપતિશાસન જાહેર કરીને કેન્દ્ર સરકાર રાજ્યોની તમામ સત્તાઓ પોતાના હસ્તક કરી શકે છે.

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો વચ્ચેના નાણાકીય સંબંધો તનાવભર્યા રહ્યા છે. કારણ કે કેન્દ્ર સરકાર પાસે એવા વેરા છે કે જે મૂલ્યસાપેક્ષ છે. એટલે કે તે વેરાનાં દરમાં સહેજ વધારો કરવામાં આવે તો પણ આવકમાં મોટો વધારો થાય છે. જ્યારે રાજ્ય સરકાર પાસે વેટ સિવાયના બાકીના બધા જ વેરાઓ મૂલ્ય અનપેક્ષ છે કે જેમાં બધામાં મોટો કરદરમાં વધારો કરતાં પણ આવકમાં વધુ મોટો વધારો થતો નથી. તેથી કેન્દ્ર પાસે વધુ આવક અને રાજ્ય પાસે ઓછી આવક જમા થાય છે. જો કે જી.એસ. ટી. ને કારણે પરિસ્થિતિમાં ફેરફાર થયો છે. આ ઉપરાંત કેન્દ્રની સહાય રાજ્યો માટે ખૂબ જ મહત્ત્વની હોય છે. જેમ કે ગુજરાત સરકારના 2017-18ના બજેટમાં કેન્દ્રની સહાય કુલ બજેટના લગભગ ૨૨ ટકા જેટલી હતી.

આમ રાજ્યો પાસે આવક ઓછી અને કામો વધારે એવી જે સમસ્યા ઊભી થઈ તેનો ઉકેલ બંધારણમાં જ નાણાં પંચની રચનાની જોગવાઈ કરીને લાવવામાં આવ્યો.

5. નાણાંપંચ નીચે મુજબની રાષ્ટ્રપતિને ભલામણ કરશે.

A. વહેંચણીપાત્ર ભંડોળ નક્કી કરવું.

B. રાજ્યો માટેની કુલ રકમમાંથી રાજ્યો વચ્ચે વહેંચણી કરવી અને તે અંગેનાં ધોરણો નક્કી કરવાં.

C. ભારતની એકત્રિત નિધિમાંથી સહાયક અનુદાન તરીકે રાજયોનેઆપવાની રકમ અંગેના સિદ્ધાંતો નક્કી કરવા.

D. રાજ્ય નાણાંપંચની ભલામણોને આધારે રાજ્યોમાં પંચાયતો અને પાલિકાઓનાં સંસાધનોને પૂરક બને તે રીતે રાજ્યોની એકત્રિત નિધિ વધારવા માટે પગલાં સૂચવવા.

E. નાણાંપંચ રાષ્ટ્રપતિને પોતાના અહેવાલ આપે છે. ત્યારબાદ રાષ્ટ્રપતિ કેન્દ્રના બન્ને ગૃહમાં રજૂ કરાવે છે.

દસમાં નાણાંપંચ સુધી કેન્દ્રસરકારની માત્ર આવકવેરા અને આબકારી જકાતની ચોખ્ખી આવકની વહેંચણી રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કરતાં હતા. જ્યારે અગિયારમાં નાણાંપંચથી કેન્દ્ર સરકારની લગભગ બધા વેરાની આવક વહેંચવાનું વલણ અપનાવવામાં આવ્યું. 14માં નાણાં પંચ સુધી આવક વેરો, સંપત્તિ વેરો, કંપની વેરો, સેવા વેરો, આકારી જકાત અને કસ્ટમ જકાત એમ છ વેરાની ચોખ્ખી આવકમાંથી રાજ્યને હિસ્સો આપવામાં આવતો હતો. પરંતુ 2015-16માં સંપત્તિ વેરો નાબૂદ થતા બાકી રહેલા પાંચ વેરાની આવકમાંથી હિસ્સો આપવામાં આવે છે.

### 4.5.3 14માં નાણાંપંચનો અહેવાલ :

14 માં નાણાપંચના અધ્યક્ષ રિઝર્વ બેંકનાં ભૂતપૂર્વ ગવરર્નર વાય.વી.રેડ્ડી હતા. 14માં નાણાંપંચની ભલામણોનો ગાળો વર્ષ 2015 થી 2020નો પાત્ર ભંડોળ નક્કી કરવાં નીચે મુજબના ધોરણો ધ્યાનમાં લીધા હતા.

1. 1971ની વસ્તી ગણતરી વસ્તીને 17.5% અને 2011ની વસ્તીને 10% ભાર આપવામા આવ્યો હતો.

2. રાજ્યોના ભૌગોલિક વિસ્તારને 15% ભાર જયારે નાના રાજ્યો માટે લઘુતમ બે ટકા ભાર આપવામાં આવ્યો.
3. જંગલ-વિસ્તાર માટે 7.5% ભાર.
4. રાજકોષીય ક્ષમતા માટે 50% ભાર આપવામાં આવ્યો હતો.

આ, વહેંચણી પાત્ર ભંડોળમાં સૌથી વધારે ઉત્તરપ્રદેશ 17.959, બિહાર 9.665 ટકા, પશ્ચિમ બંગાળ 7.324, રાજસ્થાન 5.495% ભંડોળ ની વહેંચણી થતી. જયારે ગુજરાતને 3.084% કુલ ભંડોળમાંથી આવક મળતી હતી.

4.5.4 સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ :

1. કેન્દ્ર સરકારનું જે અનુદાન નાણાંપંચની ભલામણ અનુસાર મળે તે પાયાની સેવાઓ માટે ખર્ચ કરવો.
2. રાજ્યોને વસ્તીને 90% અને વિસ્તારને 10% ભાર આપીને પંચાયતો અને પાલિકાઓ માટે નાણાં આપવાં માથાદીઠ રૂા. 488ની ગણતરીએ અનુદાન આપવું.
3. પંચાયતોને મૂળભૂત અનુદાન 90%ને આધારે અને તેમની કામગીરીને આધારે 10% અનુદાન આપવું.
4. પાલિકાઓને 80% મૂળભૂત અનુદાન અને 20% તેની કામગીરીને આધારે અનુદાન આપવું.
5. પંચાયતો માટે બધું અનુદાન ગ્રામ-પંચાયતોને 2011ની વસ્તીને ધોરણે આપવું. બાકી રહેથી પંચાયતોની વ્યવસ્થા રાજ્ય સરકારો કરે.

આ ઉપરાંત આપત્તિ સંચાલન માટે રાજ્યો 10% અને કેન્દ્ર સરકાર 90%નાણાં આપે. પાંચવર્ષના ગાળા માટે 11 રાજ્યોને મહેસૂલી ખાધ પૂરવા રુ. 1,94,821 કરોડ આપવા.

કેન્દ્રના કેટલાક કરવેરા જોતા કે આવકવેરો, વારસાવેરો અને કેન્દ્રીય આબકારી જકાત વગેરેની વહેંચણી આવકમાંથી હિસ્સો નક્કી કરીને રાજ્યોને વહેંચવામાં આવે છે. આ વહેંચણી કયાં માપદંડને આધારે કરવી તે નાણાપંચ દ્વારા નક્કી કરવામાં આવે છે. અત્યાર સુધી દરેક નાણાપંચ વસ્તીની માથાદીઠ આવક, આંતરમાળખું, ભૌગોલિક વિસ્તાર કર વસૂલાત પ્રયાસ અને રાજકોષીય શિસ્ત વગેરેને માપદંડો અલગ અલગ પ્રમાણમાં મહત્ત્વ આપવામાં આવ્યું છે.

સમગ્ર નાણાંપંચના આધારે સૌથી વધારે નાણાં સંદર્ભે ઉત્તરપ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ,મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ અને ઓરિસ્સાનો સમાવેશ થાય છે.

ટેબલ 4.5ના આધારે નાણાપંચનો અહેવાલ જોતાં નીચે પ્રમાણેના મુદ્દા ફલિત થાય છે.

* ગુજરાતને મળતી આવક સરેરાશ ત્રણ ટકા જેટલી છે. દશમાં નાણાંપંચ બાદ વસ્તીપ્રમાણ મહત્ત્વ ઘટાડીને આંતર માળખાકીય સુવિધાને વધારે મહત્ત્વ આપવામાં આવ્યું. આ ઉપરાંત રાજકીય શિસ્ત દાખવે તો તેને વધારે કેન્દ્રિય હિસ્સો મળે છે.
* ગુજરાત અને મહારાષ્ટ્ર વસ્તીની ટકાવારી પ્રમાણ 4.91 અને 9.28 ટકા છે. જયારે તેને આવકમાંથી મળતો હિસ્સો 2.82% અને 4.63 ટકા છે. જયારે બિહારમાં વસ્તી ટકાવારી પ્રમાણ 10.37 ટકા છે. તેની મળતી આવક 11માં નાણાપંચ અનુસાર માળખાને વધારે મહત્ત્વ આપવામાં આવ્યું છે.

* 14માં નાણાંપંચમાં વસ્તી 1971અને 2011 સંયુક્ત રીતે ધ્યાનમાં લેવામાં આવી હતી. આથી દક્ષિણ ભારતનાં જે રાજ્યોમાં વસ્તી વધારાનો દર ઘટયો છે તેની આવકમાં પણ ઘટાડો થયેલો જોવા મળે છે.

ટેબલ-4.5 10મા, 11મા, 12માં 13માં, 14માં વહેંચણીપાત્ર ભંડોળનું પ્રમાણ

| ક્રમ | રાજ્ય | 10માં નાણાંપંચ | 11માં નાણાપંચ | 12માં નાણાપંચ | 13માં નાણાપંચ | 14માં નાણાપંચ |
|---|---|---|---|---|---|---|
| 1. | આંધ્રપ્રદેશ | 8.375 | 7.701 | 7.356 | 6.937 | 4.305 |
| 2. | અરુણાચલ પ્રદેશ | 0.062 | 0.244 | 0.288 | 0.328 | 1.370 |
| 3. | આસામ | 3.003 | 3.285 | 3.235 | 3.628 | 3.311 |
| 4. | બિહાર | 14.773 | 14.597 | 11.028 | 10.917 | 9.665 |
| 5. | છત્તીસગઢ | - | - | 2.654 | 2.470 | 3.080 |
| 6. | ગોવા | 00 | 0.602 | 0.259 | 0.266 | 0.378 |
| 7. | ગુજરાત | 3.632 | 2.821 | 3.569 | 3.014 | 3.084 |
| 8. | હરિયાણા | 1.028 | 0.944 | 1.075 | 1.048 | 1.084 |
| 9. | હિમાચલ પ્રદેશ | 0.638 | 0.683 | 0.522 | 0.781 | 0.713 |
| 10. | જમ્મુ અને કાશ્મીર | 0.871 | 1.930 | 1.297 | 1.5581 | 1.854 |
| 11. | ઝારખંડ | - | - | 3.361 | 2.802 | 3.139 |
| 12. | કર્ણાટક | 5.128 | 4.930 | 4.459 | 4.328 | 4.713 |
| 13. | કેરળ | 4.029 | 3.057 | 2.665 | 2.341 | 2.500 |
| 14. | મધ્યપ્રદેશ | 8.339 | 8.838 | 6.711 | 7.120 | 7.548 |
| 15. | મહારાષ્ટ્ર | 4.953 | 4.632 | 4.997 | 5.199 | 5.521 |
| 16. | મણિપુર | 0.207 | 0.366 | 0.362 | 0.451 | 0.617 |
| 17. | મેઘાલય | 0.201 | 0.342 | 0.371 | 0.408 | 0.642 |
| 18. | મિઝોરમ | 0.053 | 0.198 | 0.239 | 0.269 | 0.460 |
| 19. | નાગાલેન્ડ | 0.087 | 0.220 | 0.263 | 0.314 | 0.498 |
| 20. | ઓરિસ્સા | 4.776 | 5.056 | 5.161 | 4.779 | 4.642 |
| 21. | પંજાબ | 0.246 | 1.147 | 1.299 | 1.389 | 1.577 |
| 22. | રાજસ્થાન | 5.421 | 5.472 | 5.609 | 5.853 | 5.495 |
| 23. | સિક્કિમ | 0.026 | 0.184 | 0.227 | 0.239 | 0.367 |
| 24. | તમિલનાડુ | 6.637 | 5.385 | 5.305 | 4.969 | 4.023 |
| 25. | ત્રીપુરા | 0.322 | 0.487 | 0.428 | 0.511 | 0.642 |
| 26. | ઉત્તરપ્રદેશ | 19.586 | 19.798 | 19.264 | 19.677 | 17.959 |
| 27. | ઉત્તરાંચલ | - | - | 0.939 | 1.120 | 1.052 |
| 28. | પશ્ચિમ બંગાળ | 7.887 | 8.116 | 7.057 | 7.264 | 7.324 |
| 29. | તેલંગણા | - | - | - | - | 2.437 |
| | બધા રાજ્યો | 100.000 | 100.000 | 100.000 | 100.000 | 100.00 |

સ્ત્રોત :10 થી 14 નાણાપંચના અહેવાલો.

આમ, નાંણાપંચ દ્વારા વિવિધ માપદંડોના આધારે વહેંચણીપાત્ર ભંડોળની રકમ વહેંચે છે. પરંતુ કેન્દ્રના કુલ વહેંચણી પાત્ર સાધનોમાંથી 1/3 ભાગ જ નાણાંપંચ દ્વારા વહેંચણી કરવામાં આવે છે. જયારે 2/3 ભાગ આયોજનપંચ કે જે વર્તમાનમાં નીતિ આયોગ અને કેન્દ્રિય લોન સ્વરૂપે ફાળવવામાં આવે છે તે રાજ્યોની મનસ્વી રીતે ગ્રાન્ટ અને લોન ફાળવે છે. જેથી નાણાપંચનું મહત્ત્વ ઘટતું જોવા મળે છે.

- GST :ભારત એક સમવાયતંત્ર દેશ હોવાથી કાર્યો અને નાણાકીય વિભાજન રાજ્ય અને કેન્દ્ર સરકાર વચ્ચે બંધારણની જોગવાઈ પ્રમાણે વહેંચાય છે. તે અનુસાર રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર વેરા ઉઘરાવે છે. અમલીકરણ દ્વારા 1 જુલાઈ 2017 થી GSTનો અમલ કરવામાં આવ્યો છે. વળી પહેલા આ વેરાઓ ઉત્પાદનનાં સિદ્ધાંત અનુસાર એટલે કે જે રાજ્ય વસ્તુંનું ઉત્પાદન કરે તેને વેરાની આવક મળતી. જ્યારે GST એ ઉપભોગના સિદ્ધાંત અનુસાર એટલે કે જે રાજ્યમાં વપરાશ થાય તેને વેરાની આવક મળે છે. આ કરવેરામાં પરિવર્તનનાં કારણે રાજ્ય અને કેન્દ્ર સરકારના નાણાકીય સંબંધો પણ બદલાતાં જોવા મળે છે.

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારે GST અંતર્ગત ત્રણ ભાગોમાં વિભાજન કરવામાં આવેલ છે.

1. એસ.જી.એસ.ટી. (રાજ્ય સરકાર હેઠળ આવશે)

SGST હાલના તબક્કે વેટ, મનોરંજન વેરો, લકઝરી ટેક્ષ, લોટરી વગેરે પરના વેરા, રાજ્યને લગતા વેરા અને સરચાર્જ અને ---આ કાયદામાં મર્જ કરી રાજ્ય ગુડઝ એન્ડ સર્વિસ ટેક્ષ (SGST) નામ આપવામાં આવ્યું છે.

2. સી.જી.એસ.ટી (કેન્દ્ર સરકાર હેઠળ આવશે)

SGST માં કેન્દ્ર સરકારને મળવાપાત્ર વેરા જેવા કે એકસાઇઝ ડયૂટી, વધારાની એકસાઇઝ ડયુટી તથા અન્ય કાયદા હેઠળ લાગતી સ્પેશિયલ એકસાઇઝ ડયૂટી સર્વિસ ટેન્સી વધારામાં કસ્ટમઅને સરચાર્જનો સમાવેશ કરેલ છે.

(3) આઇ. જી. એસ.ટી. (ઈન્ટરમીડિયેટ જી.એસ.ટી)

SGST માં માલ અને સેવાઓના આંતર રાજ્ય વ્યવહારો પર લાગુ પડશે એટલે કે રાજ્ય બહાર સપ્લાય કે સેવાઓ કરવામાં આવશે તેના પર વેરો લેવામાં આવશે. આ વેરો કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવશે.

SGSTના અમલીકારણના સરકારે આવક ખાધમાટે રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશોને વળતર આપવાનું છે. જીએસટી વધારો 2012 મુજબ રાજ્યને કર આવક ગુમાવે તો પાંચ વર્ષના સંક્રમણ સમયગાળા દરમ્યાન વળતર ચૂકવવા પાત્ર રહેશે. અને રાજ્યના ચૂકવાપાત્ર વળતરની જોગવાઈ તાત્કાલિક ગણતરી કરી દર બે મહિનાના અંતે રિલીઝ કરવામાં આવશે. રાજ્યોને ચૂકવવાપાત્ર રકમની ગણતરી માટે નાણાકીય વર્ષ 2015-16 લેવામાં આવ્યું છે. પરિવર્તન સમયગાળા દરમ્યાન રાજ્ય માટે આવકનો અંદાજિત વૃદ્ધિદર વાર્ષિક 14 ટકા હશે.

ગુજરાત રાજ્યની કુલ GST અંતર્ગતની આવક વર્ષ 2018-19માં 73,440 કરોડ હતી. જે વર્ષ 2019-20માં વધીને 79.923 કરોડ થયેલી છે. એટલે તેમાં 7% વૃદ્ધિદર થયેલ જોવા મળે છે. પરંતુ વર્તમાન સમયમાં કોવિડ-૧૯ કોરોનાની મહામારીના કારણે બિલની GSTની આવકમાં મોટો ઘટાડો થવાની સંભાવના છે.

આમ, GSTના કારણે રાજ્યને GST પરિષદમાં સ્થાન મળેલું હોવાથી અને એક પારદર્શક માળખાના કારણે રાજ્યની આર્થિક સધ્ધરતામાં વધારો થવાની સંભાવના છે.

## 4.6 સારાંશ :

4.7 કલ્યાણલક્ષીસરકાર પ્રજાકીય સેવાઓ તેમજ નાગરિક સુવિધાઓ પૂરી પાડે છે. ભારતની ભૌગોલિક વિશાળતા બહુ મોટી છે તેમજ જનસંખ્યા પણ ઘણી છે. તે બાબતોને ધ્યાનમાં રાખીને સમવાયી રાજયવ્યવસ્થા અપનાવવામાં આવી છે. સમવાય પ્રકારનાં વ્યવસ્થાતંત્રમાં કેન્દ્ર અને રાજ્યોને કરવાનાં થતાં કાર્યો તથા નાણાકીય આવકનાં સાધનોની સ્પષ્ટ યાદી કરવામાં આવેલી છે.

ગુજરાત રાજ્યની સ્થાપના 1960માં થઇ. રાજ્યની સ્થાપના દ્વિભાર્થી મુંબઈના ભાષાવાર વિભાજનથી કરવામાં આવેલ છે. આમ, થવાથી સ્વતંત્ર રાજ્ય તરીકે ગુજરાતને મળનાર આર્થિક તેમજ રાજકીય લાભો વધવાની સંભાવનાઓ હતી. આ પ્રકારનાં રાજ્યનાં વિભાજનથી વહીવટી સરળતા પણ આવી.

ગુજરાતના કુલ 33 જિલ્લાઓ છે. રાજ્ય સરકાર તેના જુદા જુદા વિભાગો દ્વારા જિલ્લાઓનો વહીવટ કરે છે. વહીવટી કાર્યો માટે થતા ખર્ચ અને આવકની બાબતો રાજ્યના આયોજન વિભાગ દ્વારા થાય છે. રાજ્યની અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર વિભાગની કચેરી સામાજિક આર્થિક સંશોધન કરીને ખર્ચનો અંદાજ મૂકે છે.

પ્રજાહિતનાં કાર્યો માટે રાજ્યોને તેમની કરવેરા વગેરેની આવક ઉપરાંત જરૂર પડે તો કેન્દ્રની સરકારની નાણાંપંચ તથા આયોજન પંચ દ્વારા પણ રાજ્યોને નાણાકીય સહાય તેમજ અનુદાનની ફાળવણી કરવામાં આવે છે.

## 4.7 ચાવીરૂપ શબ્દોઃ

1. પોલીસ રાજ્ય : કેમ્બ્રિજ ડીક્ષનરી પ્રમાણે પોલીસ રાજ્ય એટલે એવો દેશ કે જયાંના લોકોને હરવા ફરવાની તેમનો મત વ્યક્ત કરવાની વગેરે જેવી સ્વતંત્રતા સરકાર પર પોલીસની મદદથી સખત નિયંત્રણ મૂકે છે.

2. માળખાકીય સુવિધાઓ : આ એવા પ્રકારની સુવિધઓ છે જેના આધારે આર્થિક વિકાસ થાય છે. સંદેશા વ્યવહાર, વાહન વ્યવહાર, વીજળી, પાણી, સફાઇ, કાયદો અને વ્યવસ્થા, શિક્ષણ અને સ્વાસ્થ્ય સુવિધાઓ માળખાંકીય સુવિધાઓ છે. આવી સુવિધાઓથી વિકાસની ઈમારતનું માળખું તૈયાર થાય છે. તેના અભાવે વિકાસ થઇ શકતો નથી.

3. અનુદાન : એક સંસ્થા તરફથી બીજી નફા સિવાયના હેતુથી કામ કરતી સંસ્થાને સરકાર તરફથી રાજ્યોને તેમની નાણાંકીય જરૂરિયાત પૂરી કરવા માટે જે નાણાકીય સહાય આપવામાં આવે છે. તેને અનુદાન કહે છે. અનુદાન લેનારે અનુદાનની રકમ પરત કરવાની રહેતી નથી.

4. રાજકોષીય ક્ષમતા : રાજકોષીય ક્ષમતા એટલે જે તે રાજ્યની તેના સાધનોમાંથી આવકનું સર્જન કરવાની ક્ષમતા. રાજ્ય દ્વારા જાહેર વસ્તુઓ અને સેવાઓ પૂરી પાડવામાં આવે છે. તે માટે જરૂરી નાણાકીય સાધનો ઊભાં કરવાની ક્ષમતા વહીવટી કુશળતાનો પણ વિષય છે.

5. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને અલગ અલગ નામથી ઓળખવામાં આવે છે. મુખ્યત્વે તેનો ઉદ્દેશ સ્થાનિક પ્રશ્નોનું સ્થાનિક લોકો દ્વારા નિરાકરણ લાવવાનો છે. ગુજરાતમાં જિલ્લા પંચાયત તાલુકા પંચાયત, ગ્રામ પંચાયત વગેરે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ છે. જો કે આવી સંસ્થાઓ પાસે આવકના સ્વતંત્ર સ્રોત નથી હોતાં.

## 4.8 તમારી પ્રગતિ ચકાસો :

(ક) નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ લખો.

1. ગુજરાત રાજ્યની સ્થાપના કેવા સંજોગોમાં થઇ ? અલગ રાજ્ય તરીકે સ્થાપિત થવાનાં કારણો અને પરિણામો જણાવો.
2. ગુજરાત રાજ્યનો રાજકીય અને વહીવટી પરિચય આપો.
3. સમવાય તંત્ર એટલે શું ? સમવાયી વ્યવસ્થામાં રાજ્યની આર્થિક ફરજો, કરવાનાં થતાં કાર્યો અને કેન્દ્ર – રાજ્ય નાણાકીય સંબંધો ગુજરાતના સંદર્ભમાં સમજાવો.

(ખ) નીચેના વિષયો પર ટૂંકનોંધ લખો

1. ગુજરાત રાજ્યની સ્થાપના
2. ગુજરાતના જિલ્લાઓ
3. ગુજરાતનાં વહીવટી માળખાનો પરિચય
4. સમવાયતંત્રમાં કેન્દ્ર તરફથી ગુજરાતને મળતી નાણાકીય સહાય અને રાજ્યની ફરજો

(ગ) હેતુલક્ષી પ્રશ્નો :

યોગ્ય વિકલ્પ પસંદ કરીને જવાબ આપો.

1. ગુજરાત રાજ્યની સ્થાપના કયારે થઇ
   (1947, 1951, 1960)
2. ગુજરાત રાજ્ય સ્વતંત્ર થયા પહેલાં કયાં રાજ્ય સાથે જોડાયેલું હતું ?
   (રાજસ્થાન, મધ્યપ્રદેશ, મુંબઇ)
3. વર્ષ 2020માં ગુજરાતના કેટલા જિલ્લાઓ છે ?
   (33, 35, 50)
4. ભારતમાં કયા પ્રકારની રાજયવ્યવસ્થા અપનાવવામાં આવી છે ?
   (એકતંત્રી, સમવાયતંત્રી, પ્રમુખી)
5. રાજ્ય સરકાર આર્થિક આયોજન કેટલા સમયગાળા માટે કરે છે?
   (ત્રણ વર્ષ, સાત વર્ષ, પંદર વર્ષ, આપેલ બધા જ)
6. ગુજરાતમાં પ્રથમ પંચવર્ષીય યોજના કયારે શરૂ થઇ?
   (1951, 1960, 1075)
7. ગુજરાતની બારમી પંચવર્ષીય યોજનામાં સૌથી વધુ નાણાકીય ફાળવણી કઇ બાબત માટે કરવામાં આવી છે?
   (સામાજિક સેવાઓ, સરહદની સુરક્ષા, પરિવહન)
8. નીચેનામાંથી કોના દ્વારા રાજ્યોને નાણાકીય ફાળવણી કરવામાં નથી આવતી?
   (નાણાંપંચ, આયોજનપંચ, ચૂંટણીપંચ)
9. GSTનો અમલ કયાં વર્ષ કરવામાં આવ્યો ?
   (2011, 2017, 2020)

## 4.9 ઉપયોગી સંદર્ભ વાચનઃ


1. પ્રો. હેમંત કુમાર શાહ ''ભારતીય અર્થતંત્ર'' વેદ વ્યાસ વિદ્યાપીઠ,ગાંધીનગર
2. 11 થી 14નાણાંપંચના અહેવાલો.
3. www.gst.gov.in
4. https://planning.gujarat.gov.in/vision.htm
5. https://planning.gujarat.gov.in/introduction.htm
6. https://gad.gujarat.gov.in/organization-structure.htm
7. https://planning.gujarat.gov.in/five_year_plan.htm
8. https://planning.gujarat.gov.in/
9. https://www.jatinverma.org/federal-system-in-india
10. https://shodhganga.inflibnet.ac.in/bitstream/10603/175229/9/09_chapter_03.pdf (Research by Begum Tabesum, Supervisor, Sengupta P., University of North Bengal, 2014)
11. https://en.wikipedia.org/wiki/Federalism_in_India
12. https:/shodhganga.inflibnet.ac.in


## 4.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબો.

1. 1960
2. મુંબઈ
3. 33
4. સમયવાયતંત્રી
5. આપેલ બધા જ
6. 1960
7. સામાજિક સેવાઓ
8. ચૂંટણીપંચ
9. 2017

BAOU
Education for all

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar, Opp. ShriBalaji Temple
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

978-93-91468-88-8